Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાપીઠ વાચનમાળા

ચોથી ચોપડી

નવજીવન કાર્યાલય
અમદાવાદ

66 ग
१६ (४)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀
पुस्तक-संख्या 66 ग/१६(४)
पंजिका-संख्या २१८७१/२५-६-२०
पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

. સારી અને
તે અનુસાર
ડીઓ પ્રસિદ્ધ
ામાં ચાલે છે.
ાથમિક ચાર
ા જુલાઈમાં

વા નીચેના
૧ કાલેલકર,

શ્રી. કિશોરલાલભાઈ માળાના મુખ્ય સંપાદક તરીકે કામ કરે એમ ઠરાવવામાં આવ્યું. પોતાના કામમાં મદદને માટે સમિતિએ શ્રી. જુગતરામ દવેને પોતાની સાથે લીધા. ઉપરાંત એક પરિપત્રથી ગુજરાતના લેખક તથા શિક્ષક મિત્રોને આ કામમાં બનતી મદદ કરવા નોતર્યા.

તે ઠરાવને અનુસરીને, 'ચાલણગાડી'ની સુધારેલી નવી આવૃત્તિ તથા પહેલી અને બીજી ચોપડી ગયે વર્ષે બહાર પડી ગઈ છે. ત્યાર પછીની ત્રીજી ચોપડી પ્રસિદ્ધ થઈ ગઈ છે. અને આ ચોથીનું કામ પૂરું કરી જનતા આગળ મૂકવામાં આવે છે.

કેળવણીમાં આજકાલ અનેક અવનવા વિચારો ચર્ચાઈ રહ્યા છે. તેમાંય પ્રાથમિક કેળવણીની તો વિશેષે કરીને ચર્ચાઓ ચાલે છે. તેમાં વર્ધા શિક્ષણ યોજનાએ આવીને વેગ આપ્યો છે; એટલું જ નહિ, આપણા દેશના સાર્વત્રિક શિક્ષણ-પ્રચારને માટે ઉપયોગી એવી કેટલીક મૌલિક વસ્તુઓ પણ સૂચવી છે. સંપાદક મંડળે આ ચોપડીઓ ઘડવામાં ઉપરના ખ્યાલોને ઘટતું ધ્યાન આપ્યું છે.

પ્રાથમિક વાચનમાળાનાં પુસ્તકોમાં ક્રમિકતા ઉપરાંત ચોપડીના પાઠોમાં દૃષ્ટિ, આદર્શ અને વિષયની એકસૂત્રતા અને સંવાદિતા સાચવવાની હોય

[અનુસંધાન પૂંઠાને ત્રીજે પાને]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ પુ૦ ૨૧

વિદ્યાપીઠ વાચનમાળા

ચોથી ચોપડી

स्टाक प्रमाणीकरण १९८४-१९८५
66 ग/१६८८१
२१८७१
२५-६-२००३
CHECKED 1973
Initial

નવજીવન કાર્યાલય
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોથી ચોપડીના પાઠો

૧. ઊઠો રે (ગીત)	૩	૨૪. બાનો પત્ર	૬૭
૨. ગાંધીજી કચ્છ કેમ પહેરે છે?	૪	૨૫. 'ગોળનું માટલું'	૭૦
૩. પૂર્ણની પરીક્ષા	૭	૨૬. સુપાત્ર	૭૫
૪. નવી શાળા	૯	૨૭. (૧) અવગુણ કેડે ગુણ (ગીત)	૭૯
૫. શાળા અમે અમે હો! (ગીત)	૧૨	(૨) મોગરો અને કોચ (ગીત)	૭૯
૬. હિંદના દાદા	૧૩	૨૮. આપણા હાથ	૮૦
૭. હિંદમૈયા (ગીત)	૧૭	૨૯. રેંટિયો અને તેનું ગ્રહમંડળ	૮૪
૮. નવા છાત્રો	૧૮	૩૦. ગ્રામદેવીનું નાટક (નાટક)	૮૯
૯. કોનો વિજય?	૨૨	૩૧. ઘાસલેટનો ખડિયો (ગીત)	૯૬
૧૦. હઇયા	૨૫	૩૨. સોયનો ગરબો (ગીત)	૯૭
૧૧. બે પંખી (ગીત)	૨૯	૩૩. ખોરાક કેવી રીતે પચે છે?	૯૯
૧૨. મોતીના દાણા	૩૨	૩૪. અભરામ પટેલની ખેતી	૧૦૩
૧૩. ઝાડુ–અષ્ટક (ગીત)	૩૫	૩૫. કૃષિનું ગાન (ગીત)	૧૦૬
૧૪. આપણો મહાન હિંદુસ્તાન	૩૭	૩૬. અબ્બાસ સાહેબ	૧૦૮
૧૫. લાલા લજપતરાય	૪૦	૩૭. હૈયાની હોડલી (ગીત)	૧૧૨
૧૬. સુમિત્ર અને કુમિત્ર (ગીત)	૪૫	૩૮. ગુલિસ્તાનનાં ગુલ	૧૧૩
૧૭. સ્નેહસંમેલન	૪૬	૩૯. તારા (ગીત)	૧૧૭
૧૮. દયા	૪૯	૪૦. કુદરતનો કારીગર	૧૧૯
૧૯. ડબો ઘર — ડબો આશ્રમ	૫૪	૪૧. દષ્ટાંતો	૧૨૩
૨૦. સનાતન ઘડિયાળ (ગીત)	૫૭	૪૨. ના હઠવું (ગીત)	૧૨૯
૨૧. કોયલા બાબાની કહાણી	૫૯	૪૩. હું કેવી રીતે ભણ્યો?	૧૩૦
૨૨. અણપઢની પ્રાર્થના	૬૩	૪૪. મુલકનો ઘાટ (ગીત)	૧૩૫
૨૩. હું તારો (ગીત)	૬૬		

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧ લો

ઊઠો રે

ऊठो रे बाळक राजा रामनां, माता भारत उठाडे;
पंखा वींझी नवा प्राणना, ऊंडी ऊंघो उडाडे. ऊठो०
जागे तेना जश लोकमां, ऊंघे तेने अंधारां;
जागेली दुनिया तो जीतती, हारे सूतां बिचारां. ऊठो०
फरता लोको रे चरी जशे, बेठा भूखे रे मरशे;
दरिये दटाशे रे पांगळा, तारा तोफान तरशे. ऊठो०
तमे रे दटाया, भूखे मर्या, अंगे अंगे बंधाया;
परने पनारे पडया तमे, जोई बंधन राच्या. ऊठो०
वडवा तमारानी वात शी? कीर्ति एनी गवाणी;
लखनी लाव्या नव खंडनी, गंगा स्वर्गेथी आणी. ऊठो०
वडवा कमाया, तमे खोयुं, वाव्युं एनुं उखेडयुं;
वडवे बांध्युं, तमे भांगियुं, तेडुं मोतनुं तेडयुं. ऊठो०
फट रे भूंडुं तारुं जीववुं, फट सोनाना सळिया;
भड रे बनी ऊठो गाजता, कूदो डुंगर दरिया. ऊठो०
ऊठो रे, ऊठी आखी भोमका, ऊठया अंध अपंगा;
ऊछ्ळाए डुंगर ठेकिया, त्राडे तड्ढकंता मूंगा. ऊठो०
मटो रे हवे तमे बापडा, बेटा बहादुर बनजो;
घोडे चडी घूमो गगनमां, रणनी वाटे थनगनजो. ऊठो०

સુંદરમ્

રાજા રામનાં બાળકો = ઈશ્વરનાં સન્તાનો; મનુષ્યો; હિંદનાં તનુજો.
તારા = તારાઓ, તરવૈયાઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરતા લોકો=ચાલતા—અર્થાત્ કામગરા લોકો.

ગંગા સ્વર્ગથી આણી—ભગીરથ રાજાની કથા રામાયણ બાલકાંડમાંથી વિદ્યાર્થીઓને કહો.

ભોમકા=ભૂમિ, પૃથ્વી. ત્રાડે તડૂકંતા=ગર્જવા લાગ્યા.

ભારતની પ્રાચીન કીર્તિનો ખ્યાલ આપનાર અને તેને જગાડનાર નીચેનાં રાષ્ટ્રગીતો આપણા કવિઓ ગાઈ ગયા છે, તે વિદ્યાર્થીઓને સંભળાવો :

૧. ભારતભાગ્યવિધાતા : રવીન્દ્રનાથ ઠાકુર (મહાસભાનાં ગીતો)

૨. પ્રાણથી પ્યારો દેશ : દ્વિજેન્દ્રલાલ રાય (મધપૂડો)

પાઠ ૨ જો

ગાંધીજી કચ્છ કેમ પહેરે છે?

દેશમાં ફરતા ફરતા એક વાર ગાંધીજી ઉત્કલ પ્રાંતમાં ગયા હતા.

ઉત્કલની ગરીબાઈની શી વાત કરવી! દુનિયામાં ગરીબ દેશ આપણો હિંદુસ્તાન અને હિંદુસ્તાનમાં ગરીબમાં ગરીબ ઉત્કલ. ઉત્કલમાં માણસ વસતાં નથી, પણ જાણે જીવતાં હાડપિંજર વસે છે. દુકાળ એમનો કેડો જ છોડતો નથી. લોકોને બે ટંક ખાવાનું મળતું નથી, તો પછી પહેરવાને લૂગડાં તો ક્યાંથી જ હોય?

ઉત્કલની આવી વાતો ગાંધીજીએ સાંભળી હતી, પણ નજરે હવે જોયું.

ગાંધીજીએ આ દરિદ્ર પ્રાંતનાં ગામડાં જોયાં. ગામો ભાંગેલાં હતાં. માંહે ઝૂંપડીઓ તૂટીફૂટી હતી. ઝૂંપડીમાં માણસો ભૂખ્યાં તરસ્યાં અને નિસ્તેજ હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાઈઓના ડિલ ઉપર ફાટયાં તૂટયાં લૂગડાં હતાં, અને તેયે પૂરી કાયા ઢંકાય તેટલાં ન હતાં.

ગાંધીજીને આવાં દૃશ્યો જોઈ બહુ જ દુઃખ થયું. અરે રામ! મારા દેશની આટલી બધી ગરીબાઈ? એ દૂર કરવા હું કંઈ કરી ન શકું?

એમને થયું કે, દરિદ્ર-નારાયણનાં આજે સાચાં દર્શન થયાં.

ગાંધીજીના હૃદયમાં બીજા બધાય પ્રાંતોમાં ઉત્કલ પ્રાંત માટે ખાસ કુમળી લાગણી વાસ કરે છે.

ગાંધીજી બિહાર ગયેલા ત્યાં આ આળો ઘા તાજો થયો. ત્યાં તેઓ ચંપારણના ગરીબડા લોકોને ગબ્બર પરદેશી નીલ-વરોની ગુલામીમાંથી છોડાવવા ગયા હતા. લડત જીત્યા પછી ગાંધીજી ચંપારણનાં ગામડાંમાં રહેતા અને સેવા કરતા.

એક ગામમાં ગયા ત્યાં તેમણે કેટલીક બહેનોને બહુ મેલી જોઈ. ગાંધીજીએ કસ્તૂરબાને સૂચના કરી: 'આ બહેનો રોજ નહાય અને ધોયેલાં કપડાં પહેરે એમ તેમને શીખવજો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કસ્તૂરબાએ બહેનો પાસે જઈ તેમને શિખામણ આપી: 'બહેનો, તમારે લૂગડાં ધોવાં જોઈએ. આવું આળસ ન રાખવું જોઈએ.'

મેલાં લૂગડાંવાળી બહેનો તેમની સામે જોઈ રહી. પછી તેમાંની એક બહેને કહ્યું, 'માઈ, જરા મારી છાપરીમાં આવો અને જુઓ.'

ઝૂંપડીમાં લઈ જઈ તેણે કસ્તૂરબાને કહ્યું, 'માઈ, મારી છાપરીમાં જોઈ લો. અહીં લૂગડાંનાં પેટી કે કબાટ ભર્યાં છે શું? મારી પાસે તો આ એક જ લૂગડું છે. હવે બોલો માજી, શું પલાળું અને શું બદલું? માટે મહાત્માજીને કહી મને બીજું એકાદું લૂગડું અપાવો, એટલે હું રોજ ધોયેલું પહેરી ચોખ્ખી રહીશ.'

ગાંધીજીએ દેશની દરિદ્રતા જોયેલી હતી, પણ આ વાત સાંભળી ત્યારે તેમને તેની ખરેખરી કલ્પના આવી.

આ દરિદ્રતા કેમ દૂર થાય? પેલી બાઈની માગણી પ્રમાણે તેને બીજું લૂગડું આપવાથી શું વળે? તેવી તો દેશમાં અસંખ્ય બહેનો છે.

સ્વરાજ્ય મેળવવું એ જ એક એનો ઉપાય છે. ગાંધીજી જ્યારે સ્વરાજ્ય-જંગમાં ઝઝૂમે છે, ત્યારે તેમના હૃદયમાં આ દરિદ્ર ઝંપડીવાસી બહેનોની યાદ હોય છે.

તેવી સ્વરાજ્યની લડત ગાંધીજીએ ઉપાડી હતી. તે રંગમાં ચડી હતી. એક દિવસ લડતમાં એક મોટો બનાવ બન્યો. સરકારે તેમના મહાન સાથી મૌલાના મહંમદ અલીને તેમની પાસેથી ઝડપી લીધા.

એ કઠણ પ્રસંગે ગાંધીજીને પેલી દરિદ્ર મેલી બહેનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરી યાદ આવી. તેમણે તે જ ઘડીએ પ્રતિજ્ઞા લીધી, 'સ્વરાજ્યનો સૂરજ ઊગે ને સારી ભારત માતાનો દેહ ઢંકાય ત્યાં સુધી હું ત્રણ ત્રણ કપડાં નહિ પહેરું. લાજ ઢાંકવા પૂરતો કચ્છ મારે બસ છે.'

ઉત્કલ પ્રાંત = ઊડિયા અથવા ઓરિસા પ્રાંત.

નીલવરો = નીલ એટલે ગળી, તેની ખેતી કરનાર જમીનદારો.

ચંપારણના પ્રસંગ માટે ગાંધીજીની આત્મકથામાં ખંડ ૫, પ્ર. ૧૮ જુઓ.

પાઠ ૩ જો

પૂર્ણની પરીક્ષા

પૂર્ણ નામે ભગવાન બુદ્ધનો એક શિષ્ય હતો. ભગવાન પાસેથી ધર્મ શીખ્યા પછી તેણે આજ્ઞા માગી:

'ભગવન્, હવે આજ્ઞા આપો તો હું દેશમાં વિચરું.'

બુદ્ધે તેને પૂછ્યું: 'પૂર્ણ, હવે તું કયા દેશમાં જઈશ?'

પૂર્ણ — ભગવન્, હું હવે સુનાપરન્ત નામના પ્રદેશમાં જવા ધારું છું.

બુદ્ધ — પૂર્ણ, તે પ્રાંતના લોકો ઘણા કઠોર અને ક્રૂર છે. તેઓ તને ગાળો દેશે અને તારી નિંદા કરશે, ત્યારે તને કેવું લાગશે?

પૂર્ણ — તે વખતે, હે ભગવન્ હું માનીશ કે, આ લોકોએ મારા ઉપર હાથથી પ્રહાર કર્યો નહિ, માટે તેઓ બહુ સારા છે.

બુદ્ધ — અને જો તેઓ તારા ઉપર હાથ વડે પ્રહાર કરશે તો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્ણ—તો હું સમજીશ કે, તેઓએ મને પથ્થરથી માર્યો નહિ, તેથી તે લોકો સારા છે.

બુદ્ધ—અને પથ્થરથી મારશે તો?

પૂર્ણ—મારી ઉપર તેઓએ દંડા ચલાવ્યા નહિ, માટે તે લોકો બહુ સારા છે, એમ હું સમજીશ.

બુદ્ધ—અને દંડા ચલાવશે તો?

પૂર્ણ—શસ્ત્રોથી મને ઘાયલ કર્યો નહિ એ તેમનું ભલપણ છે, એમ હું સમજીશ.

બુદ્ધ—અને શસ્ત્રોથી ઘાયલ કરશે તો?

પૂર્ણ—તો મને ઠાર કર્યો નહિ એ તેમની ભલાઈ છે, એમ સમજીશ.

બુદ્ધ—અને ઠાર કરશે તો?

પૂર્ણ—ભગવન્, ઘણા સાધુઓ શરીરથી કંટાળી આપઘાત કરે છે. મને શરીરનો કંટાળો આવે અને આપઘાત કરવાનો વિચાર આવે તે પહેલાં જ એ લોકો મને શરીરથી મુક્ત કરી દેશે, તો હું તેમનો બહુ જ ઉપકાર માનીશ.

ભગવાન બુદ્ધ પૂર્ણના વિચારોથી પ્રસન્ન થઈ બોલ્યા: 'શાબાશ! પૂર્ણ, શાબાશ! તું કોઈ પણ દેશમાં જઈ ઉપદેશ કરવાને પૂરો લાયક છે.'

વિચરવું =(ધર્મપ્રચાર માટે) ફરવું.

૧. અહિંસા અને ક્ષમાવૃત્તિનું સ્થાન ભગવાન બુદ્ધના ધર્મમાં કેટલું મોટું છે તે આ કથા બતાવી આપે છે.

૨. 'બુદ્ધલીલા'માંથી માગન્દિય બ્રાહ્મણકન્યાની કથા પણ સંભળાવો, જેમાં બુદ્ધ પોતે ગાળોનો વરસાદ પડવા છતાં શાંતિ જાળવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪ થો

નવી શાળા

ચોરામાં ગામલોક ભેગા થયા છે.

સેવક બોલ્યા: 'ભાઈઓ અને બહેનો, આપણા ગામમાં શાળા નથી. આપણાં બાળકો કેળવણી વિના રહે છે. આપણે કંઈક કરવું જોઈએ. માટે વિચાર કરો.'

હીરા પટેલ બોલ્યા: 'સરકારમાં અરજી કરીએ. તે પૈસા આપશે તેમાંથી નિશાળ બાંધીશું અને મહેતાજી રાખીશું.'

મહમદચાચા બોલ્યા: 'અરે ભાઈ, અરજીઓ કરીને હજી થાક્યા નથી? કંઈક જાતે થાય તે કરો.'

સેવક બોલ્યા: 'કહો તો હું શાળા ચલાવું.'

બધા લોકો બોલી ઊઠ્યા: 'વાહ, એ તો ઘણું સારું. તમે જરૂર શાળા ચલાવો. અમે સૌ એમાં રાજી છીએ.'

સેવક બોલ્યા: 'પણ એમાં ગામલોકોની મદદ જોઈએ.'

લોકો બોલ્યા: 'મદદ કરવાનું કબૂલ છે. બોલો, શી મદદ કરીએ?'

સેવક બોલ્યા: 'પહેલું તો મકાન જોઈએ.'

મહારાજ બોલ્યા: 'આ આપણા મંદિરની ધર્મશાળા છે તેમાં જ બેસો. આવડી મોટી ધર્મશાળા પડી છે ને નવું મકાન બાંધવાની શી જરૂર છે?'

બધા બોલ્યા: 'મહારાજની વાત કબૂલ કરવા જેવી છે. દેવાલયમાં પાઠશાળા હોય એ તો આપણી પ્રાચીન પરંપરા જ છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહમદચાચા બોલ્યા : 'શાળામાં તો અમારાં છોકરાં પણ આવશે. કોઈ પાછળથી વાંધો કાઢશે તે નહિ ચાલે. કોઈ ખોટું ન લગાડશો. પણ શાળા એ તો સાર્વજનિક સંસ્થા કહેવાય.'

રામજી હરિજન બોલ્યા : 'અને શાળામાં અમારાં છોકરાં પણ આવશે. માટે પહેલેથી ચોખવટ કરો. મહમદચાચાનું કહેવું લાખ રૂપિયાનું છે.'

બધા બોલ્યા : 'આપણા ગામમાં એવો વાંધો ઊઠે નહિ. આપણા ગામમાં એવા ભેદ છે જ નહિ. ગામની જ ધર્મશાળા અને ગામનાં જ છોકરાં ભણે એમાં વાંધો કેવો?'

સેવક બોલ્યા: 'ત્યારે મકાનનું તો થયું. હવે શાળા માટે ખેતરનું કરો. આપણે બધા ખેડૂતો રહ્યા. આપણાં છોકરાં ખેતર વિના કેમ કેળવાય? આપણાં છોકરાંને આખો દિવસ ટાઢે છાંયડે બેસી રહેવાની અને ચોપડીમાંથી મોઢું બહાર ન કાઢવાની ટેવ પડી જાય એ આપણને કેમ પોસાય?'

હીરા પટેલ બોલ્યા: 'વાત તો સાચી. ખેતીનું શિક્ષણ તો છોકરાંને ગળથૂથીમાં જ આપવું જોઈએ. જાઓ, દસ વીઘાં ભોંય હું કાઢી આપીશ.'

લોકોએ તાળીઓ પાડી આ દાનને વધાવી લીધું.

મહમદચાચા બોલ્યા: 'એ બધું તો ઠીક, પણ આપણા સેવકનું કંઈ વિચાર્યું? તેમનું ગુજરાન કેવી રીતે થશે?'

ગામલોકો બોલ્યા: 'તેમને માટે દાણો પાણી ઉઘરાવો. પંચકી લકડી એકકા બોજ. એમાં કોઈને ભાર નહિ પડે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેવક બોલ્યા: 'તમારી મોટી મહેરબાની છે. પણ મેં બીજો વિચાર રાખ્યો છે. આપણે શાળામાં તકલી રેંટિયા શીખવીશું. દરેક બાળક મહિને આઠ બાર આનાનું કામ કરશે તોયે બહુ છે.'

લોકો બોલ્યા: 'આ તો ઘણો સારો વિચાર છે.'

હીરા પટેલ બોલ્યા: 'છોકરાં બેઠાં બેઠાં ભણે એ કરતાં આ બહુ સારું.'

મહમદચાચા બોલ્યા: 'ભાઈ, હુન્નરની તો બલિહારી છે.'

રામજી વણકર બોલ્યા: 'છોકરાંને વણતાં શીખવવું હોય ત્યારે અમને ખુશીથી બોલાવજો.'

મિસ્ત્રી બોલ્યા: 'અમારો ખપ પડે ત્યારે અમને પણ જરૂર કહેજો.'

વીરચંદ શેઠ બોલ્યા: 'સેવકને તૂટે ખૂટે તો મૂંઝાવું નહિ, આપણે રૂપિયા સો સુધી આપીશું.'

બીજાઓએ પણ શક્તિ પ્રમાણે નાની મોટી રકમો મૂકી.

સભા પૂરી થઈ. થોડા દિવસમાં મંદિરની ધર્મશાળામાં શાળા ચાલુ થઈ ગઈ.

વંદે માતરમ્

પરંપરા = ચાલતો આવેલો રિવાજ.

૧. પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત કરવાનો સિદ્ધાંત વિદ્યાર્થીઓને સમજાવો. ગોખલેજી જેવા નેતાઓના પ્રયાસો વિષે કહો. (જુઓ 'ભારતસેવક ગોખલે'.)

૨. દારૂના વેચાણમાંથી થતી આવકમાંથી દેશની શાળાઓ ચલાવવાની હાલની નીતિ અને આ પાઠમાં સૂચવેલી વર્ધાયોજનાની નીતિ, એ બેની ચર્ચા કરો.

૩. આસપાસ સ્વતંત્ર રીતે ચાલતી રાષ્ટ્રીય શિક્ષણસંસ્થાઓ હોય તેમનું અવલોકન કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાળા અમે અમે હો !

शाळा अमे अमे हो ! – टेक

ईंटो नहि ने भींतो नहि ने नथी ओरडा शाळा;
नथी बांकडा, नथी चोपडा, गुरु शिष्य छे शाळा. शाळा अमे अमे हो !
अमे शोभतां शोभे विद्या, शोभे आश्रम शाळा;
फूल शोभतां शोभे वाडी, नीपजे फळो रसाळां. शाळा०
एक झाडनां फळ खातां ने एक झाड पर सूतां;
एक झाडनी डाळे डाळे अमे कोकिलो गातां. शाळा०
गुरु भणावे विद्या, चेला करीए गुरुनी सेवा;
सेवा वगर फळे ना विद्या, मळे न अमृत-मेवा. शाळा०
गुरुजी विद्यानुं बी वावे, अम अंतरमां भावे;
एनुं झाड ऊगे जीवनमां, मध-मीठां फळ आवे. शाळा०
ए विद्या-फळनां बी पाछां अमे वधे वेरीशुं;
घर घरमां ने गाम गाममां, देश विषे ओरीशुं. शाळा०
विद्यामृत पीशुं ने सौने पाशुं थई पनिहारी;
अमे थशुं कावडिया एना, भले कावडो भारी. शाळा०
इलमदार अमारा गुरुजी, एणे इलम बताव्या :
स्वाश्रय स्नेह अने सेवाना चमत्कार बतलाव्या. शाळा०
ए विद्यानां दाम शुं देशुं? कई दक्षिणा देशुं ?
शोभवशुं शाळा ने विद्या, देश नाम दीपवशुं. शाळा०

૩૦

કાવડિયા = કાવડો ઉપાડનારા. ઇલમદાર = વિદ્યાવાળા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૬ ઠ્ઠો

હિંદના દાદા

હિંદમાતાના ઘણા સેવકો થયા અને ઘણા થશે, પણ હિંદના દાદા તો દાદાભાઈ નવરોજજી જ. ગોખલેજી અને ગાંધીજી જેવા માનનીય નેતાઓએ આપણને કહ્યું છે કે, જ્યારે તેઓ જુવાન હતા ત્યારે તેમણે દાદાભાઈની પાસેથી અમૂલ્ય પ્રેરણા મેળવી હતી. દાદાભાઈના જીવનમાં એવું શું હતું? ચાલો આપણે એમના પવિત્ર જીવનચરિત્રનાં થોડાં પાનાં ઉકેલીએ.

દાદાભાઈ બહુ નાના હતા ત્યારથી કોઈ ગાળ બોલે એ એમને બહુ જ અસહ્ય લાગતું. એક વાર એમનું અંતર એટલું બધું ઘવાયું કે, તેમણે કોઈ એકાન્ત સ્થળે જઈ ગંભીરતાથી પ્રતિજ્ઞા લીધી કે આજ પછી હું કદી ગંદી ભાષા વાપરીશ નહિ.

વિદ્યાર્થીદશામાં તેઓ ઘણી બાબતોમાં આ પ્રમાણે એકાંતમાં જઈ પ્રતિજ્ઞાઓ લેતા, અને આખર સુધી તે પ્રતિજ્ઞાઓ પાળતા.

દાદાભાઈ નાના હતા ત્યારે તેમના કુટુંબમાં ખાણા બાદ દારૂતાડીની પ્યાલી લેવાનો રિવાજ હશે. છોકરાંને પણ તેમાં ભાગ મળતો. એક વાર ઘરમાં દારૂ ખૂટી ગયો હતો, તેથી બાળક દાદાભાઈને સામેના પીઠામાંથી દારૂ લઈ આવવા મોકલ્યા. ત્યાં ગરીબ દારૂડિયાઓનો જે દેખાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમણે જોયો, તેથી એમની છાતીમાં કારી ઘા વાગ્યો. એ ઘા તેઓ જિંદગીમાં કદી ભૂલી શકયા નહિ. તેઓ દારૂ પીવો એને મોટું પાપ માનતા થયા. મોટપણે પોતે વિલાયત ગયા ત્યાં પણ તેમણે દારૂ પીવાનો અંગ્રેજોનો રિવાજ કદી સ્વીકાર્યો નહિ.

તેઓ એક વેપારી પેઢીમાં ભાગીદાર તરીકે વિલાયત ગયા હતા. પેઢીના બીજા ભાગીદારો જ્યારે જ્યારે સિદ્ધાંત વિરુદ્ધ વેપારો કરતા, ત્યારે ત્યારે દાદાભાઈ વિરોધ કરતા. આ પેઢીએ અફીણ અને વિલાયતી દારૂનો પણ વેપાર કરવા માંડ્યો. દાદાભાઈ તે અટકાવી તો ન શકયા, પણ તેમણે ભાગીદારોને જણાવી દીધું કે, જેનાથી હજારો માનવીઓનાં જીવન પાયમાલ થાય છે તેવા આ વેપારની કમાણીમાં હું ભાગ લેવા ઇચ્છતો નથી. ભાગીદારોએ એમને અનેક રીતે સમજાવ્યા. તેમણે દલીલ કરી કે, તમે વેપારમાં પડ્યા નહોતા અને મુંબઈની કૉલેજમાં અધ્યાપક હતા ત્યારે તમારો પગાર કયાંથી આવતો હતો? શું સરકાર દારૂ અને અફીણની આવકમાંથી જ પોતાનું કેળવણી ખાતું ચલાવતી નથી? છતાં દાદાભાઈ અડગ રહ્યા અને પોતાને હિસ્સે આવતો નફો એમણે ન જ સ્વીકાર્યો.

દાદાભાઈનું લગ્ન તેમની માએ, જૂના રિવાજ પ્રમાણે, અગિયાર વર્ષની કાચી ઉંમરે કરી નાખ્યું હતું. તેમની મહોરદાર તરીકે ગુલબાઈ નામની નિરક્ષર બાળાને પસંદ કરવામાં આવી હતી. દાદાભાઈ પોતાની અભણ પત્નીને હમેશાં કંઈક કંઈક ભણાવવાનો પ્રયત્ન કરતા. પોતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રીઓની કેળવણીના મોટા હિમાયતી હતા, અને આ રીતે તેની શરૂઆત તેમણે ઘરથી જ કરી.

દાદાભાઈ મોટા થયા, કૉલેજમાં ભણ્યા, અને પછી અધ્યાપક પણ થયા, ત્યારે એમનાં વૃદ્ધ માતાને પસ્તાવો થવા લાગ્યો. પોતે પોતાના દીકરાને લાયક સ્ત્રી શોધી નહોતી, કજોડું કરાવી આપીને તેમણે એની જિંદગી બરબાદ કરી હતી, એમ માની તે ઘણો જ અફસોસ કરતાં હતાં. હવે તેમણે દાદાભાઈને એક ઉપર બીજી કરવાનું દબાણ કરવા માંડ્યું. દાદાભાઈ માયજીનું કહ્યું કદી ઉથાપતા નહિ. પણ તેમની આ વાત તેમણે ન જ માની. જ્યારે માયજી બહુ જ દબાણ કરવા લાગ્યાં ત્યારે તેમણે કહ્યું: 'મારી સ્ત્રીની જગ્યાએ મને મૂકીને વિચાર કરી જો. જો મારી સ્ત્રી ભણેલીગણેલી હોત અને હું અભણ ધણી હોત, તો તું શું મારી સ્ત્રીને બીજો ધણી પરણાવી આપત કે?' આ જવાબ મળ્યા પછી માતાએ પોતાના સત્પુત્રને આ બાબતમાં પજવવાનું છોડી દીધું.

પાછળથી દાદાભાઈ વિલાયત ગયા ત્યારે ત્યાંથી કોઈએ એમની માને ખબર આપી કે, દાદાભાઈ તો ખ્રિસ્તી થઈ કોઈ અંગ્રેજ બાનુને પરણવાની તૈયારીમાં છે. માએ બળતા હૈયે દીકરાને કાગળ લખ્યો: 'હું તને બીજી પરણવાનું કહેતી હતી ત્યારે તેં માન્યું નહિ અને આજે હવે મડમને પરણી આપણા કુળને બોળવા તૈયાર થયો છે!'

પોતાની વહાલી માને આ રીતે ભરમાવી કોઈએ દુઃખી કરી હતી તે જાણી દાદાભાઈ બહુ જ બેચેન થઈ ગયા. તેમણે કામધંધો બધું બાજુએ મૂક્યું, અને તરત આગબોટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંપનીમાં જઈ મુંબઈની ટિકિટ કઢાવી. બરાબર મધરાતે તેમણે મુંબઈમાં પોતાના ઘરનું બારણું ખખડાવ્યું. મા અને પત્ની તો ભર ઊંઘમાં હતાં. માણેકજી કરીને એક સગા ઘરમાં રહેતા હતા તેમણે બૂમ પાડી, 'કોણ છે?'

'એ તો હું દાદાભાઈ.'

પેલાના માનવામાં જ ન આવ્યું. તે તાડૂકીને બોલ્યા: 'ચાલ્યો જા અહીંથી, લુચ્ચા! અમારો દાદાભાઈ તો વિલાયતમાં છે. એનું નામ લઈ ચોરી કરવા આવ્યો છે? હમણાં ઊઠીશ તો હાડકાં જ ભાંગી નાખીશ.'

બહારથી દાદાભાઈએ લાગણી-ભર્યા અવાજે કહ્યું: 'અરે માકુ, એ તો હું જ છું, બારણું ઉઘાડ.'

પેલા ભાઈની ઊંઘ હવે ઊડી હતી. તેણે દાદાભાઈનો પરિચિત અવાજ ઓળખ્યો. તેણે એકદમ ઊઠી બારણું ઉઘાડ્યું અને બન્ને એકબીજાને ભેટી પડ્યા. પછી તો માયજી પણ જાગ્યાં અને ગુલબાઈ પણ જાગ્યાં. દાદાભાઈએ થોડા જ વખતમાં બન્નેનો ભરમ ભાંગી તેમનાં બળતાં અંતર શાંત કર્યાં.

આવા નાના પ્રસંગો આપણને હિંદના દાદાનો સાચો પરિચય આપે છે. તેમના ઊંચા ચારિત્ર્યથી હિંદીઓ ઉપર જ નહિ પણ અંગ્રેજો ઉપર પણ છાપ પડી હતી.

દાદાભાઈએ પોતાનું લાંબું જીવન સ્વરાજ્યની સેવામાં જ અર્પણ કર્યું, અને ૯૩ વર્ષની ઉંમરે હિંદના દાદાનું માનવંતું પદ પામી તેઓ જન્નત-નશીન થયા.

મહોરદાર = પત્ની.
જન્નત-નશીન = સ્વર્ગવાસી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. દાદાભાઈનો જન્મ : તા. ૪–૯–૧૮૨૫, મૃત્યુ : તા. ૩૦–૬–૧૯૧૭ તેઓ બે વાર રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ ચૂંટાયા હતા.

૨. દાદાભાઈએ હિંદુસ્તાનની ગરીબી ઉપર પુસ્તક લખ્યું હતું તેનો સાર ગુજરાતીમાં પ્રસિદ્ધ થયો છે. (જુઓ 'હિંદુસ્તાનની ગરીબાઈ'—નવજીવન.) તેમાંથી માથા દીઠ કમાણી, જન્મમરણ પ્રમાણ, સાક્ષરતા-પ્રમાણ વગેરે ઉપયોગી હકીકતો વિદ્યાર્થીઓને જણાવો.

પાઠ ૭ મો

હિંદમૈયા

माथे रूपेरी ताज मेरुनो ने हेम-तोडो लंका केरो पाय रे,
कोण ए? हिंदमैया.
एक पांख पारसी पोळमां ने पांख बीजी जावे जेनी जाय रे. कोण०
उंमर जेनी न कोई ओळखे रे, जेणे दीठी दिवाळी क्रोड क्रोड रे; कोण०
जुगो वीत्या ने वर्ष वीततां रे, जेनां जोबन वीते ना अजोड रे. कोण०
पहेलुं परोड जेना पाधरे रे, ज्यारे विश्वे हती घोर रात रे; कोण०
तीरथ जूनामां जूनुं जीवतुं रे, आवे जात्राए जगनी जमात रे. कोण०
कोठो दीपावे एवा दीकरा रे, वीर, वेरागी, मीर ने फकीर रे; कोण०
धाव्यां जेनां दूध दोह्यलां रे, देव, दानव, पेगंबर, पीर रे. कोण०
पंजाबे बेसी घउं वीणती रे, वीणे केरळमां काजु नारियेळ रे; कोण०
कालां कपास गुजरातमां रे, वीणे द्रविडमां डांगर दाळ रे. कोण०
सिंधु कांठे सवारी सांढणे रे, गंगामैयामां नैयानी सहेल रे; कोण०
बेसे घोडे महाराष्ट्रमां रे, बेसे बंगाळे बंध सुखपाल रे. कोण०

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मोटा महेल मोटां माळियां रे, जेनुं चक्रवर्तीनुं राजपाट रे; कोण०
आजे ए दुखियारी दोजखे रे, अंग अडधुं ओढ्युं गुणपाट रे. कोण०
हाथी-होद्देथी पडी हेठळे रे, देह सोनानीमां पडी धूळ रे; कोण०
माथे मूकी जेने मूलवो रे, एवुं पाये छूंदाई रह्युं फूल रे. कोण०
दिवसे रुए ने रुए रातमां रे, आंखे फूलां फूटयां ने खूटयां हीर रे; कोण०
झूरे वैदर्भी वने एकली रे, झूरे पांचाळी खेंचायां चीर रे. कोण०

મ૦

મેરુનો રૂપેરી તાજ = હિમાલયનાં બરફથી ઢંકાયેલાં શિખરોરૂપી મુકુટ.
પારસી ચોળ = પારસ અથવા ઈરાન દેશ.
नैया = નૌકા, નાવડી.
हाथी–होद्देथी = હાથીની અંબાડી પરથી.
दोजखे = નરકવાસ સમા બંદીવાસમાં.

રવીન્દ્રનાથ ઠાકુર કૃત अयि भुवनमनोमोहिनी એ ગીત સંભળાવો. (જુઓ 'મહાસભાનાં ગીતો'.)

પાઠ ૮ મો

નવા છાત્રો

કનુભાઈ અને રતનબહેનના ઘરની થોડી વાતો તમને પહેલાંની ચોપડીઓમાં સંભળાવી છે. તમે એ આનંદી અને ઉત્સાહી ભાઈબહેનને ભૂલ્યાં નહિ જ હો. તેમનાં શાણાં માતાજી અને તેમના માનનીય પિતાજીનો પણ તમને પરિચય થયો જ છે. તેમની સુંદર વાડીમાં શાળાનાં છોકરાં વારંવાર ફરવા જાય છે, તેમાં તમે પણ કોઈ વાર જરૂર ગયાં હશો.

હવે તો તે બે ભાઈબહેનને ત્રણ નવા જોડીદારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

મળી ગયા છે. પિતાજીના મિત્રોએ તેમના હાથ નીચે રહીને તાલીમ લેવા પોતાનાં બાળકો સોંપ્યાં છે.

પિતાજીએ અને માતાજીએ આ નવા છાત્રોને પોતાના ઘરમાં ખુશીથી સ્વીકાર્યા છે. તેમાં એક માતાજીના ભાઈની પુત્રી શાન્તા છે. તે ઉંમરે રતનની સરખેસરખી જોડી છે. રતનના મામા વખતોવખત મળવા આવતા ત્યારે આ ઘરની કેળવણી જોઈ આનંદાશ્ચર્ય પામતા. રતન અને કનુ બન્ને કેવાં નિયમિત છે! કેવાં કામઢાં છે! કેવા કસાયેલા તેમના દેહ છે! શી તેમના ચહેરાની કાંતિ છે! વળી તેઓ બંને સેવા કરવાને કેવાં તત્પર છે! બન્ને કેવાં વિવેકી છે!

મામાએ પિતાજીને વિનંતિ કરી, 'તમને તસ્દી તો પડશે, પણ મારી શાન્તાને તમારે ઘેર રાખવી પડશે. તેને તમારી પોતાની દીકરી સમજી રતનની જેમ કેળવો.'

બીજા છાત્રનું નામ મોહન છે. પિતાજીના એક સહાધ્યાયીના તે પુત્ર થાય છે. તેઓ વિદ્યાર્થીઓ તરીકે એક શાળામાં ભણેલા. પણ ત્યાર પછી તો બન્નેના માર્ગો ફંટાયા. પિતાજી ગામડામાં વસી એક ખેડૂત અને ગ્રામ-સેવક બન્યા, અને આ મિત્ર પરદેશ ખેડતા થયા. પોતાના પુત્રને નાનપણમાં ગામડાની તંદુરસ્ત હવામાં રાખવાની તેમની ઇચ્છા હતી. વિચાર કરતાં તેમને પોતાના બાળપણના મિત્ર યાદ આવ્યા.

'આટલો ભાર એક પુરાણા મિત્રને ખાતર તમે નહિ ઉપાડો?' તેમણે એક પત્ર લખી વિનંતિ કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતાજીએ ઉત્તર લખ્યો: 'એમાં ભાર કેવો? મિત્રનું કામ કરવું એ મારી ફરજ છે. પણ તમે જાણો છો કે અમે તો રેંટિયા-ખાદીવાળાં રહ્યાં. અમે ગરીબી અને મહેનતવાળું ખેડુ-જીવન ગુજારીએ છીએ. તમારા ચિરંજીવીને અમારા રંગે રંગાવવો તમને ગમશે?'

સામો જવાબ આવ્યો: 'મારે તો મારા દીકરા માટે એ જ જાતનું જીવન જોઈએ છે. હું સંજોગોને વશ પરદેશમાં આવી ચડ્યો છું, પણ અંતર તો તમારાં કાર્યોને જ ચાહે છે.'

આવા પત્રોની આપલે થયા પછી થોડા માસમાં કનુની હેડીનો ગોઠિયો મોહન આવી પહોંચ્યો.

ત્રીજો છાત્ર વનમાળી એક હરિજન વણકરનો પુત્ર હતો. માતાજીને પોતાના ઘરનું સૂતર વણાવવા વણકરવાસે ઘણી વાર જવાનું થતું. એમનાં પગલાં ચયાં ત્યારથી વણકરોની ઊંઘમાં પડેલી સાળો એક પછી એક જાગતી થવા મંડી. માતાજીની મારફત બીજાં ઘણાં કાંતનારાંઓ પણ આ વાસમાં પોતાનું સૂતર વણાવવા મોકલતાં હતાં. વણકરો તો માતાજીને દયાની દેવી માનતા હતા, અને માતાજીને પણ તેમના ઉપર ઘણો ભાવ હતો.

એક દિવસ માતાજીએ ડાહીબહેન નામની વણકર બાઈને કહ્યું, 'અમારે ઘેર અમારાં બે બાળકો સાથે અમારાં સગાંવહાલાંનાં બે બાળકો પણ આવ્યાં છે એ જાણો છો, બહેન? તમારા દીકરા વનમાળીને પણ અમારે ઘેર રાખો તો અમે તેને પણ ખુશીથી કેળવીશું. અમારે એક કનુ છે તેવો બીજો એ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૨૧૮૪૧/૨૫-૬-૨૦૦૩ 66 JT
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
૧૬ (૪)

ડાહીબહેન ઓછી ઓછી થઈને બોલી, 'તમે તો બા, મોટાં લોક કહેવાઓ. અમારા રાંકના છોકરાના ભાગ્યમાં તમારે ઘેર રહેવાનું ક્યાંથી હોય? અને અમ ગરીબથી મોટાં ઘરનો ખર્ચ કેમ ઊપડે?'

પણ માતાજીએ એ ભલી બાઈનો સંકોચ જરા વારમાં મટાડી દીધો. 'તેના ખર્ચની તમારે ચિન્તા ન કરવી. એ ખાશે એટલું તો રમતો રમતો કામ કરશે. અમારે ત્યાં કંઈ બેસાડી મૂકવાનું ભણતર નથી, એ તમે ક્યાં નથી જાણતાં?'

આમ ડાહીબહેનનો બેટો વનમાળી પણ કનુનો બીજો સંગાથી બન્યો.

પિતાજી અને માતાજીની જવાબદારી ઠીક ઠીક વધી. પણ તે તેમને ભારરૂપ જરા પણ લાગતી ન હતી. તે બન્નેને બાળકોને કેળવવાનો ઊંડો રસ હતો. તેમને જેવો વાડીમાં વનસ્પતિને કેળવવાનો શોખ હતો, અને ગૌશાળામાં ગાયો અને વાછરડાંને કેળવવાનો શોખ હતો, તેવો જ ઘરમાં બાળકોને કેળવવાનો શોખ હતો.

છાત્ર = ગુરુના છત્ર નીચે રહેનાર વિદ્યાર્થી (છત્ર એટલે છાપરું).

સહાધ્યાયી = એક વિદ્યાલયમાં સાથે અધ્યયન કરનાર સાથીઓ.

ચિરંજીવી = પુત્ર. (પોતાનાં સન્તાનનાં નામ માબાપો 'ઘણું જીવો' એવા આશીર્વાદ સાથે જ લે છે.).

ઘણાં માબાપો પોતાનાં બાળકો માટે સારાં છાત્રાલયોની શોધમાં હોય છે. તેઓને માટે આ પાઠમાં, ચારિત્ર્યશીલ શિક્ષકો અથવા કેળવણીમાં રસ લેનાર સજ્જનોનાં છત્ર નીચે એમને મૂકવાની નવી સૂચના રજૂ કરવામાં આવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
પુસ્તકાલય ગુરુકુલ કાંગડી

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૯ મો

કોનો વિજય?

પરમાત્માએ દેવોને જિતાડયા. ખરી રીતે વિજય પરમાત્માનો હતો, પણ પોતે જીત્યા માની દેવો બડાઈ કરવા લાગ્યા: 'અમારો જ આ વિજય છે! અમારો જ આ મહિમા છે.'

પરમાત્મા તે વિજયમદ ઉતારવા તેમની સામે એક ચિત્રવિચિત્ર યક્ષરૂપે પ્રગટ થયા.

'અરે આ યક્ષ શું હશે?' દેવો અંદર અંદર પૂછવા લાગ્યા અને ગભરાવા લાગ્યા.

પછી તેઓએ અગ્નિદેવને કહ્યું, 'હે જાતવેદ! આ યક્ષ શું છે તે આપ જાણી આવો.'

'બહુ સારું,' કહી અગ્નિદેવ તેની કને ગયા.

તે યક્ષમાંથી અવાજ નીકળ્યો: 'અરે કોણ છે રે?'

'મને ન ઓળખ્યો? હું અગ્નિદેવ છું. વેદોમાં જાતવેદ નામે પ્રખ્યાત છે તે સર્વવેત્તા અગ્નિ હું જ છું.'

યક્ષ—'ઓહો! તું એવો મોટો છે? તો તેવા તારામાં કેટલું બળ છે?'

અગ્નિ—'અરે આ પૃથ્વીમાં જેટલું છે તે બધું હું બાળી શકું.'

એ યક્ષે એક તરણું તેની આગળ મૂકી કહ્યું, 'તો આ બાળ જોઉં.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અગ્નિદેવ પૂરા વેગ સાથે તે તરણા ઉપર ધસ્યા, પણ તેને બાળી શક્યા નહિ. એટલે તે ઝંખવાણા પડી પાછા ગયા, અને જઈને દેવો પ્રત્યે બોલ્યા :

'એ યક્ષ શું છે તે હું જાણી શક્યો નથી.'

ત્યારે દેવોએ વાયુને કહ્યું, 'હે માતરિશ્વા, આ યક્ષ શું છે તે આપ જાણી આવો.'

'બહુ સારું,' એમ કહી વાયુદેવ તેની કને ગયા.

તે યક્ષમાંથી અવાજ નીકળ્યો : 'કોણ છે રે?'

વાયુ—'મને ન ઓળખ્યો? હું વાયુદેવ છું. વેદોમાં જે માતરિશ્વા નામે પ્રખ્યાત છે તે આકાશવ્યાપી વાયુ એ હું જ.'

યક્ષ—'ઓહો! તું એવો મોટો છે? તો તેવા તારામાં બળ કેટલું છે તે તો કહે.'

વાયુ—'અરે, આ પૃથ્વીમાં જેટલું છે તે બધું હું ઉઠાવી શકું.'

એ યક્ષે એક નાનું તરણું તેની આગળ મૂકી કહ્યું : 'તો આ ઉઠાવ જોઉં.'

વાયુદેવ પૂરા વેગ સાથે તે તરણા ઉપર ધસ્યા, પણ તેને ઉઠાવી શક્યા નહિ. એટલે તે પણ ઝંખવાણા પડી પાછા ગયા, અને જઈને દેવો પ્રત્યે બોલ્યા :

'એ યક્ષ શું છે તે હું જાણી શક્યો નથી.'

છેવટે દેવોએ ઇન્દ્રને કહ્યું : 'હે ઇન્દ્રરાજ! આ યક્ષ શું છે તે આપ જ જાણી આવો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બહુ સારું,' કહી ઇન્દ્રદેવ તેની કને ગયા. ત્યાં તો એ યક્ષ અલોપ થઈ ગયું. પણ તે જ સ્થાનમાં ઇન્દ્રને સુવર્ણકાન્તિથી દીપતાં ઉમા હૈમવતીનાં દર્શન થયાં.

ઇન્દ્રે તે દેવીને પૂછ્યું, 'પેલું યક્ષ શું હતું તે આપ જાણો છો?'

દેવી બોલ્યાં: 'ન ઓળખ્યા એમને? એ પરમાત્મા પોતે જ હતા. વિજય એમનો જ હતો, છતાં તમે પોતાનો માની ઠાલા બડાઈ કરતા હતા.'

પછી દેવોને સાચું જ્ઞાન થયું કે, 'જય પરાજય આપનારો તો પરમાત્મા જ છે.'

અગ્નિ, વાયુ અને ઇન્દ્ર ભલે પરમાત્માને ઓળખી ન શક્યા, પણ એમને પરમાત્માની ઝાંખી થઈ, એટલા માટે જ દેવોમાં એમને ઊંચું સ્થાન મળ્યું; અને ઇન્દ્રને ઉમા પાસેથી ખબર પડી કે એ પ્રત્યક્ષ પરમાત્મા જ છે, તેથી ઇન્દ્ર સર્વ દેવોના રાજા ગણાયા.

યક્ષ=ન સમજાય એવું અદ્‌ભુત મહાન કંઈક.

જાતવેદ=જેટલું જન્મ્યું છે તે સર્વનો જાણનાર–સર્વવેત્તા અગ્નિ.

માતરિશ્વા=માતઃ એટલે આકાશ–તેને વ્યાપી લેતો વાયુ.

હૈમવતી=હિમવાન (હિમાલય)ની પુત્રી.

આ કથા કેન ઉપનિષદમાંથી લીધી છે.

'ઉપનિષદની વાર્તાઓ' નામની ચોપડીમાંથી પ્રાચીન ઋષિઓની આવી બીજી વાર્તાઓ વિદ્યાર્થીઓને સંભળાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૦ મો

હઈયા

આજ તો બહુ વહેલો ઊઠીને આવ્યો તોય અલ્યાં ચલિયાં, તમે મારા પહેલાં પહોંચી ગયાં!

હઈયા હઈયા હઈયા હે....ય!

આવ્યો છું, આવ્યો છું, આવ્યો છું, એ....ય!

મેં જાણ્યું, માળા ઉપર બેસીને નિરાંતે તકલી કાંતીશ. પણ આ પંખીડાં આજે કાંતવા દે એમ લાગતું નથી. આમનું ટોળું ઉડાડું છું તો તેમનું ટોળું પડે છે, અને તેમનું ઉડાડું છું તો આમનું ઊતરે છે.

હેય હેય હેય હેય હે....ક!

તમે ઝાઝાં ને હું તો એ....ક!

કોણ જાણે તમે બધાં ક્યાંથી ઊતરી આવ્યાં છો! ઉનાળામાં કોઈ દેખાતાં ન હતાં. ચોમાસામાં પણ કોઈ જોવામાં નહોતાં આવતાં. આ ખેતર પાક્યાં ને મોતી જેવા દાણા બેઠા કે મહેમાનો આવી પહોંચ્યાં! અને લણણી થઈ જશે, સીમના દાણા ઘરમાં પેસશે, એટલે પાછાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમનાં દર્શન દુર્લભ થઈ પડશે. બીજે વર્ષે ફરીથી દાણા પકવીશું ત્યારે પાછાં મોં બતાવશે! અલ્યાં પરદેશી પંખીડાં, તમે તે કયા દેશમાં વસો છો અને કયાંથી આવો છો? એ દેશની કંઈક પ્રસાદી તો લેતાં આવો! તમે તો ફક્ત અમારા દાણા ખાવા જ આવો છો!

હે હે હે હે હે....સી!

અમે દેશી ને તમે પરદે....શી!

આ દાણા ખાનારાં ચલિયાં કંઈ એક જાતનાં નથી હોતાં. રોજ એમને ઉડાડી ઉડાડીને હું ઘણી જાતોને ઓળખી ગયો છું. તેમાં ધોળી ચકલીઓનાં ટોળાં ઘણાં મોટાં છે. આપણા ગામમાં કાબરી ચકલીઓ હોય છે તે સીમમાં બહુ આવતી નથી. તે તો આપણા ગામની જ રહેવાસી છે. પણ આ ધોળી ચકલીઓ કોઈક પરદેશની રહેવાસી છે, અને દાણા પાકે ત્યારે આવે છે. બીજાં મોટાં ટોળાં લેલાનાં છે. તેઓ તો લે લે લે લે કરતાં દાણાનો ઘાણ કાઢી નાખે છે. પોપટ ને સૂડાની તો વાત જ ન પૂછો! એ તો પાંજરે પૂર્યાં જ રામ રામ પઢે, બાકી ખેતરમાં તો ડૂડાં ખાલી કરી મૂકે!

હેય હેય હેય હેય હે....લાં!

ચકલાં, પોપટ, સૂડા, લે....લાં!

મારી નાનકડી બહેન મને વઢતી હતી. તે કહે, 'ભાઈ તું પાપિયો છે. ચલિયાંને તું ઉડાડી મૂકે છે, તેથી તે બિચારાં ભૂખે મરશે.' પણ કહે ત્યારે હું શું કરું? મને બાપુજીએ ખેતર સાચવવાનું સોંપ્યું તે મારે સાચવવું કે બધું ચણાવી દેવું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરે ભલાં ચલિયાં, તમારે માટે જંગલ બહુ પડયાં છે. ત્યાં જઈને વનનાં ફળો ખાઓને. અમારી મહેનત કરીને ઉગાડેલી જુવાર ચણવા શા સારુ આવો છો?

હે હે હે હે હે....ત!
તારું જંગલ ને મારું ખેત!

આપણે ચલિયાંને ચોર કહીને ઉડાડી મૂકીએ છીએ ત્યારે તે દલીલ કરે છે: 'ચોર તે અમે ચલિયાં કે તમે માણસ? દાણા ખાવા એ અમારો જન્મસિદ્ધ હક છે. જુઓ! અમારી ચાંચ તેની સાક્ષી પૂરે છે કે નહિ? નહિ તો ઈશ્વરે અમને કઠણ ચાંચ શા માટે આપી? અમે ગમે એવું કઠણ બી ચાંચથી ફોડી શકીએ છીએ. તમે માણસો તો દાણાને ખાંડો, દળો, બાફો, ત્યારે માંડ પચાવી શકો છો. અમે ફળનો ગર્ભ કાઢી નાખી અંદરનો ઠળિયો ફોડીને બીજ ખાઈએ છીએ. તમે માણસો ગરભ ખાઈને બિયું ફેંકી દો છો. માટે તકરાર મેલો અને તમારા હકનું તમે ખાઓ, અને અમારા હકનું અમને ખાવા દો!'

ભાઈ સાહેબ, માફ કરો ચલિયાં! દાણા ખાવાનો તમારો હક હશે, પણ આ દાણા તો અમે બહુ મહેનતે પકવ્યા છે. અમારા ખેતરમાં પેસશો તો તમે ચોર જ ઠરશો.

હો હો હો હો હો....ર!
અમે ઘરનાં ને ચલિયાં ચો....ર!

મેં મારું કામ બજાવ્યું ને તમે પણ તમારું બજાવ્યું. મેં તમને બહુ ઉડાડયાં. પણ તમે અહીંથી તહીંથી ઝડપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારીને પેટ ભર્યા વિના રહ્યાં નહિ. તમે ચોર લોક ઉજાણી કરી ગયાં ને હું ઘરનો છોકરો પોંક ન ખાઉં? લાવવા દે કાંટા, કરવા દે અંગેઠી, અને શેકવા દે થોડાં પોંકિયાં.

અરરર! બહુ આવ્યાં! ચલિયાં બહુ આવ્યાં! અલ્યાં ચલિયાં, બે બૂકડા પોંક તો નિરાંતે ખાવા દો!

હરુરુ હરુરુ હરુરુ હરુરુરુ!
મોઢામાં પોંક ને બોલું છું ફરુરુરુરુ!

હઇયા — જુવાર બાજરી વગેરે ધાન્ય ખાઈ જતાં પક્ષીઓને ઉડાડવા માટે સુરત બાજુ ખેડૂતો આવો અવાજ કરે છે.

હેક — આ કોઈ શબ્દ નથી. 'એક'ની સાથે પ્રાસ બેસાડવા ખાતર લોકગીતોની જૂની ઢબે એવું રૂપ મૂક્યું છે. આગળનાં જોડકણાંમાં પણ તેવાં જ રૂપો આવ્યાં છે: હેસી–પરદેશી, હેલાં–લેલાં વગેરે.

૧. પક્ષીઓમાં કેટલાંક સ્થાનિક હોય છે અને કેટલાંક દેશાન્તર કરનારાં હોય છે. આ પ્રવાસી પક્ષીઓ એક દેશથી બીજે દેશ પોતાને માફકનાં હવાપાણી હોય તે પ્રમાણે દેશાન્તર કરતાં રહે છે. ખેતરનાં પક્ષીઓ ખેતર પાકવાના ટાણે આવે છે ને પછી બીજા દેશમાં ઊડી જાય છે. કોયલ વસન્ત ઋતુમાં આપણી અમરાઈઓને ગજાવી મૂકે છે, પણ બીજી ઋતુઓમાં જોવામાં આવતી નથી, કારણ તેણે દેશાન્તર કર્યું હોય છે.

૨. માણસ, વાનર, ઢોર, પક્ષીઓ, એ સૌને ખાવાના અને પચાવવાના જે અવયવો કુદરતે આપ્યા છે તે ઉપરથી તેમના કુદરતી ખોરાકો ક્યા હોવા જોઈએ તેની ચર્ચા કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૧ મો

બે પંખી



૧

पांजरानुं पंखी रहेतुं सोनाना पिंजरमां जी —
वनवगडानुं पंखी रहेतुं सुंदर मनहर वनमां जी.
एक दिवस बंने पंखीडां हळ्यांमळ्यां ने बोल्यां जी,
राम तणी मरजीथी भेटयां, दिल आगळ दिल खोल्यां जी.
वननुं पंखी बोल्युं : 'सांभळ, पिंजरना ओ पंखी जी!
चालो वनमां ऊडी जईए, वनमां झाझां पंखी जी.'
पांजरानुं पंखी बोल्युं : 'वनना पंखी वहाला जी !
आव पडया रहीए पिंजर; शा दोडा करवा ठाला जी ?'
वनवगडानुं पंखी कहे, 'ना, ए तो खोटी वातो जी;
नथी अमारे बंदी थावुं, केद कारमी आ तो जी !'
गरीब बापडुं बोल्युं पंखी पिंजरनुं रहेनार जी :
'हाय हाय ! हुं केम करीने छूटी नीकळुं बहार जी !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२

वनवगडानुं पंखी गातुं बेठुं बेठुं बहार जी,
वनवगडानां मीठां गीतडां, करी करी ललकार जी.
पिंजरमां रहेनारुं पंखी पढे पढाव्या बोल जी,
जात एक पण भेद अहा शो भाषामां अणतोल जी!
वननुं पंखी बोल्युं: 'पिंजरना ओ पंखीभाई जी!
वनवगडानां जरा आज तुं बताव गीतडां गाई जी.'
पांजरानुं पंखी बोल्युं: 'वनना पंखी वहाला जी!
शीखे तो शिखवाडुं गीतो पिंजरनां रढियाळां जी.'
वनवगडानुं पंखी कहे: 'ना, कोण शीखे ते एवुं जी?
पढ्युं बीजानुं पढ पढ करवुं, बोटयुं भोजन लेवुं जी.'
गरीब बिचारुं बोल्युं पंखी पिंजरनुं रहेनार जी:
'हाय हाय! हुं वननां गीतो केम गाई शकनार जी?'

३

वनवगडानुं पंखी बोल्युं: 'शी शोभा आकाश जी!
घनश्याम शामळिया जेवुं, नहि नामे तंगाश जी!'
पांजरानुं पंखी बोल्युं: 'पिंजरना जो तार जी —
चोगम केवा बांधी लीधा! बीक नहि तलभार जी.'
वननुं पंखी बोल्युं: 'भाई! छोड पांजरुं तारुं जी,
मेघ फरे त्यां आपण फरीए, सुख अतिशे सारुं जी.'
पांजरानुं पंखी बोल्युं: 'सुख साचुं पिंजरमां जी.
पापी पीडे नहि पारधी, आव भाई, मुज घरमां जी.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वनवगडानुं पंखी बोल्युं : ‘ना, भाई, तारो पाड जी;
विशाळ वादळ क्यां त्यां फरवा? क्यां त्यां लीलां झाड जी!’
गरीब बापडुं बोल्युं पंखी पिंजरनुं रहेनार जी :
‘हाय! थाकीने पग टेक्यानो क्यां नभमां आधार जी?’

४

आ रीते ए बे पंखीजन पूरां प्रेमीजन जी,
प्रेमबंधने बंधायां, पण नव संधायां तन जी.
वहाल वडे त्यां सळियामांथी चांचे चांच लगाडे जी,
नहि बोले नहि चाले, केवळ नजरोनजर निहाळे जी.
कोई कोईनुं कह्युं न समजे, मनमां बहु मूंझाय जी;
पोताना मन केरी वातो, ते पण नव समझाय जी.
रही रहीने वळी फफडावे पांखो घडीए घडीए जी;
दीन वदन करी कहे : ‘आव हजी कने आव हजी, हजीये जी!’
वनवगडानुं पंखी कहे : ‘ना, हवे न आवुं आघुं जी,
कोक क्यांक पकडी पूरी दे : तुं ज आव, हुं मागुं जी.’
गरीब बापडुं बोल्युं पंखी पिंजरनुं रहेनार जी :
‘नबळी पांखे केम उडाशे? हाय हाय लाचार जी!’

જુગતરામ દવે

---

૧. લાંબાં વર્ષો સુધી પાંજરામાં પુરાઈ રહેવાને લીધે આપણે હિંદુસ્તાનની પ્રજા પણ ઘણી શક્તિઓ ગુમાવી બેઠા છીએ, અને આપણેયે ઘણી વાર નાહિંમત થઈ વિચારીએ છીએ કે, સ્વતંત્ર થઈશું તો અમારું શું થઈ જશે. આ ગીત આપણને પાંજરામાંથી બહાર આવવાનું ઉદ્‌બોધન કરે છે.

૨. આપણી સ્વતંત્રતાના પ્રયાસનો ઇતિહાસ વિદ્યાર્થીઓને કહો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૨ મો

મોતીના દાણા

સુંદર, સીધી લીટીમાં, મોતીના દાણાની જેમ લખેલા અક્ષર એ વિદ્યાર્થીનું ભૂષણ છે.

મહાત્મા ગાંધીજીએ ખરું જ કહ્યું છે કે, 'નઠારા અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની ગણાવી જોઈએ. મેં મારા અક્ષર પાછળથી સુધારવા પ્રયત્ન કર્યો, પણ પાકે ઘડે કાંઈ કાંઠા ચડે? જુવાનીમાં જેની મેં અવગણના કરી તે હું આજ લગી નથી જ કરી શક્યો. દરેક નવયુવક અને યુવતી મારા દાખલાથી ચેતે અને સમજે કે, સારા અક્ષર એ વિદ્યાનું આવશ્યક અંગ છે.'

ઘણા માની બેસે છે કે, અક્ષર અને આંખ નાક તો જેવાં કુદરતી આવ્યાં તેવાં આવ્યાં; તેમાં સુધારો કરવો એ આપણા હાથની વાત નથી. આ સમજ સાચી નથી. આંખ, કાન, નાક સુધારી ન શકાય, પણ અક્ષરો તો પ્રયત્નથી જરૂર સારા કરી શકાય.

આંખ નાક વિષે પણ એટલું તો છે જ કે, ઈશ્વરે તે ભલે કદરૂપાં આપ્યાં હશે, પણ જે માણસ શરીરને સ્વચ્છ અને તંદુરસ્ત રાખે છે તેનાં તે બેડોળ અંગો પણ દીપે છે. તેમ આપણા અક્ષરના વળાંક ભલે જુદા જુદા હશે, છતાં જો આપણે તેને સ્થિર હાથે ડાઘડૂઘ વિના લખીશું તો તે સુંદર જ દેખાશે.

અક્ષર એ એક જાતનું ચિત્ર છે. સુંદર અક્ષર કાઢવા હોય તો તમારી આંગળીને ચીતરવાની કળા શીખવી દો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરા પણ ગભરાટ કે ધાંધલ કર્યા વિના શાંત અને એકાગ્ર ચિત્તથી લખો.

લખવાનું શરૂ કરો તે પહેલાં સાવધાન થાઓ. ચારે તરફ નજર કરો. બધું બરાબર છે કે કેમ તે જોઈ લો. કલમ સારી ન હોય તો સમારી લો. ખડિયો ઢોળાય તેમ નથી ને? શાહી જોઈએ તેવી છે કે નહિ?

શું લખવા માગો છો તે પણ વિચારી લો, નહિ તો લખ્યા પછી છેકવા વારો આવશે.

લીટીમાં કેટલા શબ્દો સમાશે તેનો અંદાજ પણ લખતા પહેલાં મનમાં કાઢી લેજો.

શબ્દો છૂટા પાડવા, કંડિકાઓ પાડવી, હાંસિયો રાખવો, ઉપર નીચે પૂરતી જગ્યા છોડવી—આ બધી લેખનકળાની ખૂબીઓ તમારા હાડમાં ઉતરવી જોઈએ.

લખતા પહેલાં શુદ્ધ જોડણીનો તેમ જ શુદ્ધ વાક્યરચનાનો વિચાર પણ કરી લેવો જોઈએ.

શરૂઆતનાં ધોરણોમાં વિદ્યાર્થીઓ મોટા અને છૂટા અક્ષરો જ લખે.

નાનાં છોકરાંએ લખવાના સાહિત્ય તરીકે જાડી પોચી પેન્સિલ અને નાની પીંછીનો ઉપયોગ કરવો સારો છે.

મોટાં છોકરાંએ બરુની કલમ વાપરવી ઘણી જ ઉત્તમ છે. કલમ ઘડવી તેમ જ કલમ વડે લખવું એ સુંદર કળાઓ છે.

દરેક અક્ષરના ઘાટ-વળાંકનો ધારી ધારીને અભ્યાસ કરો.

૪—૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુંદર લખાણોના નમૂના હંમેશાં પોતાની સામે રાખો. છાપેલા સુંદર અક્ષરો કાતરી પૂંઠાં પર ચોડી રાખી શકાય. સુંદર મરોડદાર અક્ષરો લખનાર પરિચિત સ્ત્રી પુરુષોના હસ્તાક્ષરોના નમૂના તેમની પાસે વિનયપૂર્વક માગી શકાય.

યાદ રાખવું જોઈએ કે, અક્ષરો વાંચવા માટે હોય છે અને તેથી સુવાચ્યતા એ અક્ષરોનો પહેલો ગુણ હોવો જોઈએ. ત્યાર પછી સ્વચ્છતા અને સુંદરતા આવે છે. છૂટા અક્ષરો, સીધી લીટી અને એકધારો મરોડ — આટલી વસ્તુઓ જળવાય તો ગમે તેવા અક્ષરો સારા લાગે.

ગડબડિયા અક્ષર લખી વાંચનારને તકલીફ આપવી એ ખરેખર અવિનય છે. ગંદા અને બેડોળ અક્ષરોનું લખાણ કોઈના મોં ઉપર ફેંકવું એ તેનું અપમાન છે. આટલું સમજો તો તમને અક્ષર સુધારવાની ચાનક લાગ્યા વિના નહિ રહે.

સુંદર વિચાર, સુંદર ભાષા અને સુંદર અક્ષર એ ત્રણેનો સંગમ કરી તમારી વિદ્યાને શોભાવો.

---

૧. શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓના અક્ષરો દિવસે દિવસે ખરાબ થતા જાય છે એવી સાર્વત્રિક ફરિયાદ છે. તે ફરિયાદ દૂર કરવા તરફ શાળાઓ જેટલું લક્ષ આપે તેટલું ઓછું જ છે.

તેનો ખરો ઇલાજ કૉપીબુક ઘૂંટાવવી એ નથી. વિદ્યાર્થીઓને નાનપણથી ચિત્રકળાના સંસ્કાર આપવાની જરૂર છે. પાઠમાંની સૂચનાઓ શિક્ષકો અને વિદ્યાર્થીઓ બંનેને માર્ગદર્શક નીવડશે.

૨. શિક્ષકોએ પોતાના અક્ષરો પ્રયત્નપૂર્વક સારા કરી લેવા જોઈએ, જેથી વિદ્યાર્થીઓ સમક્ષ રોજ રોજ અક્ષરનો સારો નમૂનો રજૂ થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૩ મો

ઝાડુ-અષ્ટક

भलां हिंदनां भाई ने बहेन शाणां !
कहुं वेण साचां, तमारा भलानां;
भला हिंद देशे स्थपाये स्वराज,
करो यत्न तेवा मळी सर्व आज. १
वसो गाम जे, ते करो गाम स्वच्छ,
वसो देश जे, ते करो देश स्वच्छ;
गई गंदकी, तो गई रे गुलामी,
थया स्वच्छ, तो आपना आप स्वामी. २
करो पहेल ने खंतथी साह झाडु,
प्रतिज्ञा करो–हिंदना मेल काढुं;
अहो, झाडु आझादीनो आज झंडो,
सदीनी बदी वाळवा सद्य मंडो. ३
तमे गंदकी वाळतां सूग आणो?
स्मरो दाखलो मातनो बाल्यमांनो.
तमे गंदकी वाळतां लाज आणो?
स्मरो दाखलो कृष्णनो यज्ञमांनो. ४
नथी सूग रे, गंदकी काढवामां,
खरी सूग छे गंदकी सेववामां.
नथी लाज स्वातंत्र्य अर्थे मर्यादां,
खरी लाज छे रे, गुलामो रह्यामां. ५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भले ने हसे लोक गांडा कहीने,
भले ने कसे मेल सामो धरीने;
कदी क्रोधथी छोडशो ना स्वधर्म,
करो प्रेमथी देशनुं यज्ञकर्म. ६

करो पहेल खंते, भले आप एक,
हशो एक तो आवशे त्यां अनेक;
कदी ने कदी झाडु सौ झालशे ज,
भले आज के काल—सौ जागशे ज. ७

जशे रे जशे देशनां मेल गंध,
थशे रे थशे हिंदना छिन्न बंध;
जगे हिंदनां जामशे मान लाज,
अने हिंद देशे स्थपाशे स्वराज. ८

જુગતરામ દવે

સ્વામી = માલિક.

કૃષ્ણનો દાખલો : યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં બીજાં સંબંધીઓએ તેમની મોટાઈના પ્રમાણમાં ઊજળાં કામો લીધાં હતાં, પણ શ્રીકૃષ્ણે મહેમાનોની એઠી પતરાવળી ઉપાડવાનું કામ લીધું હતું.

ભલે ને કસે = ભલે કસોટી કરે.

યજ્ઞ કર્મ = સેવાર્થે કરેલું કર્મ.

૧. આપણી પ્રજાની ગંદી ટેવો સામે લેવાના ઉપાયો સંબંધમાં નીચેનાં પુસ્તકોમાંથી ઉપયોગી ભાગો વાંચી સંભળાવી વિદ્યાર્થીઓને સ્વચ્છતા–સેવાની પ્રેરણા આપો :

‘ગામડાંની વહારે’ તથા ‘મારું ગામડું.’

૨. ગ્રામસફાઈના કાર્યક્રમો યોજી આ ગીતના શિક્ષણને સાર્થક કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૪ મો

આપણો મહાન હિન્દુસ્તાન

તમે નકશા ઉપર હિંદુસ્તાન દેશને હમેશાં જુઓ છો. પણ તે પરથી તેની વિશાળતા તમારી કલ્પનામાં આવી શકે છે ખરી?

તેનું પૂર્વ-પશ્ચિમ અંતર આશરે ૧,૯૦૦ માઇલ છે અને ઉત્તર-દક્ષિણ અંતર આશરે ૨,૧૦૦ માઇલ છે.

જો કોઈ દ્વારકાધીશનાં દર્શન કરી જાત્રાએ ઉપડે, અને રોજ દસ દસ માઇલ ચાલે, તો તે લગભગ ૧૯૦ દિવસે જગન્નાથના ચરણમાં પહોંચી જાય. તેમ જ જો તે હરિદ્વારનું ગંગાજળ કન્યાકુમારીના સાગર-જળમાં પધરાવવા ઇચ્છે, તો લગભગ ૨૧૦ દિવસે પોતાની ઇચ્છા પૂર્ણ કરી શકે.

ઇંગ્લંડ, જાપાન, જર્મની, ફ્રાન્સ એ બહુ જબરા દેશો કહેવાય છે. પણ વિશાળ હિંદુસ્તાનમાં તો તે દેશો જેવડા અનેક પ્રાંતો પડ્યા છે.

આ વિશાળ ભરતખંડમાં આપણે ૪૦ કરોડ હિંદીઓ વસીએ છીએ. ૪૦ કરોડ એટલે કેટલા? ચોગડા ઉપર આઠ મીંડાં માંડવાથી એની પૂરી કલ્પના તમને નહિ આવે. ૪૦ કરોડ હિંદીઓ હારબંધ ખડા રહી જાય, અને તમે એક દરવાજે ઊભા રહી ગણવા માંડો, તો તેમને ગણી રહેતાં તમને ૪,૬૩૦ દિવસ અથવા લગભગ ૧૩ વર્ષ લાગશે! અને તે તમે ખાવું, પીવું, સૂવું બધું છોડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોવીસે કલાક ગણતા રહો તો, અને મિનિટમાં ૬૦ જણુની ઝડપે ગણો તો.

આ આપણા વિશાળ દેશ ઉપર દિવસે સૂર્ય જળહળ જળહળ તપે છે અને રાત્રે ચંદ્ર અને તારાઓ ચમક ચમક હસે છે. તમે કહેશો, તે તો આખી પૃથ્વી ઉપર હોય છે. પણ ના. આપણે ત્યાંનો તડકો, આપણે ત્યાંની ચાંદની અને આપણે ત્યાંનું ચાંદરણું, એ બધું તો કંઈક ન્યારું જ છે. એ આપણને પરમેશ્વરે ઉદાર હાથે આપેલું ધન છે. આ ધનની કિંમત સોનાથી કે હીરા માણેકથી મૂલવી શકાય નહિ. આ ધન એવું છે કે જેને લૂંટારા લૂંટી શકતા નથી કે ચોર ચોરી શકતા નથી.



આપણા સૂર્યના પ્રતાપે ઉનાળામાં સાગરનું પાણી આકાશમાં ચડે છે અને ચોમાસામાં વરસી આખા દેશને તરબોળ કરી મૂકે છે. તેને ઝીલી આપણાં ખેતરો અને વાડીઓ ઢગલાબંધ ધાન્ય, ફળ, ફૂલ, કંદ ઉત્પન્ન કરે છે. વળી હિમાલય, વિંધ્યાચળ, સાતપૂડો, સહ્યાદ્રિ, આબુ, ગિરનાર જેવા આપણા પર્વતો તે પાણી પોતાનાં મજબૂત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મસ્તકો ઉપર ઝીલી લે છે, અને આખા દેશમાં ગંગા, જમના, સિંધુ, બ્રહ્મપુત્રા, તાપી, નર્મદા, મહી, સાબરમતી, ગોદાવરી, કૃષ્ણા, કાવેરી જેવી નદીઓ વહેવડાવે છે.

આ મહાન હિંદુસ્તાન દેશમાં આપણે ૪૦ કરોડ હિંદીઓ સાત લાખ ગામડાં અને ૨,૫૦૦ શહેરો વસાવીને રહીએ છીએ. આપણે ખેતીવાડી, ગોપાલન, વણાટ, માટીકામ, લાકડકામ, ધાતુકામ, વહાણવટું વગેરે સર્વ ધંધાઓમાં કુશળ છીએ. આપણે ઉદ્યોગી છીએ, વિવેકી છીએ, સાદા, સરળ અને સેવાભાવી છીએ. એ પરથી સિદ્ધ થાય છે કે આપણે સ્વતંત્ર થવાને સરજાયા છીએ.



જેવો હિંદુસ્તાન દેશ મહાન, તેવી જ મહાન પ્રજા તેણે નિપજાવી છે. આપણા પૂર્વજો સદા ધન કરતાં આબરૂને વધારે વહાલી ગણતા હતા; સુખ કરતાં સત્યને વધારે વહાલું ગણનારા હતા. તેઓ સત્ય ખાતર પળ વારમાં રાજપાટ છોડી ચાલી નીકળતા. તેઓ સત્યને ખાતર હસતે મુખડે મોતને ભેટતા.

આપણે પણ તેમના જેવા થઈશું, અને આપણા મહાન હિંદુસ્તાનની કીર્તિ વધારીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. પૃ. ૩૮ પરનો નકશો હિંદુસ્તાનનાં ગામડાં અને શહેરોનું પ્રમાણ સૂચવે છે, અને પૃ. ૩૯ પરનો નકશો હિંદુસ્તાનના પેટમાં દુનિયાના ઘણા નામીચા દેશો કેવા સમાઈ ગયા છે તે દર્શાવે છે.

૨. હિંદુસ્તાનના પ્રાંતોનાં અને દુનિયાના પ્રસિદ્ધ દેશોનાં ક્ષેત્રફળ તથા જનસંખ્યાના આંકડાઓ ભૂગોળનાં પુસ્તકો ઉપરથી શોધી આ પાઠમાં કરેલાં વિધાનો વિદ્યાર્થીઓને સમજાવો.

પાઠ ૧૫ મો

લાલા લજપતરાય



લાલા લજપતરાયનું નામ લેતાં જ કયા હિંદીનું લોહી ઊછળવા નહિ લાગે? સિંહની ગર્જના જેવો એમનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવાજ આપણે હવે સાંભળતા નથી, પણ એમનું સ્મરણ કરતાં આપણામાં નવું ચેતન રેડાય છે. આપણને થઈ જાય છે કે, જીવવું તો લાલાજીની જેમ સ્વરાજને ખાતર જ જીવવું.

લાલા લજપતરાયને નાનપણથી જ દેશસેવાનો રંગ લાગ્યો હતો. તે વખતે આર્યસમાજનો પ્રચાર જોરથી ચાલતો હતો. દેશમાં ઘર કરી બેઠેલા છૂતઅછૂતના અને નાતજાતના વહેમો ઉપર સપાટા મારવામાં આવતા હતા. ઋષિમુનિઓના સુવર્ણયુગનાં વર્ણનો કરવામાં આવતાં હતાં. ગુરુકુળો જેવી સંસ્થાઓ સ્થાપવામાં આવતી હતી. રાષ્ટ્ર-ભાષા શીખવા ઉપર જોર મૂકવામાં આવતું હતું. કયો યુવક આવા સુધારક પવનમાં તણાયા વિના રહી શકે? લાલાજી પણ ચુસ્ત આર્યસમાજી બન્યા.

તેમની કામ કરવાની ધગશ ન્યારી જ હતી. તે જોતજોતામાં 'સમાજ'ના એક નેતા બન્યા. તેમનાં જોશ-ભર્યાં ભાષણો સાંભળી ઘણાનાં જીવન પલટાયાં. તેઓ જ્યારે સેવાનાં કામો માટે નાણાંની માગણી કરતા ત્યારે સભાઓમાં પૈસાનો વરસાદ થતો.

લાલાજીની શક્તિ જોઈ કેટલાક મિત્રોએ તેમને સરકારી નોકરીમાં ખેંચવાનો પ્રયત્ન કરી જોયો. પણ આઝાદ સિંહ નોકરીના પીંજરામાં પુરાવા કદી તૈયાર થાય? પોતે વકીલાતનો અભ્યાસ કર્યો હતો, એટલે એક સ્વતંત્ર ધંધા તરીકે તેમણે વકીલાત કરવાનું પસંદ કર્યું. લાલાજીની વકીલાત પણ સાફ અને ઊંચા પ્રકારની હતી. વકીલાતની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કમાણી તેમણે મોજશોખ કરવામાં વાપરી નહિ, પણ તેમાંથી હજારો રૂપિયાનું દાન કરી સેવાનાં કામો કર્યાં.

હરિજનોની સેવાનો લાલાજીને ખૂબ જ ઉત્સાહ હતો. તેઓ માત્ર ભાષણથી જ નહિ, પણ પોતાના વર્તનથી પણ લોકોને દાખલો બેસાડતા. તેઓ છડેચોક હરિજનોનાં ઘરનું પાણી પીતા અને તેમના ઘરની રોટી ખાતા.

દેશમાં દુષ્કાળ પડે, ધરતીકંપ થાય, કે મરકી ફાટી નીકળે, એવી કુદરતી આફતો વખતે લાલાજી માથું મૂકીને સેવા કરવા નીકળી પડતા, અને તેમનાથી પ્રેરાઈ સેંકડો પંજાબીઓ પણ તૈયાર થઈ જતા.

અંગ્રેજીમાં જ બોલવામાં માનનાર જમાનામાં લાલાજી જ પ્રથમ દેશભક્ત હતા, જેમણે મહાસભામાં હિંદુસ્તાનીમાં બોલવાની હિંમત કરી.

લાલાજીને વધારેમાં વધારે કંઈ ખટકતું હોય તો તે ભારતવર્ષની ગુલામીની બેડીઓ હતી. તે ભણતા ત્યારથી સ્વરાજ્યની ઝંખના કરતાં શીખ્યા હતા. પછી તો તેમણે સ્વરાજ્યની લડતમાં પૂર હિંમતથી ઝંપલાવ્યું. સ્વરાજ્યની દરેકેદરેક હિલચાલમાં તે સદા આગળ રહેતા અને પ્રજાને પ્રેરણા આપતા. હિંદી રાષ્ટ્રીય મહાસભાની શરૂઆતથી તેઓ તેની બેઠકોમાં ભાગ લેવા લાગ્યા હતા. સ્વદેશીની હિલચાલ ઊપડી તો લાલાજી તેમાં મોખરે; રાષ્ટ્રીય શિક્ષણની હિલચાલ નીકળી તો તેમાં પણ લાલાજી મોખરે; અને છેલ્લે મહાત્મા ગાંધીનો સત્યાગ્રહ આવ્યો તો તેમાં પણ લાલાજી એક મહાન સેનાપતિ થયા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરાજ્ય માટે લડતાં તેમણે કેટલું બધું સહન કર્યું! એક વખત સરકારે એમને દેશનિકાલ કરી દૂર બ્રહ્મદેશમાં માંડલેના કિલ્લામાં પૂર્યા હતા.

ઈ. સ. ૧૯૧૪માં લાલા લજપતરાય અમેરિકાના પ્રવાસે ગયા. તે જ વર્ષમાં યુરોપમાં લડાઈ સળગી. એવા કટોકટીના વખતે માતૃભૂમિથી દૂર રહેવું એમના જેવાને કેમ ગમે? પરંતુ સરકારે તેમને સ્વદેશમાં દાખલ થવાનો પરવાનો ન આપ્યો. પાંચ વર્ષ સુધી તેમને માતૃભૂમિનો વિયોગ સહન કરવો પડ્યો. હજારો માઈલ દૂર આવેલા અને ઘણા જ ખર્ચાળ એવા એ દેશમાં લાલાજી ઘણી જ ભીડમાં દિવસ ગુજારતા હતા. તેઓ છાપામાં લેખો લખી તેમાંથી પૈસા મળે તે ઉપર નિર્વાહ ચલાવતા. રાંધવું, વાસણ માંજવાં, કપડાં ધોવાં, વગેરે કામો જાતે કરી લેતા. એમની મુસીબતની જાણ થતાં લોકમાન્ય તિલક મહારાજે તેમને વગર માગ્યે પાંચ હજાર ડૉલર મોકલ્યા હતા. તે પણ લાલાજીએ ખાનગી ઉપયોગમાં ન લેતાં જાહેર કામમાં જ વાપર્યા.

છેવટે દેશમાં આવવાની પરવાનગી મળી, ત્યારે અહીં તો મહાત્મા ગાંધીજી અસહકારનું યુદ્ધ માંડવાની હવા ફેલાવી રહ્યા હતા. સને ૧૯૨૦માં કલકત્તામાં રાષ્ટ્રીય મહાસભા મળી. તેના પ્રમુખ પંજાબકેસરી લાલા લજપતરાય સિવાય બીજા કોણ હોય?

પછી અસહકારની લડત ચાલી. લાલાજીને તે લડતમાં જેલ મળી. પણ તે કંઈ ડગે? સિંહ તે સિંહ જ રહ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વખતે સરકાર સામે વિરોધ બતાવવા આખા દેશમાં સરઘસો કાઢવાનો ઠરાવ થયો. તેવું સરઘસ લાહોરમાં લાલાજીની આગેવાની નીચે નીકળ્યું. સરકારે તારની આડી વાડ નાખી. લાલાજીએ ગર્જના કરી: અમારું સરઘસ પાછું નહિ જ હઠે.

માથા ફરેલા અધિકારીઓએ લાઠી ચલાવી. તેમણે આગેવાનોની મર્યાદા પણ ન રાખી. લાલાજીની છાતી પર જીવલેણ માર પડ્યો. તે પ્રસંગ તો વીતી ગયો. પણ ત્યારથી લાલાજીને છાતીમાં શૂળનું દર્દ ચાલુ થયું અને થોડા જ મહિનામાં એ દર્દે તેમનો પ્રાણ લીધો.

ખરેખર, પંજાબકેસરી લાલા લજપતરાય સ્વરાજ્ય માટે ઝૂઝતા ઝૂઝતા જીવ્યા, અને સ્વરાજ્ય માટે ઝૂઝતા ઝૂઝતા જ મૂઆ. નહિ નહિ, તે મૂઆ નથી. દરેક હિંદીના હૃદયમાં તે સદાને માટે વિરાજે છે.

---

૧. લાલાજીનો જન્મ સને ૧૮૬૫માં; મૃત્યુ સને ૧૯૨૮માં.

૨. 'નરવીર લાલાજી' નામની ચોપડીમાંથી લાલાજી વિષે વિદ્યાર્થીઓને વધારે માહિતી આપો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૬ મો

સુમિત્ર અને કુમિત્ર



पंडित मित्रो मळे, वदे मुख मधुरी वाणी;
प्रथम करी परणाम, पाय गंगाजळ पाणी;
पछी सोपारी पान आपी कुशळ्ता पूछे;
कहे पछी कर जोडी, 'आगमन-कारण शुं छे?'
करी ज्ञान-वात चित्त शांत थई, स्नेह सहित जुदा पडे;
मन मग्न रहे मित्राईमां, पंडितनी प्रीति वडे.
मूरख मित्रो मळी, गाळ दई गंमत करशे;
मारी परस्पर लात, वातमां मश्करी धरशे;
मित्राचारी मूळ, केफ पीशे ने पाशे;
खेली बाजी खेल, लडालडी करी घर जाशे;
मुख मीठां ने मन कपट, स्वारथ लगी सगाई छे;
कदी जोखमकारी जीवने मूरखनी मित्राई छे.

કવિ દલપતરામ ડાહ્યાભાઈ

મિત્રાચારી મૂળ = એમની દોસ્તીના મૂળમાં જોવા જશો તો —

૧. કવીશ્વર દલપતરામનો જન્મ સને ૧૮૨૦માં અને મૃત્યુ ૧૮૯૯માં.

૨. 'દલપતસાર' નામના પુસ્તકમાંથી તેમની બીજી કવિતાઓ વિદ્યાર્થીઓને સંભળાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૭ મો

સ્નેહસંમેલન

આવતી પૂનમે શાળાનું સ્નેહસંમેલન છે. તે દિવસે ગામમાં મોટો ઉત્સવ થશે.

ઉત્સવમાં મોટા મોટા માણસો આવશે. વિદ્યાર્થીઓનાં માબાપોને ખાસ નોતરવામાં આવશે.

ઉત્સવમાં શાળાના જૂના વિદ્યાર્થીઓ પણ આવશે. ઘણા વિદ્યાર્થીઓ તો હવે મોટા ભાયડા થઈ ગયા છે, અને ઘણી વિદ્યાર્થિનીઓ મોટી બાયડીઓ થઈ ગઈ છે. તેઓ પોતાનાં નાનાં બાળકોને પણ આંગળીએ ઝાલીને તેડતાં આવશે. ભલે તેઓ મોટાં થયાં, પણ શાળાનાં તો છોકરાં જ ને? એમાં કંઈ ના કહેવાશે?

ઉત્સવને હજુ તો દસ દિવસની વાર છે. પણ શાળામાં જેને મળો તેને મોઢે ઉત્સવ વિના બીજી વાત સંભળાતી નથી. છોકરા, છોકરીઓ, શિક્ષકો, શિક્ષિકાઓ—બધાં ઉત્સવની જ તૈયારીમાં લાગ્યાં છે. અરે, શાળાની ભીંતો પણ ઉત્સવની જ વાતો કરે છે, શાળાનાં ઝાડ અને છોડ પણ ઉત્સવની વાતો કરે છે; શાળાના બાગમાં ઊડતાં પંખી પણ ઉત્સવનો જ કલકલાટ કરે છે!

'અમારો ઉત્સવ છે, અમારું સ્નેહસંમેલન છે': બસ એ જ રટણ.

છોકરાંને તો શાળામાં આવે ત્યાં પણ એ જ રટણ, અને ઘેર જાય ત્યાં પણ એ જ વાત. જે મળે તેને વધાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ખાય છે: 'કેમ ફલાણા કાકા, કેમ ઢીંકણી માશી, જાણો છો કે નહિ? આવતી પૂનમે અમારું સ્નેહસંમેલન છે. તમારે જરૂર આવવું પડશે, સમજ્યાં?' છોકરાંને તો ઊંઘમાં પણ એનાં જ સ્વપ્નાં આવતાં હશે.

ઉત્સવમાં એક તો ગેડીદડાની રમત થવાની છે. તેમાં ઊતરનારા છોકરાઓ નવરા પડે કે દોડે છે મેદાનમાં અને મહાવરો કરવા મંડી જાય છે. કેટલાક દડા ગૂંથવામાં લાગ્યા છે. જુઓ, એ ટોળીવાળાઓ બધા ક્યાં ઊપડ્યા? તેમના હાથમાં કુહાડીઓ છે. તેઓ બાવળીમાં જાય છે; ત્યાંથી તેઓ સારી સારી ગેડીઓ કાપી લાવશે.

શાળાના ચિતારાઓને હસણાં ઘડીની નવરાશ નથી. ઢગલાબંધ સૂત્રો અને ચિત્રો તૈયાર કરવાનાં છે. એક ઓરડો આખો તેમણે રોક્યો છે. રંગની કુલડીઓ, નાની પીંછીઓ, મોટી પીંછીઓ, કાગળ, પૂંઠાં, કાગળ ચોડવાની લાહી—અને તેની વચ્ચે શિક્ષિકાબહેન અને આઠ દશ છોકરાં રોજ બેસે છે, અને ચીતર ચીતર ચીતર કર્યા જ કરે છે. છેલ્લા દિવસ સુધી તેમનું ચીતરવાનું પૂરું થવાનું નથી.

છોકરાઓમાંથી એક સ્વયંસેવકોની સેના થઈ છે. તેઓ સભાની વ્યવસ્થા સાચવશે અને સાફસૂફી કરશે. હમણાં તેઓ ખાડા ખોદી મુતરડીઓ તૈયાર કરે છે. એટલા બધા લોકો આવવાના એટલે તે વિના કાંઈ ચાલે? પછી આ સેના શાળાનાં મકાનોને ધોઈને ચોખ્ખાં-ચણક કરશે. પછી તેઓ જ લીલો લીલો પાલો એકઠો કરી તોરણો ટાંગશે, કેળના થંભ રોપશે, અને જોવા જેવી શોભા કરશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંગીતમંડળી અને નાટકમંડળીનું કામ પણ ધમધોકાર ચાલે છે. સૌ પોતપોતાના ભાગની તૈયારી કરે છે. કોઈ બાવાજીની દાઢી બનાવે છે, કોઈ વાંદરાની પૂંછડી તૈયાર કરે છે, કોઈ રાજાનો મુગટ બનાવી રહ્યા છે. આ મંડળીમાં નાનાં નાનાં ભૂલકાં પણ જોડાયાં છે. નાટકમાં ગવાવાનાં ગીતો તેઓ ગણગણ્યા કરે છે:

'મ્યાઉં મ્યાઉં કરી તારું દૂધ પી જાઉં!'

'મીંદડીનું જો બચ્ચું બની જાઉં!'

મોટાઓ તેમને વઢે છે: 'અરે, કોઈના સાંભળતાં ન ગાઓ. નહિ તો લોકો જાણી જશે!'

પણ એમનાથી તે ગાયા વિના રહેવાય?

ઉત્સવની તૈયારીઓનું વર્ણન કરતાં તો પાર આવે તેમ નથી.

આ ઓરડો બહુ જ સંભાળથી બંધ રાખવામાં આવ્યો છે. તેમાં પ્રદર્શન ગોઠવાય છે. પ્રદર્શનવાળી મંડળી તેમાં બીજા કોઈને જવા દેતી નથી.

પ્રદર્શનમાં બાળકોનું સૂતર મૂકશે, તેમનાં ચિત્રો મૂકશે, તેમણે બનાવેલી માટીની વસ્તુઓ મૂકશે.

એક છોકરી મહાત્મા ગાંધીજીના હસ્તાક્ષર મૂકવાની છે. તેના બાપુ ઉપર ગાંધીજીનો પત્ર આવ્યો છે. તેનો તે આવો ઉપયોગ કરશે.

એક કુંભારના છોકરાએ તો નવો જ વિચાર રાખ્યો છે. તે કંઈ તૈયાર ચીજ મૂકવાનો નથી; તે તો એક ખૂણામાં નાનો સરખો ચાકડો ગોઠવશે, અને તેના ઉપર પોતે જુદા જુદા ઘાટ ઉતારી બતાવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક છોકરાના ઘરમાં સો વર્ષનો જૂનો પુરાણો રેંટિયો છે, તેને એ પ્રદર્શનમાં મૂકવા માગે છે.

સંમેલનમાં રતનબહેન નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં ગાશે અને મોહન સમુદ્રયાત્રા ઉપર વ્યાખ્યાન આપશે.

ગમે તેમ થાય, પણ આ સ્નેહસંમેલનમાં આપણે જવું જ છે. વહેલા વહેલા જઈને બેસી જવું પડશે, નહિ તો જગ્યા મળશે નહિ અને લટકી જઈશું.

ઉત્સવો અને સંમેલનો ગોઠવવામાં આવે તેમાં બે દૃષ્ટિઓ સાચવવાની શિક્ષકોને ખાસ ભલામણ છે:

એક તો, ઉત્સવો એવા ગોઠવો કે જેમાં વિદ્યાર્થીઓને કંઈક ને કંઈક કરવાનું હોય, માત્ર બેઠાં બેઠાં જોયા કરવાનું જ ન હોય.

બીજું, ઉત્સવોમાં વપરાતાં સાધનોમાં નાટકશાળાઓનું અનુકરણ કરી વિદેશી અને ખર્ચાળ વેષ પડદા વગેરે ન લાવો, પણ બાળકો સહેજે ઉપજાવી શકે તેવાં જ સાધનો વાપરો.

પાઠ ૧૮ મો

દયા

સાયંકાળની પ્રાર્થના થઈ ગઈ. રતનબહેને સમાપ્તિમાં તુલસીદાસનો દુહો ગાયો:

दयां धरमको मूल है, पाप मूल अभिमान।
तुलसी दया न छांडिये, जब लग घटमें प्राण॥

દયાધર્મ પરનો આ દુહો સાંભળી, કનુને આજે જ ગામમાં જોયેલું એક દુખિયું ગધેડું યાદ આવ્યું. કેવી દયામણી તેની સ્થિતિ હતી! તેની પીઠ ઈંટોના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારથી વાંકી વળી ગઈ હતી. તે મહા મહેનતે ચાલતું હતું. ખરી રીતે તે ચાલતું નહોતું, પણ પગ ઘસડતું હતું. સ્પષ્ટ જણાતું હતું કે, તેના ગજા કરતાં ઘણો વધારે ભાર તેના ઉપર લાદવામાં આવ્યો હતો.



વળી તે ગધેડાના મોઢા ઉપર મોટું ઘારું પડ્યું હતું અને ઘારા ઉપર માખીઓ બણબણતી હતી. તે ઘડીએ ઘડીએ માથું હલાવ્યા કરતું હતું, છતાં માખીઓ ચાંદા ઉપરથી ખસતી નહોતી. તે દુખિયું જાનવર વચ્ચે વચ્ચે ઊભું રહી જતું હતું અને માથું વીંઝતું હતું. પણ ઊભું રહે કે તરત પાછળથી ડીંફણું પડ્યું જ છે. કનુએ પ્રાર્થના પૂરી થતાં માતાપિતા સમક્ષ આ દેખાવનું વર્ણન કર્યું.

પછી તો પાળેલાં પશુઓ ઉપર લોકો કેવી કેવી ક્રૂરતા કરે છે તેના પ્રસંગો સૌએ યાદ કરવા માંડ્યા.

નવાં છાત્રોને હવે આ ઘરમાં અજાણ્યા જેવું રહ્યું નહોતું. તેઓ રતનનાં માતાજી અને પિતાજી સાથે પોતાનાં જ માબાપની જેમ છૂટથી વાતો કરતાં અને હાસ્યવિનોદ કરતાં થયાં હતાં. આજની ચર્ચામાં તેમણે રસથી ભાગ લીધો.

શાન્તાબહેન બોલી, 'અમારા ગામમાં ભાડાના ટાંગા હોય છે તેની તમને શી વાત કહું! ત્રણ માણસને બેસવાનો ટાંગો, તેમાં ટાંગાવાળાઓ છ છ ને સાત સાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસો બેસાડે છે. અને ઘોડાં પણ કેવાં? નર્યાં હાડકાં ને ચામડાં જ. કોણ જાણે બાપડાંને પેટ ભરીને ખાવા



આપતા હશે કે નહિ! પછી તે ઉતાવળાં દોડે નહિ એટલે ગાડીવાળો ગાળો અને ચાબુકનો વરસાદ વરસાવે. દિવાળી ઉપર ઘેર જઈશ ત્યારે એવા ટાંગામાં બેસવાની હું તો હવે સાફ ના પાડવાની છું.'

આ સાંભળતી વખતે વનમાળીનું મન તેના વાસમાંનાં પોપટનાં પાંજરાંનો વિચાર કરતું હતું. તે બોલ્યો, "અમારે ત્યાં ઘેર ઘેર પાંજરામાં પોપટને પૂરે છે, એ તો ત્યારે બહુ મોટું પાપ જ કહેવાય ને? આપણે પાંખ વિનાનાં છીએ, છતાં સાંકડી કોટડીમાં પુરાઈ રહેવું આપણને ગમે નહિ; તો આ તો આકાશમાં ઊડનારું પંખી, તેને પાંજરામાં કેવું દુઃખ લાગતું હશે! પાંજરાનો પોપટ પઢે ત્યારે પહેલાં તો મને સારું લાગતું, પણ હવે તો મને એમ જ લાગશે કે, તે પઢતો નથી પણ દુઃખની ચીસો જ પાડે છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોહન પરદેશમાં રહેલો. તેને સરકસમાં અને બગીચાઓમાં જોયેલાં જંગલી પ્રાણીઓ યાદ આવ્યાં. તે બોલ્યો, 'એમના ખેલ જોઈને આપણે પ્રેક્ષકો હરખાઈએ છીએ, પણ તે બિચારાંને તો સાંકડાં પાંજરાંમાં પુરાઈ રહેવું પડે છે, અને ભૂખથી તેમની ચામડી લબડે છે.'

રતનબહેનના હાથમાં હમણાં ગાય દોહવાનું કામ હતું. તેણે કહ્યું: 'હું રોજ ગૌશાળામાં કામ કરું છું. ગાયોને બાંધવા છોડવાનું અને દોહવાનું કામ મારે કરવાનું હોય છે. મને કોઈ કોઈ વાર મનમાં એમ થાય છે કે, આ રીતે ઢોરને બાંધીએ છીએ એ આપણે સારું કરીએ છીએ? વળી વાછરડાંના મોઢાનું દૂધ આપણે પડાવી લઈએ છીએ, એ આપણું કૃત્ય પણ શું સારું છે?'

પિતાજી બોલ્યા: 'તમે તો હજુ પાળેલાં પશુ પક્ષીઓનો જ વિચાર કર્યો. પણ માણસ માણસને પણ એ રીતે પાળતો, એની તમને ખબર નહિ હોય. બસો ત્રણસો વર્ષ ઉપર યુરોપના ગોરા લોકો આફ્રિકાનાં જંગલોમાં જઈ ત્યાંના કાળા હબસી લોકોને બાંધીને પકડી જતા, અને પછી તેમને અમેરિકા લઈ જઈ ઢોરની જેમ વેચતા. ત્યાંના ગોરા ખેડૂતો તેમને ગુલામ તરીકે ખરીદી પોતાની ખેતીમાં મજૂરી કરાવતા, અને જો કામ ન કરે અગર નાસી જાય તો ચાબુકથી ફટકારતા.'

માતાજીએ આખરે છોકરાંને સમજ પાડી:

'માણસ માણસને ગુલામ કરે એ તો ઘોર પાપ છે. પશુને પણ પાળવાં પડે છે એ આપણો અન્યાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો ખરો જ. આપણા સ્વાર્થ માટે પ્રભુનાં એ મૂંગાં બચ્ચાંને આપણે બાંધીએ છીએ, નાથીએ છીએ, લગામ પહેરાવીએ છીએ. આપણે તે માટે તે પરમ પિતાની ક્ષમા યાચીએ. આપણે જાનવરોને નછૂટકે જ પાળવાં; ખાસ ઉપયોગી કામ માટે જ પાળવાં, આપણા મોજશોખ માટે નહિ જ. વળી જેમને આપણે પાળીએ તેમને આપણે પ્રેમથી સંભાળવાં. તેમને પૂરતું ખાવાપીવા આપવું અને તે નિયમિત આપવું. તેમનાં શરીર અને રહેવાનાં સ્થળ ખૂબ સ્વચ્છ રાખવાં. અને છતાં જો કોઢમાં મચ્છર થાય તો ઘાસ પાંદડાં વગેરે બાળીને ધુમાડો કરવો, જેથી મચ્છર ઊડી જાય અને ઢોરને કરડે નહિ. આપણે નિર્દય માલિક ન બનવું. તેમને આર ચાબુક વગેરે મારવાં નહિ. તેમની પાસે ગજા ઉપરાંત કામ લેવું નહિ. તેમને ભૂખે મારવાં નહિ. તેમના ઉપર સદા દયા અને માયા રાખવી.'

પછી તુલસીદાસજીનો દુહો ફરી વાર ગાઈ મંડળી ઊઠી ગઈ.

ઘટમેં=દેહમાં

૧. બળદ, ઘોડો, ગધેડો વગેરે મહેનતુ જાનવરોનું ભાર વહેવાનું ગજું કેટલું કેટલું ગણાય તે વિદ્યાર્થીઓને સમજાવો.

૨. અમેરિકાની ગુલામીનો ચિતાર 'ગુલામીનો વેપાર' નામની નવલ-કથામાં ઘણો જ આબેહૂબ આપવામાં આવ્યો છે. વળી બૂકર ટી. વૉશિંગ્ટને પોતાની આત્મકથામાં પોતાના બચપણના ગુલામીના દિવસોનું વર્ણન કર્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૧૯ મો

ડબો ઘર - ડબો આશ્રમ

વડોદરાના ગાયકવાડો પોતાના સિક્કાઓ ઉપર મુદ્રાલેખ મૂકે છે: 'જીન ઘર—જીન તખ્ત'. મરાઠા સરદારોનું મોટું અભિમાન રહેતું કે, અમારા ઘોડાનું જીન રાતદિવસ કસેલું જ રહે.

તેમ ગાંધીજીનું ઘર કે આશ્રમ જે ગણો તે રેલગાડીનો ત્રીજા વર્ગનો ડબો થઈ પડ્યો છે. પોતાનો સંદેશો દેશને એક છેડેથી બીજે છેડે ફેલાવવા માટે તેઓ ફરતા ને ફરતા જ રહે છે, અને તેઓએ એટલી બધી વાર એ પ્રમાણે ચક્કર લગાવ્યાં છે કે, તેમણે રેલગાડીમાં વધારે વખત ગાળ્યો કે આશ્રમમાં એ કહેવું મુશ્કેલ છે. એટલે પછી ગાડીનો ડબો જ તેમનું ઘર અને ગાડીનો ડબો જ તેમનું આશ્રમ, એમ કહેવામાં શું ખોટું?

અને ગાંધીજી ગાડીના ડબાને ઘર ગણીને જ તેમાં પોતાનું બધું કામકાજ ચાલુ રાખે છે. ડબામાં કાંતે, ડબામાં સવાર સાંજ પ્રાર્થના કરે, ડબામાં પત્રવ્યવહાર ચલાવે, ડબામાં મુલાકાતો આપે, વગેરે.

ગાંધીજી હમેશાં ત્રીજા વર્ગના ડબામાં જ મુસાફરી કરે છે. શરીરની નબળાઈને લીધે કોઈ વાર તેઓ ઉપરના વર્ગમાં બેસતા, પણ તેમ કરતાં તેમનું દિલ ઘણું જ દુભાતું. 'જે જનતાનો હું સેવક છું, તે ત્રીજા વર્ગની હાડમારીઓ ભોગવે, અને હું તેનાથી જુદો તરીને ઊંચા વર્ગની ગાદીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર બેસું !' આવા વિચારો તેમના આત્માને ચેન પડવા ન દેતા.

ત્રીજા વર્ગના મુસાફરોની હાડમારીઓ આપણા દેશમાં તો જગજાહેર છે. લોકોની સાથે તે હાડમારી-ઓનો અનુભવ લેતાં ગાંધીજીને સંતોષ થાય છે. જ્યારે તેઓ મહાત્મા તરીકે દેશમાં પ્રખ્યાતિ પામ્યા નહોતા, ત્યારે આવી હાડમારીઓનો સ્વાદ ચાખવાનો તેમને ખૂબ ખૂબ મળી રહેતો. તેમને ઘણી વાર ઊભા રહેવું પડતું અને કોઈ કોઈ વાર ધક્કા પણ ખાવા પડતા; તો પછી સૂવાની કે કામ કરવાની સગવડ તો તે વખતે શાની જ હોય ?

પહેલાંના દિવસોમાં દેશનેતાઓ પણ પ્રજાથી છેટા રહેતા અને કંગાળ મેલી ઘેલી જનતા સાથે ભળવામાં શરમ માનતા. તેઓ મોટા અમલદારોની જેમ ઊંચા વર્ગોમાં જ મુસાફરી કરતા. તે વખતે ગાંધીજી જેવા એક બારિસ્ટર અને દક્ષિણ આફ્રિકામાં વસનાર સદ્‌ગૃહસ્થ ત્રીજા વર્ગમાં મુસાફરી કરે, એ ભારે નવાઈની વાત ગણાતી.

એક વાર ગાંધીજી કલકત્તામાં ગોખલેજીને ઘેર રહ્યા હતા. ત્યાંથી તે વિદાય થયા ત્યારે ગોખલેજી તેમને સ્ટેશન સુધી વળાવવા નીકળ્યા. ગાંધીજીએ વિનયથી તેમને તસ્દી ન લેવા વીનવ્યા, પણ ગોખલેએ ન માન્યું. તેમણે કહ્યું, 'તમે બીજાઓની જેમ ઊંચા વર્ગમાં મુસાફરી કરવાના હોત તો હું ન આવત, પણ તમે ત્રીજા વર્ગમાં બેસવાના છો, એટલે તો મારે વિદાય આપવા આવવું જ જોઈએ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી રીતે ગાંધીજીની કદર કરનારા તે જમાનામાં ગોખલે જેવા કોઈ વિરલા જ મળતા. બાકી સામાન્ય રીતે તો હાંસી જ થાય.

ત્રીજા વર્ગની હાડમારીઓ ભોગવતાં ભોગવતાં ગાંધીજીને પોતાના દેશની દીન હીન પ્રજાને પૂરેપૂરી પિછાણવાની તક મળી. પ્રજાનો સ્વભાવ, પ્રજાની નબળાઈઓ, પ્રજાની આદતો — તેની રગેરગ તેઓ કળી શકયા. પ્રજાની નાડ ગાંધીજીએ જેટલી પારખી, તેટલી બીજા કોઈ નેતા ભાગ્યે જ પારખી શકયા છે. તેથી જ ગાંધીજી દેશના સાચા વૈદ્ય બની શકયા છે અને તેમની બતાવેલી દવા પ્રજાને લાગુ પડી ગઈ છે, અને તેથી જ પ્રજાને પણ ગાંધીજીના ઉપર ઊંડી શ્રદ્ધા બેસી ગઈ છે.

જીન ઘર જીન તખ્ત = ઘોડાનું જીન એ જ અમારું ઘર છે, અને જીન એ જ અમારું સિંહાસન છે.

ગાંધીજીની બતાવેલી દવા = રેંટિયો વગેરે રચનાત્મક કાર્ય કે જેનાથી પ્રજાશક્તિ વધે છે.

૧. ત્રીજા વર્ગની મુસાફરીમાં ગાંધીજીને થયેલા અનુભવોના વર્ણન માટે તેમની 'આત્મકથા'માંનું 'ત્રીજા વર્ગની વિટંબણા' નામનું પ્રકરણ જુઓ.

૨. ત્રીજા વર્ગમાં કઈ કઈ હાડમારીઓ હોય છે તેની ચર્ચા વિદ્યાર્થીઓ સાથે કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૦ મો

સનાતન ઘડિયાળ

वगडावाटे, वरना घाटे, गामडामां घडियाळ
कांटा छे तेना रात ने दिवस, फेरवे तेने काळ;
घडी एने देवताओए,
घडी नथी मानवीओए. १

चंदर ऊगे, सूरज ऊगे, होय ना एमां भूल;
एमां पडे ज्यारे भूल, त्यारे ए घडियाळे होय भूल;
ए तोळे काळने कांटे,
टंकोटंक धर्म-कांटे. २

बापदादाना बापदादाए वापर्युं ए घडियाळ;
जुगना जुगना जुगथी जूनुं, तोये जाणे घडयुं काल!
ए कांटे काट चडे ना,
एनो कदी काच फूटे ना. ३

कूकडा कूकरेकूक करे, ने कागडा का का का,
कोयल कूजे कुंजवनोमां, मोर करे टहुका;
जाणे एलारम वागे,
सुणी ए कोण ना जागे? ४

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मंदिरमां घंट ने घरमां घंटी, घंटडी गायने नेस,
गोपीओने घेर घूमती गोळी, गळामां गुंजता रास :
जाणे चोघडियां वागे,
सुणी सूरो आभमां जागे. ५

हळवे हळवे आपणो ओळो पगमां पेसी जाय,
आभना पायेथी सूरज राजा आभना मोभे जाय;
खरा त्यारे बार बपोरे,
न छो घडियाळ टकोरे. ६

झाडना ओळे, पहाडना ओळे, पहोळी पछेडी वणाय;
ए रे पछेडीनी सोडमां ज्यारे दुनिया ऊंघवा जाय,
त्यारे समीसांजनी वेळा,
ऊगे अंधारना ओळा. ७

सीममां रुए शियाळ, गामे कूतरां काढे राग,
झाडमां घूघे घुवड, बोले तमरां तीणा राग,
जाणो मधरात छे त्यारे,
खरेखरी, नहि सुमारे. ८

सांजे, सवार, दिवस राते एना टकोरा थाय,
साठे घडी घडियाळ आ चाले, बंध कदी नहि थाय;
खरी घडियाळ ए साची,
बाकी बधी नकली काची. ९

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आपणां घडियां घडियाळो रहे आपणां खिस्सांमांय,
आ घडियाळना गजवा मांहे सारुंय विश्व समाय;
सनातन लोलक आनां,
चावी रोज खाय छे ना आ. ૧૦

૩૦

એલારમ = એલાર્મ, ઘંટડીનો ગજર.
આભના મોભે = આકાશમાં બરાબર માથા ઉપર.

દિવસે છાયાથી અને રાત્રે નક્ષત્રોથી સમય જાણવાનું વિદ્યાર્થીઓને શીખવો.

પાઠ ૨૧ મો

કોયલાબાબાની કહાણી

રામ રામ બાપુ! મારી કહાણી તમને કહું? મને કહેતાં તો નહિ આવડે. અમે તો જંગલના ભીલ. પહેલાં તો અમારા જંગલમાં સારા માણસ કોઈ આવતા જ નહિ. સારા સંગ વિના વાચા ક્યાંથી ઊઘડે? તમે દરિયાદિલ રાખી મારી ભૂલચૂક માફ કરજો.

મારું નામ હમણાં તો ગાંધી-બાપુના માણસોએ કોયલદાસ પાડ્યું છે. પણ મારું મૂળ નામ કોયલો. માબાપે મારાં લખણ જોઈ વિચારીને જ નામ પાડ્યું હશે. નાનપણથી મારાં કર્મ કાળાં કોયલા જેવાં જ હતાં. મોઢામાંથી મેલી ગાળો બોલું. બધા જોડે મારામારી કરું. તાડી દારૂ પીતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાનપણથી શીખી ગયો. કામકાજ કાંઈ જ કરું નહિ. અને નાહી ધોઈને ચોખ્ખો પણ ન રહું. હું તો ખાઉંપીઉં, તોફાન કરું અને આખલા જેવો ભટક્યા કરું, અને આખો દિવસ પાતરાંમાં તંબાકુ ભરી બીડીઓ તાણ્યા કરું.

મારો મોટામાં મોટો ધંધો એક જ હતો: ગામમાં નાચણું પડે કે ત્યાં સૌથી પહેલો પહોંચી જાઉં. લોધ પડે ત્યાંયે સૌથી પહેલો પહોંચ્યો જ હોઉં. ભવાઈ જોવા તો પાંચ સાત ગાઉ ચાલીને ગયા વિના ન રહું.

બાપા કોઈ વાર શિખામણ આપે તો સામો કરડવા દોડું અને ઠપકો આપે તો મારવા ઊઠું.

પછી બાપાએ મને પરણાવ્યો. તેમના મનમાં એમ કે છોકરો પરણશે તો ડાહ્યો થશે. પણ કોયલો તે કાંઈ ઊજળો થાય?

બૈરી આવી એટલે મારે કમાઈને તેનું પૂરું કરવું જોઈએ. પણ હું તો એવો હરામી કે જાતે કામ કરું નહિ અને બૈરી કરે તેનેય કરવા દઉં નહિ. તે બિચારી બહુ કામગરી હતી. ઘંટીનું કરે, ચૂલાનું કરે, ઢોરનું કરે, ખેતરનું કરે; ઘડીયે જંપીને બેસે નહિ.

પણ હું તો રાક્ષસ જેવો. બિચારીને ગાળો દઉં, તેના મોઢા ઉપર ચોડી કાઢું, લાકડું લઈને ફરી વળું.

એવામાં મારે ભાગ્યે એક દિવસ ગાંધી બાપુ પધાર્યા. બધા સભામાં જવા લાગ્યા, એટલે હું પણ ચાલ્યો. મેં તો ધારેલું કે કંઈક તમાસો જોવાનો મળશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધી બાપુનું ભાષણ તો મારા જેવાને ક્યાંથી યાદ રહે? હું તો તેના સામું જોઈ જ રહ્યો. એની આંખોમાંથી દયા વરસતી હતી. મારું મન કહેવા લાગ્યું—'ના, ના, હવે મારે સુધરી જ જવું. આજથી મારે દારૂ તાડી હરામ છે. આજથી હું કોઈને મારીશ નહિ, કોઈને ગાળ દઈશ નહિ.'

ગાંધી બાપુ કેવો ચોખ્ખો હતો! મેં ગાંઠ વાળી કે હવેથી હું પણ નાહી ધોઈને એવો જ ચોખ્ખો રહીશ.

ગાંધી બાપુ ભાષણ કરતાં કરતાં તકલી ચલાવતો હતો. મેં મનમાં ગાંઠ વાળી: ઘેર જઈને તરત હું પણ તકલી બનાવીશ, અને કાંતતાં શીખી જઈશ.

ભાષણ સાંભળીને હું ઘર તરફ ચાલ્યો. વાટમાં પીઠું આવ્યું. દારૂની કેફી વાસથી પગ તો અંદર જાઉં જાઉં કરવા લાગ્યા, પણ મન મજબૂત કરી હું સીધો ઘેર ગયો.

સવારમાં ઊઠીને તરત હું તો તકલી બનાવવા બેઠો. ઠીંકરી ઘસી તેની ચકરડી બનાવી, એક ખીલા વડે બરાબર વચ્ચોવચ્ચ સીધું કાણું પાડ્યું. વાંસ છોલીને દાંડી બનાવી. ખેતરમાંથી કપાસ વીણી લાવી રૂ કાઢ્યું. થોડી વાર મથ્યો એટલે તાર નીકળવા મંડ્યો. તાર નીકળે તેમ તેમ મને રસ પડવા મંડ્યો.

ત્યારથી મારા વિચારો જ બદલાઈ ગયા. રખડવામાંથી હવે ગમત ઊડી ગઈ. આખો દિવસ ખેતીનું કામ કરું અને નવરો પડું કે કાંતવા મંડું. બૈરીને મારઝૂડ કરવાના દિવસ હવે વહી ગયા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભુએ મને ચાર દીકરા અને બે દીકરી આપ્યાં છે. સારું થયું કે હું સુધરી ગયો, નહિ તો તે બિચારાં મારા જેવાં જ ઊછરત. હવે તો તે બધાંને હું ભણાવું છું, કામ શીખવું છું, ભજનો શીખવું છું. હું પોતે પણ એમની પાસે થોડું થોડું વાંચતાં શીખ્યો છું. મારી વાત મારે મોઢે શું કહું? આ છોકરાંની માને જ પૂછી લો.

અમારા ઘરમાં અમે નાનાં મોટાં બધાં જ કાંતીએ છીએ, પીંજીએ છીએ, અને અમારા ઘરની ખાદી પહેરીએ છીએ.

આ મારી કહાણી. જંગલના ભીલની કહાણી તે વળી કેવી હોય! તમારી મોટી મહેરબાની કે તમે બેસીને આખી કહાણી સાંભળી.

બાબા=ભાઈ (ભીલભાષામાં)

નાચણું પડે=નાચનારાઓ ભેગા થઈ જાય.

લોધ પડે=કોઈ ધરા કે તળાવડામાં મચ્છીનો શિકાર કરવા આખું ટોળું એકસામટું ઊતરી પડે.

૧. દરેક ગામમાં, ખાસ કરીને પછાત લોકોમાં, આને મળતા જીવન-પરિવર્તનના દાખલાઓ મળી આવશે. તેઓને શોધી તેમની કદર કરો, તેમની મદદ લઈ પ્રૌઢશિક્ષણનું ઘણું કામ કરી શકો. એવાના પરિચયથી વિદ્યાર્થીઓના જીવન ઉપર ઘણી જ ઊંડી છાપ પડ્યા વિના ન રહે.

૨. ભીલ આદિ પછાત કોમો ગામમાં વસતી હોય તેમની સેવા કરવી એને શાળાની એક ખાસ બાહ્ય પ્રવૃત્તિ બનાવવી ઘટે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૨ મો

અણપઢની પ્રાર્થના

હજરત મૂસાના હૃદયમાં ખુદાએ પ્રેરણા મૂકી: 'તું મારો પેગંબર છે. તું દેશમાં બધે ફર. ખુદા એક છે, મહાન છે, તેની તોલે બીજું કોઈ નથી, એ મંત્ર લોકોને શીખવ, અને આડે રસ્તે ચાલનારાઓને ધર્મને માર્ગે ચડાવ.'

ત્યારથી હઝરત મૂસા દેશવિદેશમાં વિચરવા લાગ્યા અને ધર્મનો ઉપદેશ કરવા લાગ્યા.

ચાલતાં ચાલતાં વગડામાં તેમણે એક વાર કોઈ ભરવાડને કંઈક બબડતો સાંભળ્યો. હજરત મૂસાનું ધ્યાન તેના તરફ ખેંચાયું. ભરવાડની આસપાસ તેનાં બકરાં ચરતાં હતાં, પણ તેનું ધ્યાન તેઓની ઉપર નહોતું. તેની આંખો ઊંચે આકાશ તરફ તાકી રહી હતી. આજુબાજુ કોણ છે તેનું તેને ભાન જણાતું ન હતું. પોતાની ડાંગ ઉપર ટેકીને તે ઉભો હતો અને લાંબો હાથ કરી કરીને તે આકાશમાંથી કોઈને બોલાવતો હતો.

'હે મારા માલિક, ઓ મારા શેખ, મારા સરદાર! તું ક્યાં છે? મને તારા મુખડાનું દર્શન કરાવ. મારી પૂજા કબૂલ કરવા તું આવી પહોંચ. તું પ્રગટ થા, અને તારા રંક સેવકને તારી ખિદમત કરવાની તક આપ.'

હજરત મૂસાને ભરવાડનું ભાષણ સાંભળી ઘણી નવાઈ લાગી. 'ખુદાને પ્રાર્થના કરવાની આ તે કેવી રીત! આ માણસ નથી ઘૂંટણિયે પડતો, નથી ભોંય પર મસ્તક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂકતો, નથી શાસ્ત્રની આયત બોલતો. આ તો ગાંડાની માફક લાંબા હાથ કરી કરીને ફાવે તેમ લવે છે!'

ભરવાડ તો ધ્યાનમાં મગ્ન હતો. તેની પ્રાર્થના ચાલુ જ હતી:

'આવ આવ, મારા પ્યારા માલિક, આવ! હું તારા જોડા સીવી દઉં; આવ, હું તારા વાળ ઓળી દઉં; આવ, હું તારાં મેલાં કપડાં ધોઈ દઉં, અને તારી કંબલમાંની જૂ વીણી દઉં. આવ આવ, હું તને મારી બકરીઓનું તાજું તાજું દૂધ પાઉં. મને આજે તારા ઉપર કેટલો બધો પ્રેમ ઊભરાય છે! તું આવ, આવ! તું ક્યાં છુપાઈ રહ્યો છે? પ્રભુ, આવ, મને તારા હાથ ચૂમવા દે, તારા ચરણ તળાંસવા દે. પછી હું તારો ઓરડો વાળી આપીશ, તારું બિછાનું પાથરી આપીશ, અને તને આરામથી પોઢાડીશ. ઓ મારા બાદશાહ, ઓ મારા સ્વામી, તું વહેલો પધાર. તારો વિજોગ હવે મારાથી સહેવાતો નથી.'

હજરત મૂસાથી હવે આ બધો બકવાદ સહ્યો જાય તેમ ન હતું. ભરવાડ તો સાવ શાસ્ત્ર વિરુદ્ધનો લવારો કરી રહ્યો હતો. ખુદાની બંદગી કરવા જતાં તે બેવકૂફ પાપનો ભારો બાંધી રહ્યો હતો. હજરત મૂસા રાતા પીળા થઈ ગયા અને ઘાંટો પાડીને બોલી ઊઠ્યા:

'અરે ઓ નાપાક બુઢ્ઢા! આ તું શું લવે છે? અરે ઓ કાફર, તને કાંઈ શાસ્ત્રનું ભાન છે? આ તું કેવી નાસ્તિકપણાની લવરી કરી રહ્યો છે? શું ખુદા ભૂખ્યો છે કે તારી બકરીનું દૂધ પીવા તેને બોલાવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે? શું ખુદા નાગો ઉઘાડો છે કે તે તારાં લૂગડાં પહેરવા આવશે? શું ખુદા રખડતો છે કે તે તારા ઘરમાં રહેવા આવશે? અરે બેવકૂફ ભરવાડ! ખુદાને શું માથું છે કે તું ઓળવાની વાત કરે છે? ખુદાને શું પગ છે કે તે તું દાબવા તૈયાર થયો છે? ઓ ગમાર, તને કંઈ શાસ્ત્ર બાસ્ત્રનું ભાન છે? તારા જેવા પાપી, અણપઢ આદમીને તો જીવતો જ રહેવા દેવો ન જોઈએ.'

બિચારા બુઢ્ઢા ભરવાડનું ધ્યાન ભંગ થઈ ગયું. જાણે પ્રભુના ચરણમાંથી તેને ટાંટિયો ઝાલીને કોઈએ નીચે ગબડાવી દીધો ન હોય, એવું તેને લાગ્યું. તેની જીભ ઝલાઈ ગઈ. હજરત મૂસાની લાલ આંખો જોઈ તે થરથરવા લાગ્યો.

તપેલા લોઢાની પેઠે હજરત મૂસાનો ક્રોધ ઊતરતાં બહુ વાર લાગી. પણ જ્યારે ક્રોધ ટાઢો પડ્યો ત્યારે એમનું અંતર બળવા લાગ્યું. તે આંખો મીંચીને અને લમણે હાથ દઈને બેસી પડ્યા. અંતરમાં તેમણે ખુદાનો અવાજ સાંભળ્યો:

'અરે ઓ મૂસા, તેં આ શું કર્યું? મેં તને શા કામે મોકલ્યો અને તેં શું કામ કર્યું? મેં તને ખુદા અને તેના ભક્તનો મિલાપ કરાવવા મોકલ્યો, ત્યારે તેં તો મારા ભક્તને મારાથી વિખૂટો પાડ્યો છે! મેં તને ભૂલેલાને સીધો રાહ બતાવવા મોકલ્યો, ત્યારે તેં તો જે સીધા રાહ ઉપર હતો તેને ઊલટો આડે રસ્તે ચડાવ્યો છે.'

હજરત મૂસા — યહૂદીઓના પેગંબર.
શેખ = નાયક. આયાત = શ્લોક. રાહ = રસ્તો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૩ મો

હું તારો

हरि हुं भलो भूंडो पण तारो,
भलो भूंडो पण तारो. हरि हुं०

तुं मारी माता, हुं तारुं बाळक,
बहु दुःख पामुं बिचारो. हरि हुं०

दीन-दयाळ थई दीनबंधो,
बंधन विविध विदारो. हरि हुं०

मातानी माफक सेवक पर,
भूधर, भाव वधारो. हरि हुं०

पूजुं आप तणां पद, एवुं
स्वांत सदैव सुधारो. हरि हुं०

केशव प्रभु हुं कांई न मागुं,
नरक-निवास निवारो. हरि हुं०

સ્વાંત = પોતાનું અંતર, અંતઃકરણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૪ મો

બાનો પત્ર

જોહાનિસબર્ગ
(દક્ષિણ આફ્રિકા)
તા. ૧-૧૧-'૪૧, શનિવાર

ચિ૦ મોહન,

તારો પત્ર મળ્યો. અમે તેની કેટલી આતુરતાથી રાહ જોતાં હતાં! તારા બાપુ રોજ ટપાલીને ફરી ફરીને પૂછે. ભલો ટપાલી અમારી લાગણીને સંતોષવા બે ત્રણ વાર તેના કાગળોનો થોકડો ઉથલાવે. છેવટે જ્યારે તે જાણે કે અમારો પત્ર તો હિંદુસ્તાનથી આવવાનો છે, ત્યારે તે હસીને કહે, 'માફ કરજો સાહેબ, હિંદની આગબોટ હજુ આવી નથી. હું ઇચ્છું છું કે તેને હું બે દિવસ વહેલી આપણે કિનારે લાવી શકું.'

છેવટે તારો પત્ર આવ્યો. તે વાંચી અમને કેવો આનંદ થયો! પરમેશ્વરનો અમે ઘણો ઘણો ઉપકાર માન્યો કે તેણે અમારા વહાલા મોહનને હેમખેમ રાખ્યો છે.

પણ ખરી રીતે અમારે ચિન્તા કરવાની છે જ ક્યાં? તું તો ભલાં માતાજી અને પિતાજીના ખોળામાં ખેલે છે. તે તારી સંભાળ લેશે તેવી અમે કદી લઈ શકીએ એમ નથી.

તું તો એટલી વારમાં કાંતતાં પણ શીખી ગયો! ત્યારે તો હવે અમારે પણ કાંતતાં શીખી જવું પડશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વદેશની ભક્તિ તાજી રાખવા અમે અહીં કંઈ કરી શકતાં નથી, તેથી મન હમેશાં બળે છે. હવે કાંતવાનું શરૂ કરવું જ, એવો અમે બન્ને સંકલ્પ કરીએ છીએ. પિતાજીને મારી વતી વિનંતી કરજે કે, અમારે માટે સારાં જોઈને બે ચરવડા-ચક્રો મોકલે. તારા બાપુ અને હું બન્ને કાંતતાં શીખી લઈશું. પછી તું ત્યાં રોજ કેટલા વાગ્યે કાંતવા બેસે છે તે અમને લખજે. એટલે અમે પણ અહીં બરાબર તે જ મિનિટે કાંતવા બેસીશું. પાંચ હજાર માઈલ દૂર બેઠાં બેઠાં પણ આપણે રોજ અરધો કલાક આપણા તાર જોડીશું. સમુદ્રને આ આરે બા બાપુના તાર નીકળે અને સામે આરે વહાલા મોહનના! કેમ, ઠીક ને?

તમારો ત્યાંનો વાસ વાડીની વચમાં આવેલો છે, અને તું રોજ સવારમાં કચ્છ લગાવી તારા મિત્ર કનુભાઈ સાથે વાડીમાં કામ કરવા જાય છે, એ વાંચી અમને ખૂબ રમૂજ પડી. બે નાના છોકરાઓ લંગોટ પહેરીને અને ખભે કોદાળી લઈને જતા હશો, ત્યારે કેવા સુંદર દેખાતા હશો!

ખરી રીતે તને એ આનંદ મળે તે માટે જ અમે મન કઠણ કરી તને ત્યાં રહેવા મોકલ્યો છે. ખરેખર, તારું વર્ણન વાંચી અમને તારી અદેખાઈ આવે છે. આપણું અહીંનું રહેવાનું કેવું છે, તે તો તું જાણે છે. અહીં તો અમે મોટા જંગી કબાટ જેવા મકાનના એક ખંડમાં રહીએ છીએ. ત્યાં વાડી ક્યાંથી લાવીએ? બે ચાર કૂંડાંમાં ફૂલઝાડો રાખ્યાં છે, એને જ વાડી ગણી અમારે સંતોષ માનવો રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતાજીને અને માતાજીને ઘણા ઘણા પ્રેમથી અમારા પ્રણામ કહેજે. એમના ઉપકારનો બદલો અમે કેવી રીતે વાળી શકીશું? તું એમની આજ્ઞાઓ હંમેશાં આનંદથી પાળી તેમને સંતોષ આપજે.

તારા મિત્ર કનુભાઈને અને બહેન રતનને અમારા બન્નેના વહાલભર્યા આશીર્વાદ છે. આ દેશના સમુદ્રમાંથી મોટા મોટા સુંદર કોડાઓ અને શંખ નીકળે છે, તે તેમને માટે મોકલીએ છીએ.

પિતાજીને કહેજે કે, તેમના નામ ઉપર દસ પાઉંડ રવાના કરું છું. તેનો ઉપયોગ તેઓશ્રીને યોગ્ય લાગે તેમ ગરીબોને દાન આપવામાં કરે, એવી મારી ઇચ્છા છે. અમે દૂર દેશાવરમાં પડેલાં આથી વધારે કંઈ કરી શકતાં નથી, તેનું દુઃખ મનમાં સદા રહ્યાં કરે છે.

હાલ એ જ. આવતી આગબોટમાં ફરીથી પત્ર લખીશ. તું પણ દર ટપાલવેળાએ લખતો રહેજે. માતાજી અને પિતાજીના આશીર્વાદથી અને પરમાત્માની કૃપાથી તું સાજોતાજો રહે અને મોટો થઈ દેશનો સાચો સેવક થા, એ જ મારી અંતરની પ્રાર્થના છે.

બાની

શુભ આશિષ

---

૧. જોહાનિસબર્ગ — દક્ષિણ આફ્રિકામાં ટ્રાંસવાલ પ્રાંતનું પ્રસિદ્ધ શહેર. દુનિયાની મોટામાં મોટી સોનાની ખાણ માટે તે પ્રખ્યાત છે. ગુજરાતમાંથી એટલા લોકો ત્યાં ધંધાર્થે જાય છે કે, તે આપણે માટે આપણા જ એક પ્રાંત જેવું જાણીતું છે. વળી મહાત્મા ગાંધીજીના સત્યાગ્રહથી પણ તે આપણને વિશેષ પરિચિત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજીએ લખેલા દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના ઇતિહાસ ઉપરથી વિદ્યાર્થીઓને ત્યાંની ભૂગોળ, આપણા લોકો ત્યાં કેવા સંજોગોમાં રહે છે, અને ગાંધીજીની આગેવાની નીચે થયેલો સત્યાગ્રહ વગેરેની વાતો કહો.

૨. મોહનનાં માબાપ પરદેશમાં રહ્યાં રહ્યાં પોતાના સ્વદેશને નામે રેંટિયો કાંતવાનો સંકલ્પ કરે છે. સામાન્ય રીતે આપણા દેશમાંથી ધંધાર્થે પરદેશ જનારાઓ 'દેશ તેવો વેશ' એ વિચારને અનુસરી પરદેશમાં પોતાનો પહેરવેશ, ભાષા, સંસ્કૃતિ એ બધું છોડી દેતાં હોય છે. એથી તેઓ પોતાનું અને માતૃભૂમિનું સ્વમાન ગુમાવે છે.

વળી આપણા સફરીઓ પરદેશોમાં જાય છે ત્યાં તેઓ તે દેશના થઈને વસતા નથી, કે તે દેશના હિતનાં કામો કરવામાં રસ લેતા નથી. પણ ત્યાંથી ધન ઘસડી લાવવાનો એકમાત્ર વિચાર જ સેવે છે. તેથી પણ તેઓ ઈર્ષાનું કારણ બને છે.

આ વિચારો વિદ્યાર્થીઓ આગળ ચર્ચવા જેવા છે.

પાઠ ૨૫ મો

'ગોળનું માટલું'

ઠે. શ્રી. જીવણભાઈની વાડીમાં
મુ. સુંદરપુર
ગુજરાત (હિંદુસ્તાન)
મિતિ, માહ વદ ૯, સોમ
તા. ૯–૨–'૪૨

પૂ૦ બા,

તમારો પત્ર મળ્યો છે. માતાજીને અને પિતાજીને તે વંચાવ્યો છે.

હું આનંદમાં છું. મારી ચિંતા તમે કે બાપુ જરા પણ કરશો નહિ.

આ વખતે હું બીજું કંઈ લખવાનો નથી પણ તમે દશ પાઉંડ મોકલ્યા છે તે બાબત જ લખું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતાજીએ તમારો કાગળ વાંચી મને પૂછ્યું: 'તારી શી ઇચ્છા છે? આ દશ પાઉંડ આપણે કેવી રીતે ખર્ચીશું?'

મેં કહ્યું, 'મને તો ખબર પડતી નથી. પણ બાએ ગરીબોને દાન કરવાનું લખ્યું છે, માટે ભિખારીઓને આપો.'

પછી પિતાજીએ મને એક રૂપિયાના પૈસા આપી કહ્યું, 'તને ઠીક લાગે તેમને તું આ પૈસા આપજે.' એટલે આપણે તો આ ગામમાં નીકળી પડ્યા અને જેટલા ભિખારી દીઠા તેટલાને એક એક પૈસો વહેંચવા માંડ્યો.

ભિખારીઓએ તો તરત ગામમાં વાત ફેલાવી દીધી કે, ગામમાં એક 'ગોળનું માટલું' આવ્યું છે. પછી તો ભિખારીઓ અને વગર ભિખારીઓ બધા જ મને વીંટળાઈ વળ્યા. તેમણે તો મારું નામ જ 'ગોળનું માટલું' એવું છાપી દીધું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમના હલ્લામાંથી જેમ તેમ માર્ગ કરીને હું ઘર પાસે પહોંચ્યો. ભિખારીઓનું લંગર પણ મારી પાછળ લાગેલું જ હતું.

તેઓ ધક્કાધક્કી કરતા હતા અને રાડારાડ કરતા હતા. 'મને આપજો ભાઈ સાહેબ, હું રહી ગયો ભાઈ સાહેબ.'

કોઈ બાઈઓ કાખમાં બેસાડેલાં બાળકોનો હાથ લાંબો કરાવી કહેશે, 'આ છોકરું રહી ગયું છે, બાપુ.'

તેઓ અંદર અંદર ઝઘડા પણ કરવા લાગ્યાં:

'અરે એ! તું તો લઈ ગયો છે.'

'તેમાં તારા બાપનું શું ગયું? આપવું હશે તો આપશે.'

કોલાહલ સાંભળી પિતાજી, માતાજી, કનુભાઈ, રતન-બહેન, શાંતાબહેન, વનમાળી, બધાં જ વાડીમાંથી મારી પાસે દોડી આવ્યાં. પિતાજીએ મને જેમ તેમ કરી ભિખારીઓના ઘેરામાંથી છોડાવ્યો. પછી તેમણે એ બધા ભિખારીઓને કહ્યું:

'માફ કરજો બાપુ, એક એક પૈસા સારુ અમારા મોહનભાઈએ તમને બહુ તકલીફ આપી છે. હવે એની પાસે તો પૈસા ખૂટી ગયા છે. પણ તમે બધાં આવ્યાં છો તો ભલે આવ્યાં. ચાલો, તમને વાડીમાં કંઈક કામ આપું. એક કલાક કામ કરશે તેને બે પૈસા આપીશું. જા બેટા રતન, પંદર વીસ ખૂરપીઓ લઈ આવ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સાંભળી એ ટોળામાં સાચા ભિખારીઓ હતા તેઓ તો પલાયન કરવા લાગ્યા. જતાં જતાં તેઓ બબડતા હતા, 'અમે કાંઈ નવરા નથી તારા બે પૈસા લેવાને.'

'અમને કંઈ મજૂરિયાં ભાળ્યાં કે શું? અમે તો સાધુ બાવા લોક.'

પણ તેમાંનાં ઘણાં માણસો તો સાચાં ભિખારી જ નહોતાં. તેઓ ગરીબ રહ્યાં, અને મફતમાં પૈસો મળતો દેખ્યો એટલે બાપડાં લોભાયાં. તેઓ શરમાઈ ગયાં. તેમાંનાં કેટલાંક તો માતાજીનાં ઓળખીતાં નીકળ્યાં. માતાજીએ તેમને કહ્યું: 'બાપુ, તમારે ભીખ શા સારુ માગવી પડે? કામ ન મળે તે દિવસે તરત અમારી વાડીએ ચાલ્યાં આવવું. ગમે તે કામ આપીશું. બીજું કામ નહિ હોય તો છેવટે રેંટિયો તો છે જ.'

આવાં લોકો ખૂરપીઓ લઈને કલાક કલાક વાડીમાં નીંદી ગયાં અને બબ્બે પૈસા લઈ ગયાં.

પછી માતાજીએ મારો વાંસો થાબડી કહ્યું, 'કેમ મોહનભાઈ, આજે તો તમને ભારે અનુભવ મળ્યો.'

પ્રાર્થના વખતે પિતાજીએ સમજાવ્યું કે, 'ભીખ લેવી એ પણ ખરાબ છે અને ભીખ આપવી એ પણ ખરાબ છે. જુઓ ને, પેલાં ભલાં ગરીબ લોકો કોઈ દિવસ ભીખ માગે એવાં હતાં? પણ મોહનને પૈસા વેરતો દેખી બિચારાં લોભમાં પડયાં.'

પછી પિતાજી મને કહે, 'કેમ મોહનભાઈ! હવે તું સમજી ગયો હોઈશ કે, પૈસા મોકલવા તો તારી બા માટે સહેલા હતા, પણ તે ખર્ચવા આપણે માટે સહેલા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પણ કંઈ ફિકર નહિ. હવે તને ઘણો કીમતી અનુભવ મળી ગયો છે. તે પરથી બોધ લઈ હવે સાચા ગરીબોને તું જ શોધી લાવજે, અને તેમને શું આપવું તે પણ તું જ સૂચવજે. આપણે કંઈ ઉતાવળ નથી. તું શોધી લાવે ત્યાં સુધી આપણે વાટ જોઈશું.'

એટલે હવે મારે ગામમાંથી ગરીબ માણસને શોધવાના છે.

પણ બા! તમે પૈસા મોકલીને મારી ઠીક ફજેતી કરાવી, હોં! ગામમાં 'ગોળનું માટલું' એવું મારું નામ પડાવ્યું!

ના, હોં બા! હું તો અમસ્થો જ આવું લખું છું. મને તો બહુ મજા પડી છે.

મારું શરીર બહુ જ સરસ છે. જરા પણ ફિકર કરશો નહિ.

પોપટ સરોવરિયા પાળ,
પોપટ આંબલિયા ડાળ,
પોપટ કાચી કેરી ખાય,
પોપટ પાકી કેરી ખાય.
પોપટ ટહુકા કરે!

બાનું 'ગોળનું માટલું'
મોહન

પલાયન કરવું = નાસી જવું.

હિંદુસ્તાનના કરોડો દરિદ્ર લોકો, તેમના ધંધાઓ નાશ પામવાથી અરધે પેટે રહે છે. ઇંગ્લંડ, અમેરિકા વગેરે તાલેવંત રાજ્યો પોતાના બેકારોને દાન આપી નભાવે છે. તેમ કરવું આપણે માટે શક્ય પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી, અને લેનારાઓનું સ્વમાન ખંડન કરનારું છે. તેઓને દાન નહિ પણ કામ આપીને જ સુખી કરી શકાય. ખાદી અને ગ્રામઉદ્યોગની હિલચાલો પાછળ રહેલી આ વિચારસરણી વિદ્યાર્થીઓને સમજાવો.

પાઠ ૨૬ મો

સુપાત્ર

મોહનના માથા ઉપર મોટી ચિન્તાનો ભાર આવી પડ્યો હતો. તેને સુપાત્ર માણસ શોધી કાઢવાનો હતો. તે મનમાં વિચારવા લાગ્યો :

બાએ જેવા પ્રેમથી પૈસા મોકલ્યા છે, તેવો તેનો ઉત્તમ ઉપયોગ કરું તો જ હું ખરો. ભિખારીઓને પૈસા વહેંચવા નીકળ્યા તેમાં તો બેવકૂફ બન્યા. આવી મૂર્ખાઈ હું હવે આખી જિંદગીમાં ફરી કદી કરીશ નહિ. આ વખતે તો હું સાચામાં સાચા ગરીબને શોધીશ.

ભગાભાઈ નામે એક ભાઈ વખતોવખત વાડીમાં કામ કરવા આવતો. તે નાની સરખી ઝૂંપડીમાં રહેતો. તેને પોતાનું ખેતર-બેતર કશું હતું નહિ. બીજાનાં ખેતરોમાં મહેનત મજૂરી કરી તે પોતાનો ગુજારો ચલાવતો. મોહનની નજર આ ભગાભાઈ ઉપર ઠરી.

એક દિવસ વાડીમાં કામ કરી ભગાભાઈ હાથ મોં ધોઈ ઘેર જવાની તૈયારી કરતો હતો. મોહને તેને ખાનગીમાં લઈ જઈ વાત કરી : ભગાકાકા, મારી બાએ ગરીબને દાન આપવા પૈસા મોકલ્યા છે, તે પૈસા તમને આપવાની મારી ઇચ્છા છે; જરા પિતાજી પાસે આવશો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોહનનું કહેવું સાંભળી ભગાભાઈ તેના સામું જોઈ રહ્યો. તેની આંખ ભીની થઈ ગઈ. તે બોલ્યો :

'અરે મોહનભાઈ, એ શું બોલ્યા ? અમે તો કોઈનું દાન ન લઈએ. ભગવાને હાથ પગ આપ્યા છે. ભિખારી થઈ દાન લઈએ તે કરતાં તો બૂડી મરવું સારું. આટલી જિંદગી કોઈની પાસે હાથ લાંબો કર્યો નથી, અને ભગવાનને બે હાથ જોડી અરજ કરું છું કે, હે પ્રભુ, મોત આપજે, પણ માગવા વખત ન દેખાડીશ.'

આ સાંભળી મોહન પોતાના મનમાં ઘણો નિરાશ થયો. માંડ માંડ ગરીબ માણસ જડ્યો, તો તે દાન લેવાની ના પાડે છે! છતાં મોહને વિચાર્યું કે, બાના પૈસા આપવા તો આ ભગાભાઈને જ આપવા.

પછી તેણે પિતાજીની પાસે પોતાની ઇચ્છા જાહેર કરી. પિતાજી આ વખતની તેની શોધથી સંતોષ પામી બોલ્યા :

'શાબાશ મોહન, આ વખતે તેં આપવા યોગ્ય ગરીબને શોધી કાઢ્યો છે. ભગાભાઈ સુપાત્ર છે ખરો.'

મોહન—પણ પિતાજી, મેં એમને પૂછ્યું ત્યારે તેમણે તો દાન લેવાની સાફ ના પાડી.

પિતાજી—ના પાડી ને? એ તો ના જ પાડે. ભગાભાઈ ગરીબ છે, પણ ભારે ટેકીલો અને સ્વમાની માણસ છે. હું તેને બહુ વર્ષથી ઓળખું છું.

મોહન—પણ પિતાજી, બાના પૈસા માટે કોઈ લાયક હોય તો મને તો આ ભગાકાકા જ લાગે છે. માટે તમે એમને ગમે તેમ કરી સમજાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતાજી—ધર્માદા તો એ કોઈ કાળે નહિ લે. પણ એનું સ્વમાન ઘવાય નહિ એ રીતે આપણે તેને મદદ કરીશું. ભગાભાઈ ઘણો ડાહ્યો અને મહેનતુ માણસ છે. પણ એકલા હાથથી તે કેટલું કમાઈ શકે? તેને હળ બળદ અપાવીએ, તો તે તેનો ઉપયોગ કરી પોતાની સ્થિતિ જરૂર સુધારી શકે.

માતાજીએ સૂચના કરી: 'સાથે સાથે પીંજણ અને રેંટિયો પણ આપો. હળ બળદની કમાણી મળતાં તો છ મહિના નીકળી જશે, જ્યારે રેંટિયો તો આ ઘડીથી જ દૂઝવા લાગશે.'

મોહન—આપની બન્નેની સૂચનાઓ ઘણી જ સુંદર છે. એમને બાના પૈસામાંથી હળ અને બળદની જોડ અપાવો અને પીંજણ રેંટિયાની જોડ પણ અપાવો. બા તે સાંભળી બહુ જ રાજી થશે, એની મને ખાતરી છે; અને પૈસા ખૂટશે તોપણ મોકલશે.

પછી પિતાજી મોહનને તેડી ભગાભાઈની છાપરીએ ગયા. પ્રથમ તેની સાથે પ્રેમથી વાતચીત કરી તેનો સંકોચ ભાગી નાખ્યો, અને પછી તેને હળ બળદ અપાવવાની વાત કાઢી. પહેલાં તો ભગાભાઈએ તે લેવાની ઘસીને ના પાડી. પણ પિતાજીએ તેને બહુ સમજાવ્યો. તેમણે કહ્યું: 'આ કંઈ દાન નથી, આ તો ભાઈ ભાઈને મદદ કરે તેવું છે.'

પિતાજીની સમજાવટ અને નાના મોહનના પ્રેમભર્યા કાલાવાલા! ભગાભાઈ છેવટે હળ બળદ લેવા રાજી થયો. પણ તેણે કહ્યું, 'જુઓ બાપા, ધર્માદો એ તો કાચો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પારો કહેવાય. એ મને જરે નહિ. ભગવાન મારા ઉપર રાજી ન રહે. માટે મારી પ્રતિજ્ઞા છે કે, હું ભગવાનની કૃપાથી તમારા પૈસા બેચાર વર્ષે દૂધે ધોઈને પાછા આપીશ.'

પછી તેઓ ભગાભાઈની રજા લઈ ઘર તરફ જવા નીકળ્યા. વાટમાં મોહને પ્રશ્ન કર્યો, 'પિતાજી, આપણા પૈસા તો તે પાછા આપવાનું કહે છે. ત્યારે તેમાં આપણે આપ્યું શું?'

પિતાજી—સાચી મદદ તો એવી જ હોય, ભાઈ. ધરતી માતાને એક દાણો આપીએ છીએ તો તે આપણને સો દાણા પાછા નથી આપતી?

હાથ લાંબો કરવો=ભીખ માગવી.

કાચો પારો=પારો નામની રૂપેરી અર્ધપ્રવાહી ધાતુ. તેની ભસ્મ દવા તરીકે લેવાય છે. પણ જો ભસ્મ કાચી રહી ગઈ હોય તો તે શરીરમાંથી ફૂટી નીકળે છે.

૧. ગીતામાં દાનના ત્રણ પ્રકારોનું સુંદર વર્ણન છે. 'ગીતાધ્વનિ'-માંથી તે શ્લોકો શીખવો. (અધ્યાય ૧૭, શ્લો. ૨૦, ૨૧, ૨૨.)

૨. ભગાભાઈ અને તેની સ્ત્રી રેંટિયો-પીંજણ અને હળ-બળદ એ બે જોડીઓના પ્રતાપે બાર માસમાં કેટલી કમાણી કરી શકે, એની ગણતરી વિદ્યાર્થીઓ સાથે મળીને કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૭ મો

૧

અવગુણ કેડે ગુણ

(છપ્પો)

पाणी आपने पाय, भलुं भोजन तो दीजे;
आवी नमावे शीष, दंडवत कोडे कीजे.
आपण घासे दाम, काम महोरोनुं करीए;
आप उगारे प्राण, ते तणा दुःखमां मरीए.
गुण केडे तो गुण दश गणो, मन वाचा कर्मे करी;
अवगुण केडे जे गुण करे, ते जगमां जीत्यो सही.

શામળ ભટ્ટ

૨

મોગરો અને કૌચ

(મનહર છંદ)

मोगरानां बीज जेवा मानवीना मीठा बोल,
कौच बीज जेवा बोल कडवा कहावीए;
मोगरानां बीजमांथी कौच न कदापि थाय,
कौचथी न मोगरानी आश लेश लावीए;
एक वार आपणे विवेकथी विचारी जुओ,
एवां झाड ऊगे जेवां जेवां बीज वावीए;
प्यार खार पामवा उपाय हाथ आपणामां,
दुनियाने दोष दलपत न चडावीए.

કવિ દલપતરામ ડાહ્યાભાઈ

ઘાસે દામ=પૈસાનો ઘસારો ખમે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૮ મો

આપણા હાથ

આપણુ ઇન્સાનને સૃષ્ટિનાં બીજાં સર્વ પ્રાણીબંધુઓથી આગળ વધારનાર શું હશે?

આપણી આંખો? ખરેખર, આંખની શક્તિમાં તો બીજાં પ્રાણીઓએ આપણને બહુ જ પાછળ પાડી દીધાં છે. સમડી અને ગરુડે પોતાની આંખને દૂરબીન બનાવી દીધી છે. બિલાડી, વાઘ વગેરેએ પોતાની આંખને દિવસ અને રાત્રિ બંને વખતે કામ આપે તેવી બનાવી લીધી છે. કૂતરાં કબૂતર જેવાં પ્રાણીઓએ પોતાની નજર એવી કેળવી છે કે, એક વાર જે માર્ગે નીકળે તે માર્ગે પાછા ફરતાં તેં કદી વાટ ચૂકતાં નથી.

એ જ પ્રમાણે આપણાં નાક અને કાન પણ બીજાં પ્રાણીઓની સરખામણીમાં બહુ જ નબળાં રહી ગયાં છે. પાણીની માછલી, કે જે અતિમંદ બુદ્ધિની ગણાય, તેના કાન કેટલા બધા સરવા છે! તેને પકડવા ખાતર બગલાને કેટલી બધી ચુપકીદી જાળવતાં શીખવું પડે છે! ઘોડાનું તેમ જ કૂતરાનું નાક કેવું અદ્‌ભુત છે! વાસ માત્રથી તેઓ પોતાના માલિકને ઓળખી કાઢે છે. અરે, કીડી જેવા ઝીણા જંતુનું નાક પણ જુઓ ને. તેની સાથે સરખાવતાં આપણું નાક તો સાવ નાળચું જ ગણી શકાય. એક ખાંડની કણી ક્યાંક ખૂણામાં પડી હશે તે પણ કીડી શોધી કાઢશે! ત્યારે આપણે માણસો, નજીકમાં ખાંડની વખાર હશે તે પણ નાકથી જાણી શકીશું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણી પાસે એક જ અંગ એવું છે કે જેણે આપણને આગળ વધારવામાં અતિ મોટો ફાળો આપ્યો છે. તે છે આપણા હાથ. ઈશ્વરની એ અમૂલ્ય બક્ષિસ મેળવવાને માણસ એકલો જ ભાગ્યશાળી નીવડ્યો છે. કેવા અદ્‌ભુત એ હાથ! મજબૂત કાંડાંમાં બેસાડેલા, ત્રણ ત્રણ વેઢાવાળી પાંચ આંગળીઓવાળા, અને સુંદર ગાદીથી મઢેલા પંજાવાળા! કેવી અદ્‌ભુત એ હાથની શક્તિઓ! નાની સરખી ચપટી પકડી શકે, તેમ મોટા મોટા ઘણ ઉપાડી શકે. ઘા ફેંકે તો ધારી તાક મારી શકે, ઘા આવે તો ઝીલી શકે. વગર કાંટે વજન પારખી શકે, વગર માપે ધાર્યો ઘાટ ઉતારી શકે. ક્યાં જનાવરોના થાંભલા જેવા બુઠ્ઠા પગ, અને ક્યાં મનુષ્યના સજીવ મનોહર હાથ!

માણસના હાથની ખૂબી એના અંગૂઠામાં છે. ચાર આંગળીઓથી જુદો હોવા છતાં એ એમની સાથે સહકાર કરી શકે છે. એટલે જ આપણને પૂણી કે સોય પકડતાં ફાવે છે, ચપટીથી ટાંકણી પણ ઊંચકી શકાય છે. અંગૂઠો ન હોત તો આપણને કઈ કઈ અગવડો આવત એનો વિચાર કરશો તો ખબર પડશે.

ભીલનો છોકરો ધનુર્વિદ્યા શીખી અર્જુનથી ચડિયાતો થયો એ સારું ન લાગવાથી દ્રોણાચાર્યે એ ભીલ પાસેથી તેનો અંગૂઠો માગી લીધેલો, એ કથા તમે સાંભળી હશે. એ કથા સાચી હોય કે ન હોય, પણ અંગૂઠાનું મહત્ત્વ બતાવવા ખરેખર કામની છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈસ્ટ ઇન્ડિયા કંપનીના ત્રાસમાંથી બચી જવા બંગાળના વણકરો પોતાના અંગૂઠા નકામા કરી નાખતા, એ વાત ઇતિહાસમાં મશહૂર છે.

હાથનો ઉપયોગ કરતાં કરતાં માણસની બુદ્ધિને બહુ બહુ સૂઝ પડી. તેણે હાથથી ઝાલી વાપરવાનાં જાત જાતનાં ઓજારો શોધી કાઢયાં. હાથમાં ઓજાર લઈ માણસે માટીનાં માટલાં ઘડ્યાં, લાકડાં ઘડ્યાં, લોઢું વગેરે ધાતુઓના ઘાટ ઘડ્યા. તેણે ખેતર ખેડ્યાં અને દેવતા સળગાવ્યા. તેણે ઘર બાંધ્યાં, કૂવા તળાવ બાંધ્યાં. વળી તેણે સૂતર કાંતી કપડાં વણ્યાં અને ચામડાં કેળવી જોડા પહેર્યા. તેણે જમીન પર દોડવા ગાડાં અને પાણીમાં દોડવા વહાણ બનાવ્યાં. તેણે આંગળીઓમાં નાની નાજુક પીંછીઓ, મજેદાર ટાંકણાં અને કલમો પકડી ચિત્રો દોર્યાં, કોતરકામ કર્યાં, અને પુસ્તકો લખ્યાં.

પશુપક્ષી કીટકોએ પણ પોતાની અક્કલ કંઈક તો ખીલવી છે. હાથ ન હોવા છતાં એટલું કર્યું એ માટે તેમને શાબાશી આપવી જોઈએ.

જુઓ ને, આપણા ઘરમાં જ રહેનારી બિલાડી બાઈ. ઊંચે ટાંગેલું શીકું સર કરવા તે કેવી ચારે તરફ ડોકી મરડી હિસાબો કરે છે! હિસાબ લગાવી અંતે બિલાડી જે રસ્તો ઠરાવે છે, એના કરતાં વધારે સારો રસ્તો કોઈ ઇજનેર સાહેબ શોધી શકે, તો તેને આપણે ખરો કહીએ.

મધમાખી તો તેનાથીયે નાની. પણ વગર ફૂટપટ્ટીએ અને વગર કોણમાપકે તે ષટ્કોણોનો સુંદર પૂડો રચે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવો કોઈ કારીગર બનાવી આપે તો ખરો ! શરત એ કે, તેણે પણ ઓજારો વાપરવાનાં નહિ.

ચતુર સુઘરી પોતાની કઠણ ચાંચ અને પગનાં જેવાં તેવાં આંગળાં વડે માળો ગૂંથે છે તે જોઈ આશ્ચર્ય થતું નથી ? અરે, પેલું છ પગવાળું જંતુ કરોળિયો જે સુંદર જાળ રચે છે, એમાં તે ઓછી ખૂબી વાપરે છે ? એ પ્રાણીઓએ હાથ અને ઓજારો વિના આવી અક્કલ ચલાવી, તો તેમને જો હાથ હોત તો ?

ખરેખર, હાથ એ આપણને મળેલી મોટામાં મોટી ખુદાઈ બક્ષિસ છે. તેણે આપણને જાનવરમાંથી માણસ બનાવ્યા છે.

મહાભારતમાં એક શિયાળ અને માણસ વચ્ચેનો સંવાદ છે. નિરાશ થયેલા એક માણસને શિયાળ કહે છે: ઈશ્વરે તમને અમારા કરતાં વધારે બુદ્ધિ આપી છે, તે ઉપરાંત અમને નહિ એવા બે હાથ આપ્યા છે, છતાં તમે હિંમત કેમ હારો છો ?

આપણી ફરજ છે કે, આવા બે હાથ વડે આપણે ઈશ્વરનાં બાળોને દુઃખ ન દઈએ, પણ તેમની સેવા કરીએ.

ઇન્સાન=મનુષ્ય, આદમી. ખુદાઈ=ઈશ્વરી, ખુદાની.

દ્રોણાચાર્યે જે ભીલના છોકરા પાસેથી અંગૂઠાની દક્ષિણા માગી હતી તેનું નામ એકલવ્ય. તેની કથા અને નાટક લખાયાં છે તે મેળવીને વાંચો.

આપણી શાળાઓ આ અમૂલ્ય હાથને વિવિધ ઉદ્યોગોની કેળવણી આપવાની યોજના ન કરે, તો વિદ્યાર્થીઓનું જીવન કેટલું લૂખું થઈ જાય ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૨૯ મો

રેંટિયો અને તેનું ગ્રહમંડળ



સૂર્ય એ કેન્દ્રમાં છે અને તેની આસપાસ બુધ, શુક્ર, પૃથ્વી, મંગળ, ગુરુ, શનિ, એ ગ્રહમંડળ ફર્યાં કરે છે. સૂર્ય છે તો ગ્રહો છે. સૂર્ય તપે છે તો ગ્રહો ઓછાવત્તા ચળકે છે. સૂર્ય આકર્ષણ કરે છે તો ગ્રહો પણ આકાશમાં વેરવિખેર ન થતાં પોતપોતાના માર્ગોમાં નિયમિત ભ્રમણ કરે છે.

તેમ હિંદુસ્તાન દેશના ઉદ્યોગ–આકાશમાં રેંટિયો એ કેન્દ્રમાં રહેલો સૂર્ય છે, અને બીજા સર્વ ઉદ્યોગો તે સૂર્યને ફરતી ગ્રહમાળા છે. રેંટિયામાં જ્યાં સુધી ચેતન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું, ત્યાં સુધી જ બીજા ઉદ્યોગોમાં ચેતન રહ્યું. રેંટિયો થંભી ગયો કે તરત બીજા ઉદ્યોગો કરમાવા લાગ્યા.

રેંટિયો બંધ પડ્યો ત્યારથી ગામડે ગામડે ચાલતી અસંખ્ય હાથસાળો થંભી ગઈ છે. મિલના સૂતરની દયા ઉપર કેટલીક ટટળે છે, પણ તેમને પણ ધીરે ધીરે બંધ પડવાનો જ દહાડો આવ્યો છે. વણકરોનાં છોકરાં હવે હાથવણાટની ખૂબીઓ પણ ભૂલવા લાગ્યાં છે.

રેંટિયો બંધ પડ્યો ત્યારથી હજારો પીંજારાઓની પીંજણો મૂંગી થઈ ગઈ છે. કોઈ કોઈ પીંજારા ગોદડાનું રૂ પીંજવા ફરતા જોવામાં આવે છે. પણ તેમાં કેટલાને રોજી મળે? વળી કાંતવા માટે પીંજવાની સુંદર કળા પણ હવે તેઓ ખોઈ બેઠા છે.

રેંટિયો બંધ પડ્યો તેની સાથે લોકો સંચાનાં તૈયાર રંગેલાં છાપેલાં લૂગડાં તરફ વળ્યા. એથી હજારો રંગારા અને છીપા નવરા પડ્યા છે. હિંદુસ્તાનના વનસ્પતિના રંગો એક જમાનામાં દુનિયામાં પંકાતા, તેને ઠેકાણે તે રંગો બનાવવાની રીતો જાણતો હોય તેવો રંગારો આજે શોધ્યો જડતો નથી.

રેંટિયો બંધ પડ્યો તે સાથે આ બધા ધંધાનાં ઓજારો, જેવાં કે રેંટિયા, ફણી, સાળ, કાંઠલા, વગેરે બનાવનારાઓ પણ ઠેર ઠેર નવરા પડ્યા છે.

રેંટિયો બંધ પડતાં કાપડને લગતા ધંધાઓ બંધ પડ્યા છે એટલું જ નથી. રેંટિયો બંધ પડ્યો તે તો લોકોનો સ્વભાવ બદલાયાની નિશાની છે. રેંટિયાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમાનામાં, જે ચીજ ઘરમાં બનાવી લેવાય, તે ખરીદવા લોકો બજારે ન જતા. ગામમાં મળે તે લેવા બહારગામ ન જતા. કેટલીક ચીજો તો બજારમાં લેવા જવી અને બજારમાં વેચવી એમાં હીણપત ગણાતી.

અનાજ ગામમાં પકવી લેવાને બદલે પરગામથી લાવવું, એમાં ગામની નામોશી ગણાતી. જે પ્રદેશમાં બાજરી પાકે ત્યાંના લોકો બાજરી ખાતા, જુવાર પાકે ત્યાં જુવાર ખાતા, ડાંગર પાકે ત્યાં ચોખા ખાતા, ઘઉં પાકે ત્યાં ઘઉં ખાતા. ખાવાના તેલ માટે લોકો પોતાનાં ખેતરમાં તલ ઉગાડી લેતા અને તે ગામના ઘાંચીની ઘાણીમાં પિલાવી લેતા.

દીવો બાળવાના દિવેલ માટે લોકો ઘરની ક્યારીમાં દિવેલા ઉગાડી લેતા, અને ગામની ઘાણીમાં પિલાવી લેતા.

ઘી દૂધ જોઈએ તે માટે લોકો ઘેર ગાયો પાળતા. દૂધ વેચવું એમાં અધર્મ ગણાતો. આજે ઘી દૂધ બજારની ચીજ બની છે. ગાય પાળવી કે ગામની સરસ ગૌશાળા ચલાવવી, એમાં લોકોને કડાકૂટ લાગે છે. લોટી લઈને આનાનું દૂધ જેવું અને જ્યાં મળે ત્યાંથી લઈ આવતા સૌ થઈ ગયા છે. આમ દૂધ ઘીનો લોભી વેપાર થતાં, તેમાં ભેગ કરવાની અનીતિમય ટેવ પણ લોકોને પડવા લાગી છે.

જોડા જોઈએ, કોસ જોઈએ, નાડાં અછોડા જોઈએ, તે બધું કામ ગામના ચમારને મળતું. આજે ચમાર બાપડો વા ખાય છે, છતાં લોકો શહેરની દુકાનમાં જઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંગબેરંગી ને ચમચમ કરતા જોડા પહેરવામાં શોભા સમજે છે.

પ્રવાસ કરવા માટે અને ભારની અવરજવર માટે પહેલાં બળદગાડાં વપરાતાં. હવે ગામના બળદ ગામમાં બેકાર પડ્યા રહે છે અને લોકો મોટર-ખટારામાં દોડે છે અને મોટર-લારીઓમાં માલ વહે છે.

અરે, ઘરની અંદર સહેજે સહેજે નવરાશના વખતમાં બની જતું, તેય હવે પૈસા ખરચી સંચે કરાવવાની ટેવ આપણને પડી ગઈ છે.

ખાવાપીવાની ચીજોમાં લોકોને એ વાતમાં મોટાઈ લાગતી કે, અમારી ખાવાની ચીજો તો અમારા પોતાના ઘરમાં કે ગામમાં તૈયાર કરેલી જ અમે વાપરીએ. લોકો અભિમાનથી કહેતા કે, 'આ તો અમારા ઘરની ઘંટીનો લોટ, આ તો અમારે ઘેર છડેલા ચોખા, આ તો અમારા ઘરના તલનું તેલ, આ તો અમારા ઘરની ગાયનું દૂધ, આ તો અમારા ગામના કુંભારના કલાડાનો રોટલો, આ તો અમારા ગામની સાળનું લૂગડું, આ અમારા ગામના લુહારે ઘડેલો કુહાડો.'

જાત-ઉપયોગમાં લેવાની વસ્તુઓમાં કેટલી મહેનત પડી, કેટલો વખત ગયો, એવો અવળો હિસાબ લોકો ગણતા નહિ. આજે સંચો પૈસાનું પાંચ શેર દળી આપતો થયો, એટલે ઘરદળણાનો શોખ ઊડી ગયો છે. રેંટિયો ગયો તે સાથે ઘંટી, ખાંડણિયો, વલોણું, વગેરે રેંટિયાનું ગ્રહમંડળ, ખરતા તારાઓની જેમ, ખરી ગયું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ ધન પેદા કરવાનું પાસું ક્ષીણ થયું છે અને તૈયાર માલ ખરીદવાની ટેવો વધી પડી છે. પરિણામે ઘરની લક્ષ્મી જતી રહી છે અને તેની જગ્યાએ અવદશાએ ઘર ઘાલ્યું છે.

એ બધા ગ્રામઉદ્યોગોને અને ગૃહઉદ્યોગોને પાછા જાગતા કરવા હોય, ગામડાંનું બેકાર અને મંદ જીવન પાછું ચેતનવંતું કરવું હોય, તો મધ્યવર્તી સૂર્યને પાછો તેને સ્થાને સ્થાપવો જોઈએ.

તે સૂર્યસ્થાને રેંટિયો બિરાજે છે. તેને ફરતો કરો એટલે ઉદ્યોગોરૂપી તેનું ગ્રહમંડળ આપોઆપ ગ્રામ-આકાશમાં ખીલી ઊઠશે, અને પોતપોતાની ગતિથી ભ્રમણ કરવા મંડશે. મૂળમાં સિંચન કરો, એટલે ડાળાં પાંખડાં પોતાની મેળે ફાલવા, ફૂલવા અને ફળવા લાગી જશે.

---

૧. તમારા પોતાના ગામમાં અથવા આસપાસનાં ગામોમાં વણકરો, છીપા, પીંજારા વગેરેના ધંધાઓની કેવી દશા થઈ પડી છે તેનો અભ્યાસ કરવા વિદ્યાર્થીઓને લઈ જાઓ.

૨. ગ્રામઉદ્યોગોની જ વસ્તુઓ વાપરવી એ દેશ પ્રત્યે ભક્તિ બતાવવાની ઉત્તમ રીત છે એ સમજાવો. વિદ્યાર્થીઓને તેમ કરવા ઉત્તેજન મળે એવું શાળાનું વાતાવરણ રાખવું ઘટે છે.

૩. આકાશમાં બુધ, શુક્ર, ગુરુ, શનિ, મંગળ એ ગ્રહો દેખાતા હોય ત્યારે વિદ્યાર્થીઓને તેમનો પરિચય કરાવો. તેઓ કયાં નક્ષત્રો નજીક છે તે શોધતાં શીખવો. આ ગ્રહો ઉપરાંત ત્રણ નવા ગ્રહો તાજા શોધાયેલા છે. પણ તે નરી આંખે દેખાતા નથી. તેમનાં નામો હર્ષલ, વરુણ, પ્રાન્તક (તેનાં જ યુરોપી નામો યુરેનસ, નેપ્ચ્યુન, પ્લૂટો).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૦ મો

ગ્રામદેવીનું નાટક

[૧]

[ગ્રામદેવી પ્રવેશ કરે છે.]

ગ્રામદેવી — (કૂદકા અને તાળી સાથે)

આઝાદી ! આઝાદી ! એક વાર આવો જો,
મારા ઘર પર આવો જો.

[આઝાદી પરીઓ સાથે પ્રવેશ કરે છે.]

આઝાદી — (ડોકું હલાવી)

ના, નહિ આવું જો !

પહેલી પરી — (કૂદકા અને તાળી સાથે)

તારે ઘર અંધારું જો, નહિ બારી કે બારું જો,
ઘર વચ્ચે કોઢારું જો.

આઝાદી —

કેમ કરીને આવું જો ? આવું તો નહિ રહું હું જો.

ગ્રામદેવી — (કૂદકા અને તાળી સાથે)

કોઢ જુદી બંધાવું જો, બારણિયાં મુકાવું જો,
અજવાળાં રેલાવું જો.
આઝાદી ! આઝાદી ! એક વાર આવો જો,
મારા ઘર પર આવો જો.

આઝાદી — (હસીને)

હા, હવે હું આવું જો.

બીજી પરી — (કૂદકા અને તાળી સાથે)

લીંપાવો ધોળાવો, બહેન, ધૂપ લોબાન જળાવો, બહેન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આઝાદી —(આશીર્વાદ આપતી હોય તેમ)

જાઓ જલદી આવું, બહેન, આવી કાયમ રહું હું, બહેન!

[૨]

[એક બાજુથી એ ગ્રામદેવી જાય છે — અન્ય ગ્રામદેવી બીજી બાજુથી આવે છે.]

ગ્રામદેવી —

આઝાદી! આઝાદી! એક વાર આવો જો,
મારા ઘર પર આવો જો.

આઝાદી — ના, નહિ આવું જો!

પહેલી પરી —

તુજ વાડામાં ગંદકી જો, ઉકરડા ઉકરડી જો,
કૂવા પાસે કૂંડી જો.

આઝાદી —

કેમ કરીને આવું જો? આવું તો નહિ રહું હું જો.

ગ્રામદેવી —

ગંદકીને તો ટાળું જો, કચરો પૂંજો વાળું જો;
કૂવા કૂંડી ગાળું જો.
આઝાદી! આઝાદી! એક વાર આવો જો,
મારા ઘર પર આવો જો.

આઝાદી — હા, હવે હું આવું જો.

બીજી પરી —

મોરી પર કર ક્યારી, બહેન! તાજું શાક ઉગાડી, બહેન!
ફૂલોની ફૂલવાડી, બહેન!

આઝાદી —

જાઓ જલદી આવું, બહેન, આવી કાયમ રહું હું, બહેન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

[૩]

[એ ગ્રામદેવી જાય છે. ત્રીજી ગ્રામદેવી આવે છે.]

ગ્રામદેવી —

આઝાદી! આઝાદી! એક વાર આવો જો,
મારા ઘર પર આવો જો.

આઝાદી — ના, નહિ આવું જો!

પહેલી પરી —

તારા વગડા બળતા જો, પથી તડકે તરફડતા જો.
ઝાંઝવ-જળ છેતરતાં જો.

આઝાદી —

કેમ કરીને આવું જો? આવું તો નહિ રહું હું જો.

ગ્રામદેવી —

બાંધું પથ વિસામા જો, વગડે વગડે સામા જો;
પરબ પરબડી એમાં જો.
આઝાદી! આઝાદી! એક વાર આવો જો,
મારા ઘર પર આવો જો.

આઝાદી — હા, હવે હું આવું જો.

બીજી પરી —

વાડી વન વિસ્તારો, બહેન, ફળ, ફૂલ, ઝાડ ઉછેરો, બહેન.

આઝાદી —

જાઓ જલદી આવું, બહેન, આવી કાયમ રહું હું, બહેન.

[૪]

[ત્રીજી ગ્રામદેવી જાય છે. ચોથી ગ્રામદેવી પ્રવેશે છે.]

ગ્રામદેવી —

આઝાદી! આઝાદી! એક વાર આવો જો,
મારા ઘર પર આવો જો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આઝાદી — ના, નહિ આવું જો!

પહેલી પરી —

પરદેશી તુજ વસ્તર જો, ઘાઘર ને પાનેતર જો,
પહેરણ જામા ધોતર જો.

આઝાદી —

કેમ કરીને આવું જો? આવું તો નહિ રહું હું જો.

ગ્રામદેવી —

પરદેશી પરહરશું જો, ખાદી ડિલ પર ધરશું જો;
દેશીનાં પણ લેશું જો.
આઝાદી! આઝાદી! એક વાર આવો જો,
મારા ઘર પર આવો જો.

આઝાદી — હા, હવે હું આવું જો.

બીજી પરી —

ચરખા સાળ ચલાવો, બહેન, ઘરઉદ્યોગ ખિલાવો, બહેન.

આઝાદી —

જાઓ જલદી આવું, બહેન, આવી કાયમ રહું હું, બહેન.

[૫]

[ચોથી ગ્રામદેવી જાય છે, પાંચમી પ્રવેશે છે.]

ગ્રામદેવી —

આઝાદી! આઝાદી! એક વાર આવો જો,
મારા ઘર પર આવો જો.

આઝાદી — ના, નહિ આવું જો!

પહેલી પરી —

તુજ બાળકડાં ભૂખ્યાં જો, તુજ ઘર ભોજન સૂકાં જો,
ખાય છતાં જન ભૂખ્યાં જો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આઝાદી —

કેમ કરીને આવું જો? આવું તો નહિ રહું હું જો.

ગ્રામદેવી —

બાળકડાંને રૂડાં જો પાશું ઘર-દૂધલડાં જો,
મધ માખણ ને મહીડાં જો.
આઝાદી! આઝાદી! એક વાર આવો જો,
મારા ઘર પર આવો જો.

આઝાદી — હા, હવે હું આવું જો.

બીજી પરી —

ઘર ઘર ગૌરી બાંધો, બહેન, ઘી ને દૂધમાં રાંધો, બહેન.

આઝાદી —

જાઓ જલદી આવું, બહેન, આવી કાયમ રહું હું, બહેન.

[૬]

[પાંચમી ગ્રામદેવી જાય છે — છઠ્ઠી પ્રવેશ છે.]

ગ્રામદેવી —

આઝાદી! આઝાદી! એક વાર આવો જો,
મારા ઘર પર આવો જો.

આઝાદી — ના, નહિ આવું જો!

પહેલી પરી —

તુજ ઘર વસ્તી ગાંડી જો, પીએ દારૂ તાડી જો,
લૂંટાવે ઘર વાડી જો.

આઝાદી —

કેમ કરીને આવું જો? આવું તો નહિ રહું હું જો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રામદેવી —

દારૂમાં દવ દેશું જો, પીશું તો પય પીશું જો.
ઘરવખરી નહિ ખોશું જો.
આઝાદી! આઝાદી! એક વાર આવો જો,
મારા ઘર પર આવો જો.

આઝાદી — હા, હવે હું આવું જો.

બીજી પરી —

પકવો તાડે સાકર, બહેન, ખજૂરીએથી ખજૂર, બહેન.

આઝાદી —

જાઓ જલદી આવું, બહેન, આવી કાયમ રહું હું, બહેન.

[૭]

[છઠ્ઠી ગ્રામદેવી જાય છે — સાતમી આવે છે.]

ગ્રામદેવી —

આઝાદી! આઝાદી! એક વાર આવો જો,
મારા ઘર પર આવો જો.

આઝાદી — ના, નહિ આવું જો!

પહેલી પરી —

ઘર ઘર જુદા ચોકા જો, ધરમ ધરમના નોખા જો,
ભાઈ ભાઈથી વાંકા જો.

આઝાદી —

કેમ કરીને આવું જો? આવું તો નહિ રહું હું જો.

ગ્રામદેવી —

તડાં ગામનાં તોડું જો, કોને નહિ તરછોડું જો,
ભાઈ કહીને તેડું જો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આઝાદી ! આઝાદી ! એક વાર આવો જો,
મારા ઘર પર આવો જો.

આઝાદી—હા, હવે હું આવું જો.

બીજી પરી—

ઊંચનીચના ભેદો, બહેન, છૂતઅછૂતને છેદો, બહેન.

આઝાદી—

જાઓ જલદી આવું, બહેન, આવી કાયમ રહું હું, બહેન.

[દેવી આસનેથી ઊઠે છે—બધાં જાય છે.]

પડદો પડે છે.

પ્ર૦

ગ્રામદેવી=ગામરૂપી દેવી યા ગામની સ્ત્રી. આઝાદી=સ્વતંત્રતા.
કોઢારું=ઢોર બાંધવાની જગા. ગુજરાતના કેટલાક ભાગોમાં રહેવાનાં ઘરોમાં જ ઢોર બાંધવાનો રિવાજ છે, જે આરોગ્યને હાનિકર છે.
પથી=મુસાફર. ગૌરી=ગાય. પય=દૂધ.
છૂતઅછૂત=આભડછેટ.

વિદ્યાર્થિનીઓ આ નાટક ભજવે. જુદી જુદી ગ્રામદેવીઓમાં જે જે દોષો બતાવેલા છે તે પ્રગટ થાય તેવા રંગભૂમિના વેશ તેમને કઢાવવા જોઈએ. જેમ કે, પહેલી ગ્રામદેવી છાણથી ખરડાયેલી હોય, બીજી કાદવકીચડથી ખરડાયેલી હોય, વગેરે.

દરેક પાત્ર કેવા અભિનયથી બોલે તેની સૂચના પહેલા ખંડમાં જ મૂકી છે. તે પ્રમાણે બધા ખંડોમાં સમજી લેવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૧ મો

ઘાસલેટનો ખડિયો



कोई अणवड नुगरे घडियो,
आ घासलेटनो खडियो!
घासलेटनो डब्बो कापी, रेण लगाडी मढियो!
ऊंचे नीचे वाट जवानो, कान डोकमां जडियो! आ०
जे घडिए नजरे चडियो, तो मोही पड्यो गामडियो!
केम मोह्या, तो बोल्या, 'भाईशाव! सस्तो ने सगवडियो!' आ०
बार महिने बार फूटतां, न्याल थतो उकडियो!
कुंभारना कोडियाने काढी, दीवी उपर चडियो! आ०
पेटी, पटारा, पाणियारां ने चूले काढे हडीओ!
चीमनीनुं शुं काम? घेर कोई पहेरे नहि पाघडीओ! आ०
झांखी मेली झाळ जुओ, कोई ऊंघणसी दारूडियो!
फगफग धूणी शी शोभे, जेम जटाधारी जोगडियो! आ०

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आंख नाक छातीमां जामे, झेरी मेशनी थडीओ!
जामे तो छो जामे, बगडे एरंडिये आंगळीओ! आ०
टांके, शींके, छजे, जाळिये, मेश मेश मेशाडीओ!
मेश भली, पण केम खमाये, हनुमानजीनी मळीओ! आ०
भूले चूके गबडे, तो थाय दीवानो दीवडियो!
अंधारे भाई, भले आथडीए, पडो खाडमां खडियो! आ०

જુગતરામ દવે

નુગરો=ગુરુ વિનાનો, અસંસ્કારી.
ઉકડિયો=તે નામનો કુંભાર.
દીવડિયો=મોટો દીવો—આગ.

૧. ગ્યાસતેલ નવું નવું દાખલ થયું ત્યારે તેનો ઉપયોગ કેમ કરવો તેનું જ્ઞાન ન હોવાથી આવો ખડિયો નીકળ્યો. આજે પણ ગામડાંઓમાં તે ચાલે છે. તે આરોગ્ય માટે ઘણો જ નુકસાનકારક છે તેમ જ ગ્યાસતેલ પૂરું બળ્યા વિના મેશને રૂપે ઊડી જાય છે એ આર્થિક નુકસાન પણ છે.

૨. દીવાનું વિજ્ઞાન વિદ્યાર્થીઓને સમજાવો.

પાઠ ૩૨ મો

સોયનો ગરબો

गोरांदे पातळां सळेकडां रे, माथे चोटलो दूधनी धार रे,
सोयबाई सीवो सीवो.
सादां सीधां तमे साधवी रे, अंगे एके नथी शणगार रे.
सोयबाई सीवो सीवो.
खावा मागो न तमे रोटला रे, तमे पीवा मागो नहि नीर रे. सोय०
हवा खाईने तमे जीवतां रे, तमे पहेरो दिगंबर चीर रे. सोय०

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मोटो सहोदर सोइयो रे, त्राक तकलीनी साथे सगाई रे. सोय०
स्नेही तमारां सर्व कामढां रे, काम विना तो काया कटाय रे. सोय०
मारे तमारे, बाई, गोठडी रे, आखा आयखानी ओळखाण रे. सोय०
बेटा तमे ने तमे बेटडी रे, आखा घरनुं करो गुजरान रे. सोय०
ज्यारे उठाडुं त्यारे ऊठतां रे, भले काळा अंधारना पहोर रे. सोय०
हुं थाकुं, ना तमे थाकतां रे, भले बळता वैशाखना बपोर रे. सोय०
चोळी सीवो ने सीवो कांचळी रे, सीवो कापडां नवां नकोर रे. सोय०
सीवो घेरावदार घाघरा रे, सीवो साळुये सोना-कोर रे. सोय०
कुरतां सीवो ने सीवो केडियां रे, सीवो लेंवा लुंगी लंगोट रे. सोय०
गादी, गलेफ ने गादलां रे, ओटो ओढा आथरनी गोट रे. सोय०
टेभा टांको तो एवा टांकजो रे, जाणे वज्जरनुं झारण थाय रे. सोय०
बखिया मारो तो एवा मारजो रे, तार तूटे, टांको न तूटी जाय रे. सोय०
राजा ने राणी तेडां मोकले रे: वीरा मेराई, आवजो महेल रे. सोय०
सोयबाई, तमारा कामथी रे, थाय मोटां मेराईनां मूल रे. सोय०

अ०

આપણા ગરીબ દેશમાં ઘણાં બાળકો પોતાનાં કપડાં ફાટી જાય ત્યાં સુધી તે બદલી શકતાં નથી. તેથી વિદ્યાર્થીઓને થીગડાં મારવા પૂરતું સીવવાનું શિક્ષણ શાળામાં મળી જાય એ ઘણું ઇચ્છવા જેવું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૩ મો

ખોરાક કેવી રીતે પચે છે?

આપણે દિવસમાં ત્રણ ચાર વાર ખાઈએ છીએ, તેનું શરીરની અંદર શું થતું હશે? આપણે જે બધું ખાઈએ છીએ પીએ છીએ, ચાટીએ છીએ ચૂસીએ છીએ, એ બધાનું શરીરમાં જઈને થાય છે શું? આપણે ફળ, મૂળ, કંદ ખાઈએ છીએ; આપણે દાળ, ભાત, રોટલા, શાક ખાઈએ છીએ; આપણે તેલ, ઘી, ગોળ ખાઈએ છીએ; આપણે દૂધ પીએ છીએ, છાશ પીએ છીએ; આપણે દિવસમાં દસ વાર પાણી પીએ છીએ. આ બધું શરીરની અંદર ક્યાં જાય છે? તેનું શું થાય છે?



દરેક છોકરાને અને દરેક છોકરીને આ પ્રશ્ન ઊઠે જ છે.

આટલું તો તમે સૌ જ જાણો છો કે, તમે ખોરાકને ભાણામાંથી હાથ વડે ઉપાડી મોંમાં મૂકો છો. તે જો પ્રવાહી હોય તો તમે પીઓ છો, લોંદા જેવો હોય તો ચાટો છો, રસવાળો હોય તો ચૂસો છો, કઠણ હોય તો દાઢો વચ્ચે પીસીને ચાવો છો, અને મોઢાના ગોખલામાં પેસે નહિ એવડો લાંબો પહોળો હોય તો પ્રથમ તમારા આગલા દાંતો વતી કાપીને તેના નાના ટુકડા કરી મોંમાં ઘાલો છો અને પછી તે ચાવો છો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મતલબ કે, કોઈ પણ ખોરાક જ્યાં સુધી સારી રીતે ચવાઈ વટાઈ બારીક ન થાય, ત્યાં સુધી તેને પેટમાં જવાની મનાઈ છે.

અહીં સુધી ખોરાકનું શું થાય છે તે તમે દેખી શકો છો. પણ પછીનું બધું અંધબારણે, ચામડીના પડદા પાછળ, શરીરના ભીતરમાં થાય છે.

તમે તમારો કોળિયો ખૂબ ચાવી પાણી જેવો પાતળો બનાવી ગટાક દઈને ગળે ઉતારો છો. એક લાંબી નળી વાટે તે એક કોથળીમાં જઈને પડે છે. તે કોથળીનું નામ જઠર કે હોજરી.

હોજરીમાં તે અન્ન શરીરની ગરમીથી રંધાય છે અથવા પાકે છે. તેને માટે સાચી ભાષા વાપરીએ તો ત્યાં અન્ન પચે છે.

ત્યાંથી પછી તે પચેલું અન્ન થોડે થોડે આંતરડાંમાંથી પસાર થવા માંડે છે. હોજરીને નીચલે છેડેથી આ આંતરડું શરૂ થાય છે. તે પોલી અને કરચલીવાળી બહુ જ લાંબી નળી છે. પેઢુની નાની સરખી બખોલમાં લગભગ ૩૦ ફૂટ લાંબી નળી વ્યવસ્થિત ગૂંચળું વાળીને ગોઠવી મૂકેલી હોય છે.

આ આંતરડાના નળમાં થઈને અન્ન જેમ જેમ આગળ જાય છે, તેમ તેમ તેમાંનો સાર ભાગ આંતરડાંની દીવાલોમાં ચુસાઈને લોહીમાં ભળી જાય છે. કેવું સુંદર, લાલ લાલ, ચળકતું, ગરમાગરમ, દોડતું એ લોહી! તે તો આપણા જીવનનો ઝરો છે. શરીરનું અણુએ અણુ તે લોહી માટે ટાંપીને જ બેઠું હોય છે. તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોહી આખા શરીરમાં ફરી દરેક અંગને પોષણ આપે છે, નવજીવન આપે છે, ચેતન, બળ, આનંદ આપે છે.

હવે આંતરડામાં ન પચી શકે તેવો અને શરીરમાં બિનજરૂરી એવો કચરો અથવા મળ બાકી રહી જાય છે. તે ગંધાતી નકામી વસ્તુ આપણે શરીરની બહાર ફેંકી દઈએ છીએ. જો આપણે કુદરતી હાજતથી ચેતી તે મળને વખતસર વિસર્જન કરીએ નહિ, તો તે શરીરમાં ઝેર ફેલાવી આપણને માંદા પાડે છે.

ખોરાક શરીરની ગરમીથી પાકે છે અથવા પચે છે, એમ આપણે કહ્યું. પણ તેમાં કુદરતે બીજી યુક્તિ પણ કામમાં લીધી છે. તમે જાણો છો કે, દૂધનું માખણ કરવા માટે આપણે પહેલાં તેમાં ખટાશ નાંખી તેનું દહીં બનાવીએ છીએ. ઉકરડાનું ખાતર વહેલું પકવવું હોય તો તેમાં આપણે થોડું પાકું ખાતર ભેળવીએ છીએ. તે જ પ્રમાણે શરીરમાં અન્ન સહેલાઈથી પચે અને તે છેવટે લોહીના રૂપમાં ફેરવાય એટલા માટે કુદરત તેમાં કેટલાક રાસાયણિક રસો રેડે છે.

પ્રથમ તો કોળિયો મોંમાં ચવાતો હોય તે વખતે તેની અંદર લાળ ભળે છે. તે એક રાસાયણિક રસ છે. આ રસ તાળવામાંથી અને જીભની નીચેની ગાદીમાંથી ઝરે છે. આથી કોળિયો લીસો થાય છે એટલું જ નથી, કેટલાંક અન્નનાં તત્ત્વો તેની અંદર ઓગળીને એક જાતની શર્કરાના રૂપમાં ફેરવાઈ જાય છે. જેમ જેમ કોળિયો ચાવો તેમ તેમ તેમાં ગળપણ આવે છે, એનો અનુભવ કોને નથી?

ત્યાર પછી હોજરીમાં ગયા પછી ત્યાં એક બીજો રસ ઉમેરાય છે. હોજરીની દીવાલોમાંથી તે ઝમે છે. એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીધે અન્નને આથો આવી તેના અણુ અણુ છૂટા થઈ પાચન સરસ થાય છે.

આગળ જતાં બીજા કીમતી રસો આંતરડાંમાં ગયા બાદ ભળે છે. એક રસ આંતરડાની પોતાની દીવાલમાંથી ઝરે છે. બીજો પિત્ત નામનો રસ કલેજામાં તૈયાર થઈને આવે છે. એ રસો ભળતાં મોટો ચમત્કાર બની જાય છે. અન્નમાંથી તૈયાર થયેલો રસ એકદમ લાલ લોહીમાં ભળવા લાયક થઈ જાય છે!

કેવી અદ્ભુત પાચન-ક્રિયા! તમે તકરાર કરશો કે, 'શા માટે આવું સુંદર અને જોવા જાણવા જેવું કાર્ય ઈશ્વર અમારાથી ગુપ્ત રાખીને કરે છે? અમારું પોતાનું જ શરીર, અને તેની અંદર શું ચાલે છે તે અમે જ દેખી શકીએ નહિ!' પણ તમે જુઓ છો કે, ડાહ્યો ઘડિયાળી પણ પોતાનાં નાજુક ચક્રો મજબૂત ડાબલીમાં બંધ કરીને જ તમારા હાથમાં મૂકે છે. ત્યારે તમારા શરીરનાં યંત્રો તો ઘડિયાળનાં ચક્રો કરતાં કેટલાંય વધારે નાજુક છે. ઈશ્વર તે તમને ખુલ્લાં, વગર ઢાંકયાં કેમ આપે? તે શું અણઘડ કારીગર છે? તે તો કારીગરોનોયે કારીગર છે. તેણે મજબૂત છતાં મુલાયમ ચામડીના ઢાંકણથી ઢાંકીને તમારું સુંદર, નાજુક, જીવતું શરીર તમને બક્ષ્યું છે.

તે શરીરને ઓળખો, એને ઓળખીને સાજું, તાજું, દૃઢ, કસાયેલું, સુંદર અને સ્ફૂર્તિલું બનાવો, જેથી સેવા કરવામાં તે સદા તમારી સેવામાં હાજર રહી શકે.

હાડપિંજરની રચના, રુધિરાભિસરણ, જ્ઞાનતંતુઓનું તંત્ર, એ વિષે પણ વિદ્યાર્થીઓને માહિતી આપો. જુઓ શ્રી. દેસાઈભાઈ ના. પટેલ કૃત 'માનવદેહ–મંદિર'.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૪ મો

અભરામ પટેલની ખેતી

ઉસ્તાદ — અભરામ પટેલ, સલામ.

અભરામ પટેલ — ઓહો ઉસ્તાદજી, આઈએ. આજ કંઈ છોકરાંને લઈને નીકળી પડ્યા છો!

ઉસ્તાદ — હા પટેલ, આ નિશાળિયાઓ આજે તમને થોડી તસ્દી આપવા આવ્યા છે. એકાદ કલાક ફુરસદ કાઢી શકશો?

અભરામ — જરૂર જરૂર, છોકરાઓ હોંશભર્યા આવ્યા તો કાંઈ ના પડાય? બોલો બેટાઓ, મારી પાસે શું માગો છો?

ઉસ્તાદ — એ લોકો તમારી ખેતીવાડી બાબત સવાલો પૂછવા આવ્યા છે. એમને ખેતીવાડીનો અભ્યાસ કરવાનો છે. તમારા જેવા શાણા ખેડૂત પાસેથી શિખાય તે બીજે ક્યાંથી મળે?

અભરામ — ભલે, ત્યારે પૂછો તમારી મરજીમાં આવે તે. આ હું બેઠો. અને તમે પણ આ શેતરંજી ઉપર બેસો.

છોકરા વારાફરતી પૂછવા લાગ્યા અને અભરામ પટેલ જવાબ દેવા લાગ્યા, અને છોકરાઓ તે નોંધી લેવા લાગ્યા.

સવાલ — આપનું પૂરું નામ?

જવાબ — અભરામજી ઈસપજી પટેલ.

સવાલ — ઉંમર?

જવાબ — ૪૮.

સવાલ — રહેવાસી?

જવાબ — આ ગામના જ તો! લખો લીલાપુર.

સવાલ — ધંધો?

જવાબ — ખેતી.

સવાલ — ઘરમાં કામ કરી શકે તેવા મરદ કેટલા?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાબ — ત્રણ : હું, મારો ભાઈ અને મારો દીકરો.

સવાલ — અને ઓરતો ?

જવાબ — ત્રણ : મારી ઓરત, મારા ભાઈની ઓરત અને મારી મોટી દીકરી.

સવાલ — આપને જમીન કેટલી ?

જવાબ — ૫૭ વીઘાં.

સવાલ — એકરમાં કહી શકશો ? વીઘાં તો નાનાં મોટાં હોય છે.

જવાબ —આપણા ગામમાં દોઢવીઘાંનો એકર ગણાય છે.

સવાલ — ત્યારે તો ૩૮ એકર થાય, ખરું ને ? હવે આમાં જરાયત, ક્યારી અને પીત નોંધાવશો ?

જવાબ — હા, નોંધો. હું તો વીઘાં લખાવીશ. ૪૨ વીઘાં જરાયત છે, ૧૦ વીઘાં ક્યારી છે, અને ૫ વીઘાંમાં પીત કરીએ છીએ.

સવાલ — ઓણ સાલ શો શો પાક કર્યો છે ?

જવાબ — હા લખાવું. પહેલાં જરાયત લો. ૨૬ વીઘાંમાં જુવાર કરી છે. એમાં એક ચાસ તુવેરનો નાંખ્યો છે. પછી ૧૦ વીઘાંમાં કપાસ કર્યો છે, અને બાકી ૬ વીઘાં રહ્યાં તેમાં તલ નાંખ્યા છે. અમારે ખેડૂતને તેલ વેચાતું લાવવું કાંઈ પાલવે ? અને અમને બજારનું તેલ ભાવે પણ નહિ.

સવાલ — હાજી. હવે ૧૦ વીઘાં ક્યારીનું લખાવો.

જવાબ — ક્યારીમાં ડાંગર છે. તેમાં ૬ વીઘાંમાં તળાવનું પાણી લઈ શકાય છે, એટલે કોલમની ડાંગર કરી છે, અને ૪ વીઘાંમાં કડા છે.

સવાલ — હવે પીતનું ?

જવાબ — પીત તો પાંચ વીઘાંમાં કરીએ છીએ. તેમાં દોઢ વીઘામાં શેરડી છે, ૧ વીઘામાં કાંદા છે, અને અડધા વીઘામાં મરચી, રીંગણી, ટામેટાં અને બીજી પરચૂરણ તરકારી કરી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સવાલ — અને ૨ વીઘાં રહ્યાં તેમાં ?

જવાબ—૨ વીઘાંમાં ગાય બળદ માટે લીલું ઘાસ નાખ્યું છે.

સવાલ — હવે કેટલું કેટલું પાકશે તે લખાવી શકશો ?

જવાબ — કેટલું પાકે તે તો ખુદાને હાથ છે. પણ અનુભવ ઉપરથી અંદાજ લખાવું.

જુવારનો ઉતારો એક વીઘામાં ૧૨ મણ ગણાય અને તુવેરનો ૫ મણ ગણાય. કપાસ સારો થાય તો વીઘે ૬ મણ ઉતરે. ડાંગર વીઘે ૪ હારા થઈ શકે. એક વીઘું શેરડીમાંથી ૧૫૦ મણ ગોળ ઉતરે. અને કાંદા એક વીઘામાં ત્રણેક ગાલ્લી પાકે. હવે કેટલું પાકે તેનો હિસાબ તમારી મેળે મૂકી લેજો.

છોકરાઓ — બસ, અમારું પત્રક પૂરું થયું. આપનો આભાર માનીએ છીએ.

અભરામ પટેલ — બસ, થાકી ગયા ? ઉપજ પૂછી, પણ ખર્ચ તો પૂછ્યું નહિ.

ઉસ્તાદ — આ તો નાનાં છોકરાંઓ છે ને. મોટા છોકરાઓને કોઈ વાર લાવીશું ત્યારે તમને થકવી દઈશું.

અભરામ — લાવજો લાવજો, અમે એમ થાકીએ નહિ.

ઉસ્તાદ — પણ એ લોકો તો તમને મૂંઝવે એવું પણ પૂછશે હોં. કરજ કેટલું છે એ પણ પૂછશે.

અભરામ — ઓહો. ભલેને પૂછે. અમારે ખેડૂતોને કંઈ છૂપું હોય નહિ. અમારો તો ઉઘાડો હિસાબ.

પછી અભરામજી પટેલે પોતાના દીકરાને હુકમ કર્યો, 'મહમદ, આ છોકરાઓને વાડીમાં લઈ જઈ શેરડી ખવડાવ.'

---

૧. આ પ્રકારની તપાસ ગામના ખેડૂતોની તેમ જ બીજા કારીગરોની કરવાની તાલીમ વિદ્યાર્થીઓને આપો.

૨. ગામનાં ખેતરોમાં થતા મુખ્ય પાકો એકરમાં કેટલા કેટલા થાય છે એના આંકડાઓ મેળવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૫ મો

કૃષિનું ગાન



कीचु कीचु बोले कोसनां पैडां,
गाय कृषिनां गान, होजी रे,
गाय कृषिनां गान. टेक०

धोरीने ललकारतो वरते बेसी हींचोळा खाय;
धरतीनां लई धावण खेडूत
पाण रोपाने पाय; होजी रे, पाण रोपाने पाय. कीचु०

रवि शशीनां तेज झीलीने, मोल वधे दिनरात;
वगडाना वा संग रमंता
मीठडी करता वात; होजी रे, मीठडी करता वात. कीचु०

धोळी गायना धोळा धमला, सुंदर एनां शींग;
चामर ढोळतां एनां पूंछडी
शोभती आखी सीम; होजी रे, शोभती आखी सीम. कीचु०

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

हाडने चाटती ठंडीमां ऊंचा सीमना स्वर सुणाय;
भांगती राते कूवाने थाळे
  पाणी खळ्ळळ थाय; होजी रे, पाणी खळ्ळळ थाय. कीचु०
धोम धखंता तापमां लेती धरती ऊना श्वास;
खेडूत त्यारे खंतथी देतो
  हळना ऊंडा चास; होजी रे, हळना ऊंडा चास. कीचु०
आभथी अनराधार पडे जळ, सडाका करती वीज;
खेतर गारा खूंदतो त्यारे
  खेडूत वावे बीज; होजी रे, खेडूत वावे बीज. कीचु०
धरतीनां धन पामवा खेडूत करतो काम अथाक;
जीवनी पेठे जाळवेला शा
  ऊतरे उत्तम पाक! होजी रे, ऊतरे उत्तम पाक. कीचु०
धोरी, धरा ने खेडूतनां तप सौमां पूरे प्राण;
एनी तृप्ति थकी जग आखुं
  थातुं तृप्तिमान; होजी रे, थातुं तृप्तिमान. कीचु०

त्रिभुवन व्यास

ધોરી=બળદ.
વરત=કોસનો જાડો દોર.
ધરતીનાં ધાવણ=ધરતી માતાનું દૂધ—કૂવામાંનું પાણી.
પાણ પાવું=વાડીને પાણી આપવું.
ધોળા ધમલા=ધોળા રૂના ગાભા જેવા બળદ.
હાડ ચાટતી ઠંડી=ઠેઠ હાડકાંમાં પેસી જાય એવી ટાઢ.
અનરાધારે=મુસળધાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૬ મો

અબ્બાસ સાહેબ

મુંબઈનાં જૂનાં ખાનદાનોમાં તૈયબજી ખાનદાન આગળ પડતું છે. તૈયબજી કુટુંબ પરદેશી કાપડનો વેપાર કરી સધન થયું, પણ તે ખાનદાનની ખરી પ્રતિષ્ઠા તો તેણે સારા સારા દેશસેવકો પેદા કર્યા તેનાથી છે.

હિંદુસ્તાનના પ્રસિદ્ધ આગેવાન બદરુદ્દીન તૈયબજી આ જ ખાનદાનમાં થઈ ગયા. તેઓ ઈ. સ. ૧૮૮૭ની મહાસભાના પ્રમુખ થયા હતા. તેઓ મુસલમાનોના જ નહિ પણ આખા દેશના આગેવાન હતા.

અબ્બાસ તૈયબજી પણ આ જ કુટુંબના નબીરા હતા. કુટુંબના સંસ્કાર, સુધારકપણું, દેશસેવાની ભાવના, એ ગુણો તેમનામાં પૂરેપૂરા ઊતર્યા હતા. તેઓના મનમાં પણ હિંદુ મુસલમાન એવો ભેદ જરા પણ હતો નહિ. એક હિંદી તરીકે તે પોતાનાં સર્વ દેશજનોની સેવા કરવા સદા તત્પર રહેતા, અને સૌના સરખા પ્રેમપાત્ર હતા.

તૈયબજી-કુટુંબ ચુસ્ત મુસલમાન છે. પણ તે ઘરમાં કે બહાર પડદો પાળવામાં માનતું નથી. પડદાની બેહૂદી પ્રથા છોડવા અને છોડાવવા આ ખાનદાન ઘણાં વર્ષથી આગેવાની લેતું આવ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અબ્બાસ સાહેબની યોગ્યતા જોઈ વડોદરાના શ્રી. સયાજીરાવે તેમને પોતાની નોકરીમાં ખેંચ્યા, અને ચડાવતાં ચડાવતાં પોતાના ન્યાયમંદિરના વડા ન્યાયાધીશ બનાવ્યા.

જલિયાંવાલાના અત્યાચારોએ આપણા દેશમાં ઘણાંનાં જીવન પલટી નાખ્યાં છે. અબ્બાસ સાહેબના જીવનમાં પણ તે બનાવે પલટો આણ્યો. ત્યારથી તેમનું દિલ બીજાં કામકાજમાંથી ઊઠી ગયું અને તેમણે દેશસેવામાં સીધું ઝંપલાવ્યું.

પંજાબના જલિયાંવાલા બાગમાં સરકારી ફોજે ગોળી ચલાવી સેંકડો માણસોની કતલ કરી. જલિયાંવાલા બાગની ભૂમિ ઉપર સૌ હિંદીઓનું નિર્દોષ લોહી એક સાથે વહ્યું અને એક થયું. આ અત્યાચારની તપાસ કરવા હિંદી રાષ્ટ્રીય મહાસભાએ એક રાષ્ટ્રીય પંચ નીમ્યું. તેમાં નિષ્પક્ષ ન્યાય તોળવા માટે પંકાયેલા દેશના મોટા મોટા આગેવાનોને નીમવામાં આવ્યા. ન્યાયમૂર્તિ અબ્બાસ તૈયબજીને પણ આ પંચમાં નીમવામાં આવ્યા હતા. આ પંચના બીજા સભ્યોમાં પંડિત મોતીલાલ નેહરુ, મહાત્મા ગાંધી, પંડિત મદનમોહન માલવીય, શ્રી. વિઠ્ઠલભાઈ પટેલ તથા શ્રી. જયકર હતા.

આ પંચે પંજાબમાં જઈ ભડકી ગયેલા લોકોને હિંમત આપી, અને પૂરી તપાસ કરી પોતાનો અહેવાલ દેશ આગળ અને સરકાર આગળ મૂક્યો, અને સરકારનો ગુનો પુરવાર કરી આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અન્યાય તો પુરવાર થયો, પણ તેનું નિવારણ કેમ થાય? સરકાર તો પોતાનો ગુનો કબૂલ કરી પ્રાયશ્ચિત્ત કરવા તૈયાર ન હતી. તેથી આ પંચમાં નિમાયેલા મહાન દેશભક્તોએ ઈશ્વરને સાક્ષી રાખી પ્રતિજ્ઞા કરી કે, "આવા અન્યાયો ફરીથી ન થાય એવી સ્થિતિ દેશમાં ન લાવીએ, અને લોકોના જાનમાલ સુરક્ષિત કરનાર સ્વરાજ્યની સ્થાપના ન કરીએ, ત્યાં સુધી અમારે માટે તમામ આરામ હરામ છે; ત્યાં સુધી અમે કોઈ જંપીને બેસનાર નથી."

અબ્બાસ સાહેબે તે દિવસથી પોતાનું આખું જીવન સ્વરાજ્યની લડતમાં કુરબાન કરી દીધું. તેમણે ધોળી ટોપી ધારણ કરી અને શુદ્ધ ખાદીની પ્રતિજ્ઞા લીધી, અને તે આખર સુધી પાળી.

પછી તો અબ્બાસ સાહેબ અસહકારની લડતમાં સામેલ થયા. લોકોમાં જાગૃતિ આણવા વયોવૃદ્ધ અબ્બાસ સાહેબ ગામડે ગામડે ઘૂમવા લાગ્યા. કામ કરતાં તેઓએ ન દેખ્યો દિવસ કે ન દેખી રાત. ગરીબ લોકોનાં ઝૂંપડાંઓમાં સૂએ, તેઓ આપે તેવો રોટલો ખાય, અને બધી જાતની અગવડો આનંદથી ઉઠાવે.

ઈ. સ. ૧૯૩૦માં ગાંધીજીએ પૂર્ણ સ્વરાજ્યની લડત ઉપાડી. સવિનય ભંગ માટે તેમણે આખી પ્રજાને અકારો એવો મીઠાનો કાયદો પસંદ કર્યો. તેનો ભંગ કરવા ગાંધીજી સાબરમતી આશ્રમથી કૂચ કરી દાંડીને સમુદ્ર-કિનારે પહોંચ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અબ્બાસ સાહેબથી હવે કેમ રહેવાય? તેઓ ગાંધીજીને મળવા દોડી દોડી આવ્યા. ગાંધીજીએ તેમને પોતાની સત્યાગ્રહી ટુકડીના સેનાપતિ નીમ્યા.

ધારાસણાના અગર લૂંટવા ગાંધીજી નીકળ્યા, એટલે તેમને સરકારે પકડી લીધા. અબ્બાસ સાહેબે તેમની જગા લઈ ધારાસણા તરફ કૂચ ચાલુ રાખી. સરકારે તેમને પણ પકડી જેલમાં પૂરી દીધા. અબ્બાસ સાહેબે એ જેલ હસતાં હસતાં ભોગવી, અને નાના મોટા બધા દેશસેવકો સાથે સમાન ભાવે રહી સૌનાં હૃદય જીતી લીધાં.

આમ સેવા કરતાં કરતાં અબ્બાસ સાહેબ ૮૦ વર્ષની ઉંમરે પહોંચ્યા ત્યારે આખા ગુજરાતે એમને 'બુઝુર્ગ જુવાન' કહીને નવાજ્યા, અને પ્રેમના ઊભરાથી તેમની જયન્તી ઊજવી.

નિર્મળ રહેણી અને ખુશમિજાજ સ્વભાવને કારણે અબ્બાસ સાહેબ જીવ્યા ત્યાં સુધી શરીરે તંદુરસ્ત રહ્યા. ૮૩ વર્ષની લાંબી આવરદા ભોગવી, હિમાલયના ખોળામાં મસૂરી ખાતે તેમણે દેહ છોડ્યો. એ રૂપેરી દાઢી અને એ હસતો ચહેરો ગુજરાતમાં કદી ભુલાશે નહિ.

ખાનદાન=કુટુંબ.

બુઝુર્ગ જુવાન=ઘરડા છતાં જુવાન.

અબ્બાસ સાહેબનો જન્મ ઈ. સ. ૧૮૫૪માં અને મૃત્યુ ઈ. સ. ૧૯૩૬માં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૭ મો

હૈયાની હોડલી

मारी हैयानी होडली नानी, सागरराज धीरा वहो!
एमां जोजो भराय ना पाणी, सागरराज धीरा वहो!

एने सढ ने सुकान नथी कोईनां रे,
में तो शुकननी वेळा जोई ना रे;

मन आव्युं ने होडी छोडी मेली, सागरराज धीरा वहो!
मारे संगी न साथी कोई बेली, सागरराज धीरा वहो!

वाय वेगे समीर बहार चारे दिशे,
रात अंधारी, वाट मने ना रे दीसे;

ध्रुवताराने जोई तोय हांकुं, सागरराज धीरा वहो!
मारे जावानी दिश याद राखुं, सागरराज धीरा वहो!

સોમાભાઈ ભાવસાર

બેલી = મદદગાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૩૮ મો

ગુલિસ્તાનનાં ગુલ

૧. વિદ્વાન થવાની ચાવી

એક હતો મોટો વિદ્વાન.

લોકોએ તેને પૂછ્યું: 'આપ આવા મોટા વિદ્વાન શી રીતે થયા?'

વિદ્વાને ઉત્તર આપ્યો: 'હું જે વસ્તુ જાણું નહિ તે બીજાને પૂછતાં હું કદી શરમાતો નથી તેથી.'

૨. ખાવાની રીતો

ડાહ્યો માણસ ધીમે ધીમે ખાય છે.

સાધુ પુરુષ અર્ધો ભૂખ્યો રહે છે.

યોગી જન દેહ ટકાવવા પૂરતું જ ખાય છે.

જુવાન જોધ ભાણામાં હોય તેટલું બધું ઉડાવી જાય છે.

બુઢ્ઢો માણસ પરસેવો છૂટે ત્યાં સુધી ખાયા કરે છે.

પણ અકરાંતિયો માણસ એટલું બધું ખાય છે કે શ્વાસને આવવા જવાની જગ્યા પણ રહેવા દેતો નથી.

આવા અકરાંતિયાની રાત બેઉ રીતે ઊંઘ વિનાની જાય છે. ખાવાનું પામ્યો હોય તો પેટ સજ્જડ થવાથી તેની રાત ઊંઘ વિનાની જાય છે; અને ખાવાનું પૂરતું પામ્યો ન હોય તો ભૂખના દુઃખથી તેને ઊંઘ આવતી નથી.

૩. પરનિન્દા

મને યાદ છે કે, એક વાર બચપણમાં હું આખી રાત કુરાન પઢતો જાગતો બેઠો હતો. પાસે જ કેટલાક લોકો પડ્યા પડ્યા મોટેથી નસકોરાં બોલાવતા ઊંઘતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં મારા પિતાજીને કહ્યું, 'જુઓ ને, આ લોકો કેવા છે? નમાજ પડવી તો બાજુએ રહી, પણ કોઈ માથું પણ ઊંચું કરતો નથી!'

પિતાજીએ જવાબ દીધો: 'બેટા, તું પણ ઊંઘી ગયો હોત તો સારું થાત, કારણ કે આવા પરનિન્દાના પાપથી તું બચી જાત.'

૪. હાતિમતાઈ

દાનેશ્વરી હાતિમતાઈને કોઈએ પૂછ્યું: 'દુનિયામાં તમારા કરતાં ચડે એવો કોઈ દાતા તમે જોયો છે?'

હાતિમતાઈએ કહ્યું: 'હા, એક કઠિયારો. એક દિવસ મેં મોટી મિજબાની આપી હતી. તે દિવસે મારે કંઈક કામ પ્રસંગે જંગલમાં જવાનું થયું. જંગલમાંથી એક કઠિયારો લાકડાંનો ભારો લઈને આવતો હતો. મેં તેને પૂછ્યું: ભાઈ, હાતિમનો મહેમાન કેમ બની જતો નથી? આજે એને ત્યાં મોટી મિજબાની છે. દેશભરના લોકો આજે તેને ત્યાં પરોણા છે.'

કઠિયારાએ જવાબ આપ્યો: 'જે પોતાના પરસેવાની રોટી ખાય, તે શા સારુ હાતિમની આગળ હાથ લાંબો કરવા જાય?'

૫. એક રસિક વાત

એક ઘણું ઉદાર અને આનંદી કુટુંબ હતું.

તેને ત્યાં એક ભૂખ્યો ફકીર આવી ચડ્યો.

તે વખતે ઘરનું બધું મંડળ એકઠું મળી હાસ્ય-વિનોદ કરી રહ્યું હતું. દરેક જણ કંઈક કંઈક ગમતની વાત કાઢી સૌને હસાવતું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફકીર બહુ જ થાકેલો અને ભૂખ્યો હતો. તેનું મન એમના હાસ્ય-વિનોદમાં કેમ કરીને ચોંટે?

ઘરમાંથી એક જણે એને કહ્યું, 'સાંઈ, આપ પણ કંઈક રસ પડે એવી વાત કરોને.'

ફકીર બોલ્યો: 'મારામાં બીજાઓ જેટલી રસિકતા તો નથી, પણ આ પળે મને ભારેમાં ભારે રસની એક બાબત લાગે છે, અને આશા છે કે આપ સૌને પણ તેમાં રસ પડશે જ. તે બાબત એ છે કે, મને ભૂખ લાગી છે.'

ફકીરની વાત સાંભળી ઘરવાળાં સમજી ગયાં. તેમણે હાંસીઠઠ્ઠા મૂકી તરત ફકીર માટે ભાણાની તૈયારી કરવા માંડી.

ઘરધણીએ કહ્યું: 'બાબા, જરા સબૂર કરો. મારો નોકર મિષ્ટાન્ન બનાવીને હમણાં લાવે છે.'

ફકીરે કહ્યું: 'મિષ્ટાન્ન માટે મને ખોટી કરવાની કંઈ જરૂર નથી. ભૂખ્યા માણસને માટે લૂખી રોટી પણ મિષ્ટાન્ન તુલ્ય જ છે.'

૬. નૌશેરવાન

ઈરાનનો ન્યાયી શાહ નૌશેરવાન એક દિવસ જંગલમાં શિકાર ખેલવા ગયો. ત્યાં ખાણું તૈયાર કરવામાં નિમકની જરૂર પડી. નોકરને કહ્યું: 'પાસેના ગામે જઈ નિમક લઈ આવ. પણ જોજે, કિંમત આપ્યા વિના ન લાવતો, નહિ તો ગામ ઉજ્જડ થઈ જશે.'

નોકરે પૂછ્યું: 'ચપટી નિમક લાવતાં ગામ કેવી રીતે ઉજ્જડ થઈ જશે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૌશેરવાને જવાબ આપ્યો: 'જો રાજા પોતાની પ્રજાની વાડીમાંથી એક ફળ તોડી ખાય, તો નોકર લોકો આખું ઝાડ મૂળ સોતું ખોદીને ખાઈ જાય.'

૭. બાયજીદ

બાયજીદનું નામ અતિથિસત્કાર માટે ઘણું જાણીતું છે.

એક વાર કોઈ એક બુજરગ ડોસો તેને ઘેર આવી ચડ્યો. તેને ભૂખ્યો જાણી બાયજીદે તરત તેને માટે ભાણું મંગાવ્યું.

પેલો બુઢ્ઢો તો ભાણું આવ્યું તેવો જ ખાવા વળગી ગયો. 'બિસ્મિલ્લાહ' બોલવા જેટલી પણ ધીરજ તે રાખી ન શક્યો.

મુસલમાનને શોભે નહિ તેવું તેનું આચરણ જોઈ બાયજીદ ઘણો જ નારાજ થયો.

'સાચો મુસલમાન આવો હોય નહિ. તારા જેવા ભટકતાને ખવડાવવું એ તો પાપ છે,' એમ કહી તેણે તે બુઢ્ઢાને પોતાના ઘરમાંથી કાઢી મૂક્યો.

તે વખતે આકાશવાણી થઈ: 'વિચાર કર, ઓ બાયજીદ! એ બુઢ્ઢો ગમે તેવો હોવા છતાં મેં સિત્તેર વર્ષ સુધી તેનું પોષણ કર્યું, પણ તારાથી તેને એક દિવસ પણ પોષી ન શકાયો!'

મહાત્મા શેખ સાદી નાના નાના સચોટ ટુચકાઓથી ઉપદેશ આપતા. મોટાં ભાષણો એક કાનમાંથી બીજા કાનમાં પસાર થઈ જાય, પણ આ ટુચકાઓ તો સોંસરા ઊતરી જાય. તેમણે પોતાના પુસ્તકને નામ આપ્યું છે – ગુલિસ્તાન. ગુલ એટલે ફૂલ અને ગુલિસ્તાન એટલે ફૂલવાડી.

બિસ્મિલ્લાહ=અલ્લાના નામથી (શરૂ કરું છું.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પાઠ ૩૯ મો

તારા

लाख लाख तारला ऊगे आकाशमां;
ऊगे आकाशमां रे, देवोना वासमां. लाख लाख तारला०
दिनने तो एक आंख, रातने असंख्य आंख;
लाख लाख आंखडी जागे आकाशमां. लाख लाख तारला०
क्रोड क्रोड कोडियां, ते पर पतंगियां;
लाख लाख आगिया ऊडे आकाशमां. लाख लाख तारला०

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



जाई ने जुई केरा, जाणे चंपाना तोरा;

लाख लाख मोगरा फूटे आकाशमां. लाख लाख तारला०

अप्सरानी ओढणीए, गूंथेली बांधणीए;

लाख लाख आभलां ओपे आकाशमां. लाख लाख तारला०

आकाशी गंग कांठे, उत्सव शो आज राते;

लाख लाख दीवडा दीपे आकाशमां. लाख लाख तारला०

५०

બાંધણી=તારાઓ જેવાં ટપકાં ટપકાંની ભાતવાળી સાડી. રંગતાં પહેલાં કપડાની ચપટીઓને સૂતરથી બાંધી દેવામાં આવે છે, જેથી એટલો ભાગ કોરો રહી જાય છે. તેથી એનું નામ બાંધણી પડ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ્રસૂર્યના આકાશી માર્ગમાં આવતાં ૨૭ નક્ષત્રોમાંનાં ઘણાંખરાં આ બે નકશાઓમાં બતાવ્યાં છે, તેમની ઓળખ વિદ્યાર્થીઓને કરાવો. તેમનાં નામ અને અનુક્રમ યાદ રાખી લેવાથી આકાશમાં સફર કરવી સુગમ થઈ પડશે.

પાઠ ૪૦ મો

કુદરતનો કારીગર



કેટલાંક પશુપક્ષીઓ અને ઝીણાં જન્તુઓ ખડાં કારીગરો હોય છે. તેમની કારીગરી જોઈ આપણા કારીગરોને પણ શરમથી માથું નીચું કરવું પડે. તેઓ પોતાનાં રહેઠાણો કેવી હોશિયારીથી બનાવે છે, એ ખરેખર જોવા જેવું છે. અને ખૂબી તો એ છે કે, તેમની પાસે ઓજારોમાં કુદરતનાં આપેલાં પગ અને મોઢું જ માત્ર છે.

આ પાઠમાં કુદરતના એક કારીગરની કારીગરીનો ચિતાર આપ્યો છે. તે આપણાથી અજાણ્યો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરોળિયો આપણાં ઘરના કોઈક અવાવરુ ખૂણાઓમાં રોજ પોતાની અદ્‌ભુત જાળ વણતો જ હોય છે.

પણ આપણને એના કામનું અવલોકન કરવાનું સૂઝતું નથી. આંખ હોવા છતાં આપણે જોવા જેવું જોતા નથી. વિદ્યાર્થીઓ આ કારીગરને ઓળખ્યા પછી પોતાની આંખો વાપરતાં શીખે, અને કુદરતના એના જેવા બીજા અનેક કારીગરોને શોધી કાઢે.

આપણો જૂનો જાણીતો છ-પગો કરોળિયો પોતાની સુંદર જાળ ઉપર છ પગ પસારીને કેવો મોજથી બેસે છે! આસપાસ ઊડતી માખી-બાઈને તે કેવો ભાવભીનો આવકાર આપે છે: 'આવો જી, મારા રમ્ય મહાલયમાં પધારો જી!'

તમે એમ તો નથી જ માનતા ને કે, આ રમ્ય મહાલયની તેને ઈશ્વરે તૈયાર બક્ષિસ આપી હશે? ઈશ્વરે તો તેને છ પગ આપ્યા છે, તેના પેટ નીચે તાંતણા કાઢવાનાં પાંચ છિદ્રો આપ્યાં છે, અને જોઈએ તેવી જાળ રચવાની અક્કલ આપી છે. એ બધાનો ઉપયોગ કરી કરોળિયાએ પોતાને હાથે, અથવા કહો કે પોતાને પગે, જાળ બનાવી લીધી છે.

જાળનું અવલોકન કરતાં જણાશે કે, તેમાં જુદા જુદા આંકના તાંતણા વપરાયેલા છે. ચાર બાજુઓની ચાર ઈસો ઘણી જાડી અને મજબૂત છે. જાળના આરાઓ તેના કરતાં કંઈક ઝીણા આંકના છે, અને ગોળ વાણાનો તાંતણો સૌથી બારીક છે. પેટ નીચે પાંચ નાનાં મોટાં છિદ્રો છે, તેમાંથી કરોળિયો જરૂર પ્રમાણે જુદા - જુદા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંકના તાર કાઢી લે છે. પોતાના પાછલા બે પગથી તે તાંતણાને ખેંચતો જાય છે અને જ્યાં ચોંટાડવો હોય ત્યાં ચોંટાડે છે.

જાળ બાંધવી હોય ત્યારે કરોળિયો પ્રથમ ચાર મજબૂત ઈસો સ્થાપન કરે છે. એ કામ તેને માટે ખરું મહેનતનું છે. સામસામા બે થાંભલા કે ભીંતોને ઈસનો દોર કેવી રીતે બાંધવો? પ્રથમ તો તે એક થાંભલે ચડે છે, ને તેને તારનો છેડો ચોંટાડે છે. પછી ત્યાંથી નીચે ઊતરી તેને બીજે થાંભલે ચડવું પડે છે. તારનો છેડો પણ એ સાથે સાથે જ લેતો જાય છે, અને જેમ જેમ આગળ ચાલે તેમ તેમ તેને લાંબો ને લાંબો કાંતતો જાય છે. જો પવનથી કે આપણા જેવા મોટા પ્રાણીના હાથ-પગથી તાર તૂટી જાય, તો તે બિચારાને ફરીથી બધી મહેનત કરવી પડે છે.

એમ ચાર ઈસો તૈયાર થયા પછી કરોળિયો ઉપરની ઈસે ચડી, ઈસની અધવચમાં તાર ચોંટાડી, ત્યાંથી નીચેની ઈસ ઉપર ઊતરે છે. પોતાના તાર ઉપર લટકીને નીચે ઊતરતા કરોળિયા તો તમે જોયા જ હશે. તેઓને ઈશ્વરે એમ ઊતરવાની બહુ સારી આવડત આપી છે.

જાળનો આ પહેલો આરો થયો. હવે તેના મધ્ય બિન્દુમાં તાર ચોડી ત્યાંથી તે ઈસ પર જશે, અને એક આરો ચોડશે. વળી કેન્દ્રમાં પાછો જઈ બીજો આરો લઈ જઈને બીજી ઈસે ચોડશે. એમ ઘણી વાર ચડ ઊતર કર્યા પછી તેના બધા આરાઓ તૈયાર થાય છે. વણાટની ભાષામાં આ આરાઓને તાણા કહી શકાય.

હવે ગોળ વાણો પૂરવાનું બાકી રહ્યું. એક આરાથી બીજા આરા ઉપર ત્રાંસે પગે મોટી ફલંગ ભરવી તેને માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુશ્કેલ નથી. આગળ જતાં આરાઓ પહોળા થાય છે. પણ શી ચિન્તા છે? પ્રથમના વણાટ ઉપર હવે તો તે ચાલી શકે તેમ છે.

તમે કબૂલ કરશો કે, જાળ રચવાનું કામ જેવું કારીગરીનું તેવું જ મહેનતનું પણ છે. અને કરોળિયો કેટલી ચપળતાથી અને ઉત્સાહથી પોતાનું કામ કરે છે! આખી જાળ રચતાં તે એક કલાકથી વધારે વખત લેતો નથી.

જાળ જો પવનથી બહુ ડોલતી હોય, તો કેન્દ્રમાંથી એક મજબૂત તાર લટકાવી તેને છેડે કરોળિયો કંઈક કાંકરા કે ડિંગલાનું વજન ટીંગાડે છે.

આમ ઘણી મહેનતે જાળ તૈયાર કર્યા પછી કરોળિયો કેન્દ્રમાં જઈ, આરાઓ ઉપર પગ પસારી બેસી રહે છે. કોઈ વાર તો તે નજીકની કોઈ તરાડમાં જઈને ભરાઈ રહે છે. ત્યાંથી તે એક ખાસ તાર પોતાની જાળ સાથે જોડેલો રાખે છે. જાળમાં જન્તુ સપડાય કે તરત કરોળિયાને તેની બાતમી તારના હાલવાથી મળી જાય છે.

ખેતરોમાં અને વાડીઓમાં, ઝાડોની ડાળીઓમાં, વાડોમાં અને ભોંય પર, જ્યાં જોશો ત્યાં કરોળિયાની જાળો ફેલાયેલી દેખાશે. તેમાં સપડાઈને અસંખ્ય વનસ્પતિ-ભક્ષક જન્તુઓ નાશ પામે છે. ખેડૂતો આ જાણે તો તેઓ કરોળિયાઓનો આભાર માન્યા વિના ન રહે.

---

૧. રચાતી જાળની જુદી જુદી સ્થિતિઓ અનુક્રમે બતાવતાં ચિત્રો આપ્યાં છે. તે પાઠમાંનું વર્ણન સમજવામાં મદદ કરશે.

૨. જેમની કારીગરીનું અવલોકન કરવા જેવું છે, અને વિદ્યાર્થીઓને પોતાની આજુબાજુમાં નજર કરતાં સહેજે અવલોકન કરવા જે મળી શકે તેવા છે, તેવા કારીગરોમાં સુઘરી, ઊધઈ અને મધમાખીને ગણાવી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪૧ મો

દૃષ્ટાંતો

૧. વાઘના બચ્ચાનું દૃષ્ટાંત

એક ભરવાડ જંગલમાં બકરાં ચરાવતો હતો. ત્યાં તેણે એક નાનુંશું વાઘનું બચ્ચું જોયું. બચ્ચું રેઢું હતું અને ભૂખે મરતું લાગતું હતું. તેનાં માબાપને કોઈ શિકારીએ ઠાર કર્યાં હશે. ભરવાડને દયા આવવાથી તેણે તે બચ્ચાને ઉપાડી લીધું અને પોતાની બકરી દોહી તેને દૂધ પાયું.



પછી તો તે બકરાં ભેગું રહેવા લાગ્યું. પોતે વાઘનું બચ્ચું છે એનું એને ભાન પણ ન રહ્યું. તો પછી કોઈને કરડવાની તો વાત જ કેવી? તે માનતું કે પોતે કાબરું બકરું જ છે.

એક વાર જંગલના કોઈ વાઘે તેને બોલાવીને કહ્યું: 'અરે, તું તો વાઘ છે; આ બકરાં ભેગું રહેતાં તને શરમ નથી આવતી? મારી પાસે જંગલમાં આવતું રહે.'

કાબરું બચ્ચું બોલ્યું: 'તું મને ફસાવી મારી નાખવા માગે છે. હું ક્યાં વાઘ છું? હું તો કાબરું બકરું છું.'

વાઘે તેને ઘણા ઘણા પુરાવા આપી સમજાવ્યું: 'જો, તારી ચામડી ને મારી ચામડી સરખી છે. બકરાંની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચામડી કંઈ આવી ચટાપટાવાળી હોય છે? તારા દાંત ને મારા દાંત જો. તારા પંજા ને મારા પંજા જો.

'વળી આવ, આ કૂવામાં આપણાં મોઢાં સરખાવી જોઈએ. આપણાં બંનેનાં મોં સરખાં છે કે નહિ?'

કાબરા બકરાને હવે કંઈક કંઈક શક પડવા મંડયો. છેવટે જંગલના વાઘે બકરું મારી લાવી તેનું માંસ એને ચખાડયું. બસ, હવે એ બચ્ચાનો સ્વભાવ જાગ્રત થયો. ત્યારથી તેની આંખ ફરી, તેનો રુઆબ ફર્યો, તેની ગર્જના ફરી, તેની દોડ ફરી ગઈ. તેથી હવે તેને જોઈ બકરાં નાસવા મંડયાં.

આપણે પણ બળવાન આત્મા છીએ, પણ આપણને તેનું ભાન નથી. આપણે માનીએ છીએ કે, આ તુચ્છ શરીર તે આપણે છીએ. કોઈ ગુરુ મળે તો આપણી આંખ ઊઘડે અને આપણો મૂળ સ્વભાવ જાગ્રત થાય.

૨. બાગનું દૃષ્ટાંત

દાન મારફત પ્રભુને સેવો. અને જ્યારે તમે સુપાત્રને દાન આપો તે વખતે કચવાટનો બોલ બોલીને કે મનમાં પણ કચવાટનો વિચાર આણીને તમારા દાનને મેલું ન કરો.

અલ્લાએ તમને જરા પણ કચવાટ વગર છૂટે હાથે આપ્યું છે, તો તમે પણ છૂટે હાથે આપો.

ખુદાને ખાતર ગરીબો ઉપર રહેમ કરવી, એને માટે બાગનો દાખલો આપવામાં આવે છે.

ટેકરીની ખીણમાં એક બાગ છે. મુસળધાર વરસાદ પડે છે. બધું પાણી ક્યારાઓમાં સારી રીતે સાચવવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે. મધુરું મધુરું ઝાકળ પણ પડે છે. ખેતરોના દાણા અને બાગનાં ફળ એકનાં દસ દસ થાય છે.

જેના હૃદયમાં ગરીબ માટે રહેમ નથી, લોકો વાહ વાહ કરે તે ખાતર જે દાન આપે છે, તેનું હૃદય ટેકરીની ધાર ઉપરની વાડી જેવું છે. તેના ઉપર કસદાર માટીનું પડ મૂળે જ ઓછું છે, અને તે પણ વરસાદમાં ધોવાઈ જાય છે. એટલે પાછળ કસ વિનાનો, રસ વિનાનો, લૂખો સૂકો પથ્થર જ રહી જાય છે.

બોલો ત્યારે, તમે આવા પથ્થરમાં બી વાવશો કે રસાળ બાગમાં? તમારે સૂકાંભઠ ખેતરો જોઈએ છે કે સુંદર મધુર દ્રાક્ષના માંડવાઓની શીતળ વાડી?

ખુદાએ તમને આપ્યું છે તેમ તમે તમારા ભાઈઓને આપી રાજી થાઓ, એ જ ખુદાની સેવા.

૩. હાથી અને આંધળાઓનું દૃષ્ટાંત

એક વાર જુદા જુદા મતના પંડિતો ભેગા મળી વાદે ચડચા. એક કહે, મારો મત સાચો; બીજો કહે, મારો મત સાચો. એક કહે, તારો ગુરુ ખોટો; બીજો કહે, નહિ નહિ, તારો ખોટો.



આ ઉપરથી ભગવાન બુદ્ધે એક કથા કહી:

જૂના વખતમાં એક નગરમાં કોઈ રાજા થઈ ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે પોતાના પ્રધાનને હુકમ કર્યો, 'આપણી રાજધાનીમાં જેટલા આંધળા હોય તે બધાને ભેગા કરો.'

થોડા જ વખતમાં રાજાના આંગણામાં આંધળાઓનું ટોળું ભેગું થયું.

પછી રાજાએ હાથીશાળાના મહાવતને હુકમ કર્યો, 'એક ગરીબ હાથી લાવીને અહીં ખડો કરો. આપણે આ ભાઈઓને હાથી બતાવવો છે.'

મહાવતે તે આંધળાઓના ટોળાની વચમાં હાથી ઊભો કર્યો.

આંધળાઓ હાથ ફેરવી ફેરવીને હાથીને જોવા લાગ્યા. પછી રાજાએ તેમને પૂછયું, 'કેમ, તમે હાથી જોયો કે?'

'હા. મહારાજ!' આંધળાઓએ જવાબ આપ્યો.

રાજા — તો હવે કહો, આંધળા ભાઈઓ, હાથી કેવો છે?

જે આંધળાએ હાથીના માથા ઉપર હાથ ફેરવ્યો હતો, તે આગળ આવી બોલ્યો, 'મહારાજા! હું કહું હાથી કેવો છે તે? આપણા ઘરમાં પાણીનો ઘડો હોય છે ને, તેના જ જેવો હાથી છે.'

એટલામાં બીજો આંધળો આગળ આવી બોલ્યો, 'મહારાજ, એ તો કંઈક વિચિત્ર જ વાત કરે છે. ખરું પૂછો તો હાથી સૂપડા જેવો છે.'

આ આંધળાએ હાથીના કાન ઉપર હાથ ફેરવ્યા હતા.

પણ ત્યાં તો જે આંધળાઓએ હાથીના પગ પકડ્યા હતા, તે બોલી ઊઠ્યા, 'મહારાજ, એ લોકો તો સાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટાઢા પહોરની હાંકે છે. એ લોકો ગમે તેમ બકે છે. અમે આપને ખરેખરું કહીશું. હાથી ઝાડના થડ જેવો છે.'

પછી તો શરીર પર હાથ ફેરવનારાઓએ હાથીને ભીંત જેવો કહ્યો; પેટ પર હાથ ફેરવનારાઓએ તેને છાપરા જેવો કહ્યો; અને પૂછડું તપાસનારે તકરાર ઉઠાવી કે, નહિ, નહિ, હાથી તો દોરડા જેવો છે.

આમ તે આંધળાઓમાં હાથી કેવો છે તે સંબંધમાં ભારે તકરાર મચી. તકરાર વધતાં તેઓ મુક્કામુક્કી પર આવ્યા, અને તેમાંથી લાતંલાતા ઉપર ઊતર્યા.

રાજાને અને તેના પ્રધાનોને મોટો તમાશો જોવા મળ્યો.

બુદ્ધ ભગવાને કહ્યું, 'આ તમે પંડિતો પણ પેલા આંધળાઓ જેવા જ છો.'

૪. રાજા અને તેના કારભારીનું દૃષ્ટાંત

એક રાજાને ત્યાં ઘણા કારભારીઓ હતા. એક દિવસ રાજાએ તેમનો હિસાબ લીધો ત્યારે ખબર પડી કે, એક કારભારી પાસે રાજ્યનું દશ હજાર મહોરનું લેણું નીકળે છે. રાજાએ તેને તે ભરી દેવા હુકમ કર્યો, પણ તે ભરી શક્યો નહિ. ત્યારે રાજાએ તેને તથા તેનાં સ્ત્રી છોકરાંને બંદીખાને નાખવાનો હુકમ કર્યો. તે સાંભળી કારભારી રડી પડ્યો, અને રાજાને ચરણે પડી કાલાવાલા કરવા લાગ્યો. તેણે નોકરી કરી કરજ વસૂલ કરી આપવા વચન આપ્યું. આથી રાજાને દયા આવી, અને તેણે તેને માફી બક્ષી, અને તેને ફરીથી કામે લીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી એક વાર તે કારભારીનું તેના એક ગુમાસ્તા પાસે સો દીનારનું લેણું નીકળ્યું. કારભારીએ તે વસૂલ કરવા તેને ફટકાવ્યો, અને તેનું ગળું ઝાલી ધમકાવ્યો કે, 'હમણાં ને હમણાં મારા પૈસા ભરી દે.' પણ પેલો ગુમાસ્તો આપી શકે તેમ ન હતું. તે પગે પડી આજીજી કરવા લાગ્યો કે, 'મને વખત આપો, હું નોકરી કરી બધું ભરી દઈશ.' પણ કારભારીને દયા આવી નહિ, અને તેણે તેને બંદીખાને મોકલ્યો.

રાજાને જ્યારે આ વાતની ખબર પડી, ત્યારે તેણે એ કારભારીને બોલાવી મંગાવ્યો અને કહ્યું: 'અરે દુષ્ટ, તારા કાલાવાલા સાંભળી મેં તને તારું બધું દેવું માફ કરી દીધું, પણ તને એક નજીવી રકમ માટેયે તારા સાથી પર દયા ન આવી? તું દયાને પાત્ર નથી, માટે તારું દેવું તું ચૂકતે ન કરે ત્યાં સુધી હું તને કોટવાળને હવાલે કરું છું.'

આમ જો તમે તમારા ગુનેગારોને માફી નહિ આપો, તો ભગવાન તમને કેમ માફી આપશે? માટે મોટું મન રાખી માફી આપો. એક વાર નહિ પણ સાત વાર માફી આપો. સાત વાર શું? સિત્તેર ગુણ્યા સાત વાર માફી આપો.

આ ચાર દૃષ્ટાંતો અનુક્રમે હિંદુ, ઇસ્લામી, બૌદ્ધ અને ખ્રિસ્તી ધર્મશાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪૨ મો

ના હઠવું

डगलुं भर्युं के ना हठवुं, ना हठवुं;
वेण काढ्युं के ना लटवुं, ना लटवुं. डगलुं०

समजीने तो पगलुं मूकवुं, मूकीने ना बीवुं;
जवाय जो नहि आगळ, तोये फरी न पाछुं लेवुं. डगलुं०

ज्यां ऊभा त्यां चोंटी रहीने, वचन लेवुं सबळुं;
आभ पडो के पृथ्वी फाटो, तोय न करीए नबळुं. डगलुं०

फतेह करीने आगळ वधशुं, अथवा अहींयां मरशुं;
पण लीधेलुं ते पाळीशुं, रे वज्जरनुं करशुं. डगलुं०

કવિ નર્મદ

---

૧. કવિ નર્મદનો જન્મ ઈ. સ. ૧૮૩૩માં અને મૃત્યુ ૧૮૮૬માં.

૨. આ સુધારક કવિનાં બીજાં કેટલાંક જોસભર્યાં ગીતો આ વાચનમાળાની આગળની ચોપડીઓમાં આવે છે, તે વિદ્યાર્થીઓને સંભળાવો. 'વીર નર્મદ' નામે પુસ્તકમાં તેમના જીવનનો વૃત્તાંત પણ મળશે. તેમની આત્મકથા 'મારી હકીકત' નામથી લખેલી પણ મળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઠ ૪૩ મો

હું કેવી રીતે ભણ્યો ?

૧

અમે ઘણાં ગરીબ હોવાથી મારી માએ મને કોલસાની ખાણમાં કામ અપાવ્યું હતું. મને ભણવાની બહુ હોંશ હતી. સગવડ મળતી ત્યારે હું રાત્રિશાળામાં જતો.

એક દિવસે ખાણના અંધારામાં મેં કોઈ બે માણસોને છાના છાના વાતો કરતા સાંભળ્યા. તેમની વાતમાં મને રસ પડ્યો. હું તેમની નજીક જઈ ગુપચુપ સાંભળવા લાગ્યો.

એક જણ બીજાને આવું કહેતો હતો : ' હબસી લોકો માટે હમણાં જ હેમ્પ્ટન ઉદ્યોગ- તથા કૃષિ-શાળા નામે નવી શાળા નીકળી છે. એ શાળામાં ગરીબ અને લાયક વિદ્યાર્થીઓ કામ કરી પોતાનો ખર્ચ કાઢી શકે છે, અને સાથે સાથે કંઈક ઉદ્યોગ ધંધો પણ શીખી શકે છે.'

આ હેમ્પ્ટન શાળા ક્યાં હશે અને કેટલે દૂર હશે એની ત્યારે મને કશી કલ્પના નહોતી. પણ તે દિવસથી હું માનવા લાગ્યો કે, આ શાળા પાસે સ્વર્ગ પણ તુચ્છ છે; અને મેં મનમાં નિશ્ચય કર્યો કે, ગમે તેમ કરીને મારે ત્યાં જવું જ. પણ એ નિશ્ચયને મારે બે અઢી વર્ષ સુધી મનમાં ને મનમાં સંઘરી રાખવો પડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવામાં મારી માને ખબર પડી કે, પડોશમાં રહેતાં મિસિસ રફનર નામનાં બાઈને ઘરકામ માટે એક છોકરાની જરૂર છે. હબસી નોકરોને એ બાઈનો બહુ કડવો અનુભવ હતો. તે ઘણી જ કડક સ્વભાવની હોવાથી તેને ત્યાં કોઈ નોકર ટકતો નહિ. છતાં કોલસાની ખાણ કરતાં આ ઘરકામ સારું એમ સમજી, મારી માએ મને આ નવી નોકરીમાં રખાવ્યો.

મિસિસ રફનરની કડકાઈ વિષે મેં ઘણું ઘણું સાંભળ્યું હતું. તેથી તેની પાસે ગયો ત્યારે હું ખરેખર ધ્રૂજતો હતો. પણ તેના હાથ નીચે થોડાં અઠવાડિયાં કાઢ્યાં પછી મને તેનો સ્વભાવ સમજાઈ ગયો. ઘરની તમામ વસ્તુઓ ખૂબ જ ચોખ્ખી અને વ્યવસ્થિત રાખવી જોઈએ, દરેક કામ કાળજીથી અને ચપળતાથી કરવું જોઈએ, ઝીણામાં ઝીણી વાતમાં પણ બેદરકારી ન રાખવી જોઈએ,—આ બધી બાબતો ઉપર રફનર બાઈનો ભારે આગ્રહ હતો.

ઘણા જ થોડા વખતમાં મારી બીક ઊડી ગઈ. હું વિશ્વાસપાત્ર છું એમ ખાતરી થતાં, તે મારા ઉપર વિશ્વાસ રાખવા લાગી. પછી તો તે મને એકાદ કલાક ગામની શાળામાં ભણવા જવાની પણ છૂટ આપવા લાગી.

આમ બાઈ રફનરને ત્યાં મારું ઠીક ગોઠવાયું હતું, છતાં હેમ્પ્ટન ઉદ્યોગશાળા મારા મનમાંથી ખસી નહોતી. છેવટે બે અઢી વર્ષે જવાની તારીખ નક્કી થઈ. હું ભણવા જાઉં એ મારી માને ગમતું હતું, પણ હું એટલે દૂર અજાણ્યા દેશમાં શી રીતે જઈ શકીશ એ વિચારે તે બાપડી ઘણી જ ગભરાતી હતી. છતાં કાલાવાલા કરી તેની મોંની રજા તો મેં મેળવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને ખરું ઉત્તેજન તો પડોશમાં રહેતા હબસી ઘરડેરાઓએ આપ્યું. તેમણે મારી પીઠ થાબડી એટલું જ નહિ, પણ મને થોડા થોડા પૈસાની ભેટો પણ આપી.

૨

છેવટે તે સોનાનો સૂરજ ઊગ્યો, અને હું હેમ્પ્ટન જવા નીકળ્યો. મળ્યાં તેટલાં કપડાં એક ઝોળીમાં ભરી લીધાં. હું નીકળ્યો તે વખતે મારી માની તબિયત સારી નહોતી; તે અશક્ત થઈ ગઈ હતી. તેનું મોં હું ફરીથી જોવા પામીશ કે નહિ, એવી મને શંકા હતી. તેથી વિયોગ ઘણો જ વસમો લાગતો હતો. પણ ભલી માએ હિંમત રાખી મને હસીને વિદાય કર્યો.

મારા ગામથી હેમ્પ્ટન ૫૦૦ માઈલ દૂર હતું. તે વખતમાં રેલગાડી બધા દેશમાં થઈ નહોતી. કેટલોક ભાગ ટપ્પાઓમાં અને કેટલોક ચાલતા જવાનું હતું. મારી પાસે ભાડાના પૂરતા પૈસા પણ નહોતા. વળી મારી ચામડી કાળી, એટલે પણ જ્યાં જાઉં ત્યાં મને લોકો ઊભો રહેવા ન દે. આ લાંબી મુસાફરીમાં ઘણા દિવસ મારે ભૂખે ગાળવા પડેલા, અને ઘણી રાત્રિઓની ઠંડીમાં મારે આમ તેમ ચાલીને શરીરમાં ગરમી લાવવી પડેલી.

એમ કરતો કરતો હું રિચમંડ નામના શહેરમાં પહોંચ્યો. હેમ્પ્ટન હજુ ૮૨ માઈલ છેટે હતું. હું બરાબર મધરાતે આ શહેરમાં પહોંચ્યો. આ પહેલાં હું કોઈ મોટા શહેરમાં કદી ગયેલો નહિ, એટલે મારી મૂંઝવણનો પાર નહોતો. શહેરની દુકાનોમાં સરસ સરસ ખાદ્ય પદાર્થો દેખાતા હતા, પણ મારા ખીસામાં પાઈ પણ રહી નહોતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાકયો પાકયો અને ભૂખ્યો હું, શહેરની એક પાયવાટને છેડે, મારી ઝોળીનું ઓશીકું કરી સૂઈ રહ્યો. સહેજસાજ અજવાળું થતાં આંખ ઊઘડી તો મેં જોયું કે, નજીકમાં એક મોટું જહાજ હતું અને તેમાં ભરેલું લોખંડ ઉતારવાનું કામ ચાલી રહ્યું હતું. મને વિચાર આવ્યો કે, ત્યાં જઈ મજૂરી મેળવું અને ખોરાક પૂરતા થોડા પૈસા કમાઈ લઉં. પછી તો મેં ઘણા દિવસ ત્યાં મજૂરી કરી અને થોડું થોડું બચાવી હૅમ્પ્ટન સુધી જવા જેટલી વાટ-ખર્ચી એકઠી કરી.

છેવટે હું હૅમ્પ્ટન પહોંચ્યો. જ્યારે મને ઈંટોથી ચણેલી ત્રણ મજલાની એ શાળાનું પ્રથમ દર્શન થયું, ત્યારે મને લાગ્યું કે, મારો બધો શ્રમ આજે સફળ થયો.

૩

પછી પહેલામાં પહેલી તકે હું એ સંસ્થાની મુખ્ય શિક્ષિકાને મળ્યો, અને મને શાળાના કોઈ પણ વર્ગમાં દાખલ કરવાની તેમને વિનંતી કરી. મને ઘણા દિવસથી પૂરતું ખાવા મળ્યું ન હતું, તેમ જ નાહવા ધોવાનું પણ ઠેકાણું ન હતું, તેથી પ્રથમ દર્શને હું એમના ઉપર સારી છાપ પાડી શક્યો નહિ. તેમણે મને કેટલોક વખત સુધી હા કે ના કંઈ કહ્યું નહિ. હું બેસી રહ્યો હતો તે દરમિયાન બીજા કેટલાક વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવ્યા તે મેં જોયું, ત્યારે તો મને બહુ જ દુઃખ થયું. આમ નિરાશામાં ઝોલાં ખાતો હું બેઠો હતો ત્યાં શિક્ષિકાએ મને કહ્યું : 'છોકરા, આ પાસેની ઓરડી વાળવાની છે. સાવરણી લઈને તે વાળી નાખ જોઉં.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ હુકમ સાંભળતાં હું તરત ઊભો થયો. મને હવે તક મળી છે એમ મને લાગ્યું. આટલી આનંદદાયક આજ્ઞા મને જિંદગીમાં કોઈ દિવસ મળી નહોતી. રફનર બાઈને ત્યાં સફાઈ અને વ્યવસ્થાની મને તાલીમ મળી હતી તે મને આજે ફળી. મેં તે ઓરડી ત્રણ વાર વાળી. પછી લૂગડાના કકડા વડે ચાર વાર તેને ઝાટકી નાખી. ખુરસી, ટેબલ, બાંકડા, કબાટ — તમામ રાચરચીલું મેં ચાર વાર લૂગડું ફેરવી ફેરવીને લૂછી કાઢ્યું. વળી દરેક વસ્તુને ખસેડી તળેની જગ્યા પણ સાફસૂફ કરી, અને ખૂણાખાંચરા પણ વાળી ઝૂડી સ્વચ્છ કર્યા.

વાળવાનું કામ પૂરું કરી મને પોતાને સંતોષ થયો એટલે મેં જઈને શિક્ષિકાને ખબર આપી. તેણે એ ઓરડીમાં આવી જમીન, રાચરચીલું વગેરે બધું તપાસ્યું. ત્યાર પછી પોતાનો હાથરૂમાલ લઈ થાંભલા, ટેબલ, ખુરસી વગેરે પર ઘસી જોયો. જ્યારે તેને જમીન ઉપર કે લકડી સરસમાન ઉપર ક્યાંય ધૂળની રજ સરખી દેખાઈ નહીં, ત્યારે તે બાઈ શાંતિથી બોલી, 'મને લાગે છે કે આ શાળામાં દાખલ થવાને તું લાયક છે.'

મને તે સાંભળી કેટલો આનંદ થયો! મને એમ જ લાગ્યું કે, આ જગતમાં હું સૌથી મોટો ભાગ્યશાળી છોકરો છું. આ પછી જિંદગીમાં મેં ઘણી પરીક્ષાઓ પસાર કરી છે, પણ તે બધીમાં ઉત્તમમાં ઉત્તમ પરીક્ષા આ જ હતી, એમ મને હમેશાં લાગ્યું છે.

હબસીઓના કુલગુરુ બૂકર ટી. વૉશિંગ્ટને ગુલામીમાંથી છૂટા થયા પછી શિક્ષણની પોતાની ભૂખ કેવી રીતે ભાગી તેનો અનુભવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વમુખે આ પાઠમાં વર્ણવ્યો છે. તેમના જીવનની તથા ગુલામીપ્રથાને અંગે અમેરિકામાં થયેલી યાદવાસ્થળીની વધારે વિગતો માટે ૭મી ચોપડીનો પાઠ ૫૮ મો જુઓ.

પાઠ ૪૪ મો

મુલકનો ઘાટ



तमे आवो एरण घण लावो,
ने ईंधणां लावो, मुलकनो घाट घडवा;
साथे धमती धमणो लावो,
अगन चेतावो, मुलकनो घाट घडवा.
कंईक लोढां कचाटां अहीं पडयां,
एने तापमां नाखी तावो,
ने खूब टिपावो, मुलकनो घाट घडवा.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

बहु छूटाछवाया छे टुकडा,
एने एक रसमां उकळावो;
ने ढाळा ढळावो, मुलकनो घाट घडवा.

कंईक पडया नकामा काट खाता,
एना काट हवे उखडावो;
ने तेजी लावो, मुलकनो घाट घडवा.

कंईक सोना रूपामां सलवाणा,
एना मोह बधा मुकावो,
ने श्रम परखावो, मुलकनो घाट घडवा.

अरे, लाट बनीने लाखो पडया,
एने कृषिने कामे लगावो,
ओजारो बनावो, मुलकनो घाट घडवा.

एने घर धंधानां राच करो,
एने त्राक तकलीमां लावो,
सूतर कंतावो, मुलकनो घाट घडवा.

एनां अणघड अंगोने घडवा,
करी करीने घणना घावो,
सिकल बदलावो, मुलकनो घाट घडवा.

त्रिभुवन व्यास

ચિત્રમાંના લુહારો હિંદુસ્તાનરૂપી લોઢાનો ઘાટ ઘડી રહ્યા છે.

गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, એ જો ધ્યાનમાં ન લેવાય તો પાઠ્યપુસ્તકનો એક કીમતી ગુણ નાશ પામે અને તેટલે અંશે તેની કેળવણી-શક્તિ હણાય. આ માળામાં આ ગુણ સાચવવાનો પણ પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આ ચોપડીના પાઠોમાં વિદ્યાર્થીઓને વાચનનો આનંદ પૂરતા પ્રમાણમાં મળી રહેશે. પણ કેવળ વાચનનો આનંદ પૂરો પાડવો એટલો જ તેનો હેતુ નથી. આ પાઠો વિદ્યાર્થીઓમાં કામકાજ, સેવા આદિ વિવિધ પ્રવૃત્તિઓ માટે ઉત્સાહ જન્માવે, તેમનામાં ઉચ્ચ ભાવનાઓ પ્રેરે અને ઉમદા ટેવોનાં બી વાવે, એવી આશા પણ સેવવામાં આવી છે.

વાચનમાળાના આ હેતુઓ ઉત્સાહી શિક્ષકો દ્વારા જ પાર પડી શકે. પાઠોને અન્તે નાનાં બીબાંમાં કેટલીક સૂચનાઓ મૂકવામાં આવી છે, તે તેમને માટે છે.

આ ચોપડી તૈયાર કરવામાં અનેક લેખકો, કવિઓ અને શિક્ષકોએ અનેક રીતે મદદ કરી છે. તે સૌ ભાઈબહેનોનો સંસ્થા વતી આભાર માનું છું.

આશા છે કે, ગુજરાતના શિક્ષકોને અને વિદ્યાર્થીઓને આ ચોપડી ગમશે અને તેઓ તેને અપનાવશે.

ગૂ૦ વિ૦ કાર્યાલય
તા. ૧૦-૩-'૪૨

મગનભાઈ પ્ર. દેસાઈ
મહામાત્ર

પહેલી આવૃત્તિ ૧૯૪૨, પ્રત ૨૫૦
બીજી આવૃત્તિ ૧૯૪૨, પ્રત ૧૦,૦૦૦
પુનર્મુદ્રણ ૧૯૪૪, પ્રત ૮,૦૦૦
,, ૧૯૪૫, પ્રત ૮,૦૦૦
,, ૧૯૪૬, પ્રત ૧૬,૦૦૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આઠ આના　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　જૂન, ૧૯૪૬

મુદ્રક અને પ્રકાશક: જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ,
નવજીવન મુદ્રણાલય, કાળુપુર, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar